અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

04 FEBRUARY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 213 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  'આધાર-ડિજિટલ પેમેન્ટથી ભ્રષ્ટાચાર અટક્યો, પાકિસ્તાન પણ શીખે': વર્લ્ડ બેંકના ચેરમેન અજય બંગા.....

4  વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

6  શું T20 વર્લ્ડ કપ 2026માં એક પણ મેચ રમ્યા વગર પાકિસ્તાન બોયકોટ કરી શકે?

7  સેન્સેક્સમાં 2,073 પોઈન્ટની તેજી, કારણ-ટ્રમ્પે ટેરિફ ઘટાડ્યા: 83,739 પર બંધ, નિફ્ટીમાં પણ 639 પોઈન્ટનો ઉછાળો

### રાહુલ ગાંધીને બોલવા નહીં દેતા વિપક્ષ લાલઘૂમ

# લોકસભા સ્પીકર પર કાગળ ફેંકનારા આઠ સાંસદ સસ્પેન્ડ

### સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ પેપર ઉછાળનારા સભ્યોને બાકીના સત્રોમાંથી સસ્પેન્ડ કરવા માટેનો પ્રસ્તાવ આપ્યા બાદ તેને ધ્વનિમતથી પાસ કરવામાં આવ્યો છે

**નવી દિલ્હી,તા.3**

લોકસભામાં આજે બીજા દિવસે પણ ભારે હંગામો ચાલી રહ્યો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીને સંસદમાં બોલતા અટકાવવાના વિરોધમાં વિપક્ષના કેટલાક સાંસદો નારાજ થયા હતા અને તેઓએ પીઠાસીન અધિકારી દિલીપ સૈકિયા તરફ કાગળો ફેંક્યા હતા. જેને લઈને વિપક્ષના આઠ સાંસદોને બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે.



હોબાળાના કારણે આજે લોકસભામાં સતત ત્રણ વખત કાર્યવાહી અટકાવી પડી હતી. ત્યારબાદ ત્રણ વાગે ચોથી વખત કાર્યવાહી શરુ કરવામાં આવી ત્યારે વિપક્ષના સભ્યો તરફથી પીઠાસીન અધિકારી તરફ પેપર ઉછાળવામાં આવ્યા હતા, જેને લઈને વિપક્ષના આઠ સભ્યોને બજેટ સત્રની કામગીરીમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે.

સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ પેપર ઉછાળનારા સભ્યોને બાકીના સત્રોમાંથી સસ્પેન્ડ કરવા માટેનો પ્રસ્તાવ આપ્યા બાદ તેને ધ્વનિમતથી પાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તાવ પસાર થયા છતાં વિપક્ષના સભ્યોએ તેમના પર કાગળો ફેંક્યા હતા.

વિપક્ષના સભ્યોની હરકતથી લોકસભામાં હોબાળો મચી ગયો છે. ત્યારબાદ પીઠાસીન અધિકારીએ નિયમ-૩૭૪ હેઠળ સાંસદો મણિકમ ટેગોર, ગુરજીત ઔજલા, રાજા વડિંગ, હિબી ઈડન, કિરણ રેડ્ડી અને વેંકટ રમનને બાકીના સત્રમાં સસ્પેન્ડ કરી દીધા છે.ઉલ્લેખનીય છે કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે સતત બીજા દિવસે સંસદમાં ભાષણ આપી શક્યા નહીં. તેઓ લોકસભામાં ડોકલામ તથા ચીનની ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવવા માંગતા હતા. રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન આજે સતત બીજા દિવસે ભારે હોબાળો ચાલી રહ્યો છે. રાહુલ બાદ સમાજવાદી પાર્ટી, તૃમણુલ કોંગ્રેસ પાર્ટી અને અન્ય વિપક્ષની પાર્ટીઓના સાંસદોએ બોલવાનો ઈન્કાર કરી દીધો હતો. સાંસદો રાહુલ ગાંધીના સમર્થનમાં આવી ગયા હતા અને પેપરો ઉછાળ્યા હતા. કે રાહુલ ગાંધીને લોકસભામાં બોલતા અટકાવવા સાથે સ્પીકરે આગામી વક્તાઓના નામ જાહેર કર્યા હતા. સમાજવાદી પાર્ટી, ટીએમસી અને અન્ય વિપક્ષી પક્ષોના સાંસદોએ પણ બોલવાનો ઈનકાર કર્યો હતો. ભારે હોબાળો થયો હતો. વિપક્ષી સાંસદો રાહુલ ગાંધીના સમર્થનમાં વેલમાં ધસી ગયા હતા અને સ્પીકરની ખુરશી તરફ કાગળો પણ ફેંક્યા હતા. હોબાળાથી કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી અને સ્પીકર કૃષ્ણ પ્રસાદ તેન્નેટીએ ગૃહને બપોરે ૩ વાગ્યા સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

વિપક્ષનો આરોપ છે કે તેમને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર બોલતા અટકાવવામાં આવી રહ્યા છે, જ્યારે શાસક પક્ષ તેને લોકશાહીનું અપમાન ગણાવે છે.

## I-PAC રેડ કેસ, સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી:હવે 10 ફેબ્રુઆરીએ થશે

### કોર્ટે કહ્યું હતું કે- બંગાળ સરકારે EDના કામમાં દખલ ન કરવી જોઈએ

**નવી દિલ્હી,તા.3**

ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (I-PAC) ના કોલકાતા કાર્યાલય પર પાડવામાં આવેલી રેડના મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી ગઈ છે. હવે 10 ફેબ્રુઆરીએ સુનાવણી થશે. આ રેડ કોલસા તસ્કરી કૌભાંડની તપાસમાં 8 જાન્યુઆરીએ કરવામાં આવી હતી. ED એ આ મામલે સુપ્રીમ કોર્ટમાં પશ્ચિમ બંગાળ સરકાર વિરુદ્ધ અરજી દાખલ કરી છે. આરોપ છે કે રેડ દરમિયાન CM મમતા ઘટનાસ્થળે બંગાળ પોલીસના અધિકારીઓ સાથે પહોંચ્યા અને પોતાની સાથે પુરાવા લઈને ચાલ્યા ગયા.

14 જાન્યુઆરીએ થયેલી સુનાવણીમાં જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે કહ્યું હતું કે સરકારે ED ના કામમાં દખલ ન કરવી જોઈએ. એજન્સીને પોતાનું કામ કરવા દે. કોર્ટે ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ FIR પર પણ રોક લગાવી હતી. સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારને નોટિસ જાહેક કરીને 2 અઠવાડિયામાં જવાબ માંગ્યો હતો. 2 ફેબ્રુઆરીએ રાજ્ય સરકારે



નોટિસના જવાબમાં કહ્યું - એજન્સીની અરજી સુનાવણી યોગ્ય નથી. આ પ્રકારનો મામલો પહેલાથી કલકત્તા હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે, તેથી બે બંધારણીય અદાલતોમાં એક સાથે કાર્યવાહી થઈ શકે નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું- આ મામલે કેટલાક મોટા સવાલો છે, જેનો જવાબ ન મળે તો અરાજકતા ફેલાઈ શકે છે. જો કેન્દ્રીય એજન્સીઓ કોઈ ગંભીર ગુનાની તપાસ માટે ઈમાનદારીથી પોતાનું કામ કરી રહી છે, તો શું તેમને રાજનીતિ કરીને રોકી શકાય છે?

રાજ્ય સરકારે પોતાના જવાબમાં કહ્યું કે ED ને સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી દાખલ કરવાનો મૌલિક અધિકાર નથી. ED એ 8 જાન્યુઆરીના રોજ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના IT હેડ અને પોલિટિકલ કન્સલ્ટન્ટ ફર્મ (I-PAC) ના ડિરેક્ટર પ્રતીક જૈનના ઘર અને કંપની સાથે સંકળાયેલા સ્થળો પર દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીનો આરોપ છે કે આ દરમિયાન CM મમતા ત્યાં બંગાળ પોલીસના અધિકારીઓ સાથે પહોંચ્યા હતા અને પોતાની સાથે પુરાવા લઈને ચાલ્યા ગયા હતા. રેડ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી પહોંચ્યા અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને દસ્તાવેજો પોતાની સાથે લઈ ગયા. મમતા સાથે બંગાળના DGP પણ પોલીસ ટીમ સાથે પહોંચ્યા હતા. પોલીસે ED અધિકારીઓના મોબાઈલ છીનવી લીધા. CM મીડિયા સામે પણ ગયા. આ રીતે EDનું મનોબળ ઘટે છે. તેમના કામમાં અવરોધ આવે છે. અમે 14 જાન્યુઆરીએ હાઈકોર્ટમાં થયેલી સુનાવણીથી સંતુષ્ટ નથી. અમને ઘણી મુશ્કેલી પડી. સુનાવણી દરમિયાન વારંવાર માઈક બંધ થઈ રહ્યું હતું. કોર્ટમાં ભીડ એકઠી કરવા માટે બસ અને ગાડીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક્ટિંગ ચીફ જસ્ટિસને આદેશ આપવો પડ્યો કે વકીલો સિવાય કોઈને પણ એન્ટ્રી આપવામાં આવશે નહીં.

## 'અમેરિકા સાથે ટ્રેડ ડીલથી સારું વાતાવરણ બન્યું', NDA સાંસદોને સંબોધતાં બોલ્યા PM મોદી.....

**નવી દિલ્હી,તા.3**

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ટૅરિફ સોદાને લઈને સંસદ પરિસરમાં NDA સાંસદો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, લોકો ટીકા કરી રહ્યા હતા પરંતુ આપણે ધીરજ રાખી અને તેનું સકારાત્મક પરિણામ આવ્યું છે. પીએમ મોદીએ NDA સંસદીય દળની બેઠકમાં કહ્યું કે, તમામ સાંસદો સદનમાં હાજર રહે, ચર્ચામાં ભાગ લે તે જરૂરી છે. બજેટની ઉપલબ્ધિઓ અંગે જનતા વચ્ચે જાઓ અને તેમને જણાવો. પીએમ મોદીએ કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ થતાં વાતાવરણ સારું બન્યું છે.



હવે મેન્યુફેક્ચરિંગ વધે તથા ક્વોલિટી પ્રોડક્ટ બને તેવા પ્રયાસો શરુ કરવા જોઈએ. બજેટની લોકજાગૃતિ: બજેટની સિદ્ધિઓ લઈને જનતા વચ્ચે જાઓ અને તેમને તેની વિગતો જણાવો. આ બજેટ આગામી 25 વર્ષને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. મેન્યુફેક્ચરિંગ પર ભાર: અમેરિકી ટ્રેડ ડીલથી દેશમાં સારું વાતાવરણ બન્યું છે. હવે મેન્યુફેક્ચરિંગ વધારવું જોઈએ અને ક્વોલિટી પ્રોડક્ટ્સ બનાવવી જોઈએ. વૈશ્વિક વ્યવસ્થા: પીએમએ કહ્યું કે કોવિડ પછી વર્લ્ડ ઓર્ડર બદલાઈ રહ્યો છે અને આજે તે ભારતની તરફેણમાં વળી રહ્યો છે. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે, મોદીના નેતૃત્વમાં ભારતે યુરોપિયન યુનિયન, યુએઈ, મોરિશિયસ, ઓસ્ટ્રેલિયા, યુકે, ન્યુઝીલૅન્ડ અને અમેરિકા જેવા દેશો સાથે વેપાર કરાર કર્યા છે. આ કોઈ સામાન્ય સિદ્ધિ નથી; વિશ્વમાં ભારતનું કદ વધ્યું છે તેનું જ આ પરિણામ છે. માત્ર એક અઠવાડિયા પહેલા જ ભારત-યુરોપિયન યુનિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા અને હવે અમેરિકા સાથે પણ કરાર થયા છે.

# દેહરાદૂનમાં બસ ખીણમાં ખાબકી, 4ના મોત

### 5ની હાલત ગંભીર, 35થી વધુ ઘાયલ,પાંવટા સાહિબ જઈ રહી હતી, ટ્રકને સાઈડ આપવાના ચક્કરમાં ખીણમાં પડી

**દેહરાદૂન,તા.3**

દેહરાદૂનમાં હિમાચલ પ્રદેશની HRTC બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં 4 મુસાફરોના મોત થયા. જ્યારે 35થી વધુ લોકો ઘાયલ છે, જેમાંથી 5ની હાલત ગંભીર છે. મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. SDRFએ મૃતદેહોને બહાર કાઢ્યા છે.

અકસ્માત ત્યુણી વિસ્તારમાં થયો. સવારે લગભગ 10 વાગ્યે હિમાચલ પ્રદેશના નેરવા-ચૌપાલથી પાંવટા સાહિબ જઈ રહેલી HRTC ની બસ હરિપુર-ક્વાનુ મીનસ માર્ગ પર ક્વાનુ પાસે બેકાબુ થઈને ઊંડી ખીણમાં પડી ગઈ. અકસ્માત થતા જ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ અને ગ્રામજનોએ તેની જાણ પોલીસને કરી. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને બચાવ દળ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત તથા બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને બચાવીને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

સેનાનાયક અર્પણ યાદવંશીના આદેશ અનુસાર, SDRFની ટીમો પોસ્ટ ડાકપથ્થર, ચકરાતા, મોરી અને ત્યુણીથી તાત્કાલિક ઘટનાસ્થળ માટે રવાના કરવામાં આવી.

અકસ્માતનો ભોગ બનેલી HRTC બસનો નંબર HP-66A-2588 જણાવવામાં આવ્યો છે. દુર્ઘટનાની જાણ સૌથી પહેલા બસના કંડક્ટરે પોલીસને ફોન કરીને કરી હતી. HRTCની બસ સવારે લગભગ 6:30 વાગ્યે ચૌપાલ ડેપોથી નીકળી હતી. આ બસ પહેલા નેહવા પહોંચી હતી.

ત્યારબાદ મીનસ-ક્વાનુ-હરિપુર રૂટ પરથી પાવંટા જઈ રહી હતી. આ બસમાં 35થી વધુ મુસાફરો સવાર હોવાની વાત સામે આવી હતી.



### ટ્રકને સાઈડ આપવાના ચક્કરમાં અકસ્માત

માહિતી અનુસાર, મીનસ-ક્વાનુ-હરિપુર રોડ પર સુદોઈ ખડ પાસે ટ્રકને સાઈડ આપવાના પ્રયાસમાં આ અકસ્માત થયો છે. બસ રોડની કિનારી તરફ જતાં તેનું બેલેન્સ ખોરવાઈ ગયું. ખરેખર, બસના કારણે રોડનો ભાગ ધસી પડ્યો. આ કારણે મુસાફરોથી ભરેલી એચઆરટીસીની આ બસ ખીણમાં પડી ગઈ. ઘણા પલટા ખાધા પછી સીધી ઊંડી ખીણમાં ખાબકી હતી.

# મહારાષ્ટ્રમાં ભાજપના દિગ્ગજ નેતાના હેલિકોપ્ટરમાં આવી ટેક્નિકલ ખામી, મોટી દુર્ઘટના ટળી

**મુંબઈ, તા.03**

રાજ્ય મંત્રી અને ભાજપના નેતા પંકજા મુંડેની લાતુર યાત્રા દરમિયાન એક મોટી દુર્ઘટના ટળી હતી. મળતી માહિતી અનુસાર છત્રપતિ સંભાજીનગરથી લાતુર માટે ઉડાન ભરતા પહેલા જ પંકજા મુંડેના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જોકે, ઉડાન પહેલા જ ખામીની જાણ થઈ જતાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે, પરંતુ તેના કારણે તેમની નિર્ધારિત બેઠકોના કાર્યક્રમો ખોરંભે ચડ્યા છે.

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી પંકજા મુંડેના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી આવી છે. પંકજા મુંડે જ્યારે લાતુર જઈ રહ્યા હતા ત્યારે તેમનું હેલિકોપ્ટર ઉડાન ભરવાની તૈયારીમાં જ હતું. છત્રપતિ સંભાજીનગરથી ટેક-ઑફ કરતાં પહેલા જ ખામી પકડાતા પ્રવાસ કાર્યક્રમ સ્થગિત કરવો પડ્યો હતો. હવે પંકજા મુંડે બીજા હેલિકોપ્ટર દ્વારા મીટિંગમાં સામેલ થશે. ઉડાન પહેલા જ ખામીની ખબર પડી જવાથી મોટી હોનારત ટળી હતી.



પંકજા મુંડે હાલમાં જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચાર માટે સઘન પ્રવાસે છે. આજે એટલે કે મંગળવારે તેમને લાતુરમાં પ્રચાર માટે જવાનું હતું. છત્રપતિ સંભાજીનગરથી ઉડાન ભરવાની તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે પાયલટે હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી હોવાનું નોંધ્યું હતું. સાવચેતીના ભાગરૂપે ઉડાન તાત્કાલિક રદ કરવામાં આવી અને ટેકનિકલ ટીમ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી.

આ ટેકનિકલ ખામીને કારણે લાતુરમાં પંકજા મુંડેની જાહેર સભાઓનો સમય લંબાવવામાં આવ્યો છે. લાતુરમાં જ્યારે મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હતા ત્યારે આ સમાચાર મળતા થોડા સમય માટે ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું. જોકે, પંકજા મુંડે સુરક્ષિત છે અને તેમણે કાર્યકરોને ધીરજ રાખવા અપીલ કરી છે.

સમય બચાવવા અને નિર્ધારિત બેઠકો સમયસર પૂર્ણ કરવા માટે તાત્કાલિક અન્ય એક હેલિકોપ્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. પંકજા મુંડેના નજીકના સહયોગીઓએ માહિતી આપી છે કે તેઓ હવે બીજા હેલિકોપ્ટરથી લાતુર જવા રવાના થશે અને તમામ કાર્યક્રમોમાં હાજરી આપશે.

જિલ્લા પંચાયત ચૂંટણી અભિયાન દરમિયાન પંકજા મુંડેની રેલીઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે, અને આ ટેકનિકલ ખામી છતાં તેઓ પોતાનો પ્રવાસ ચાલુ રાખવા મક્કમ છે. નોંધનીય છે કે, આ ઘટના એવા સમયે બની છે જ્યારે થોડા દિવસો પહેલા જ એક પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારનું નિધન થયું હતું.



# અમદાવાદનું ગ્રીન કવર 12.5 ટકાએ પહોંચ્યું: બોપલ, ચાંદખેડા સહિત 9 વિસ્તારમાં સૌથી વધુ હવા પ્રદુષણ

■ **કન્સ્ટ્રક્શન સાઈટ પર એર સેન્સર અને સીસીટીવી ફરજિયાત**



**અમદાવાદ, તા.03**

દિન પ્રતિદિન હવા પ્રદુષણમાં વધારો થઈ રહ્યો છે. ચાલુ વર્ષે શહેરમાં હવા પ્રદુષણ ખૂબ વધ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર અમદાવાદ આવ્યા ત્યારે પણ અમદાવાદમાં હવા પ્રદુષણની સ્થિતિ ગંભીર બની હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં પ્રદૂષણના સ્થાનિક સ્ત્રોતોને ઓળખી સૌથી વધારે હવા પ્રદુષણ ફેલાતાં કુલ 9 હોટસ્પોટ વિસ્તારો ઓળખી કાઢવામાં આવ્યા છે. પિરાણા, રખિયાલ, રાયખડ, બોપલ, વટવા, એસ.પી.સ્ટેડિયમ, ચાંદખેડા, મણિનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 16 C&D વેસ્ટ કલેક્શન સેન્ટરો પણ છે. આ વિસ્તારોમાં વિશેષ મોનિટરિંગ સાથે ટાર્ગેટેડ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ તમામ જગ્યા ઉપર એર ક્વોલિટી સુધારવા માટેના પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

કન્સ્ટ્રક્શન સાઈટો પરથી ઉત્પન્ન થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા "Good Construction Practices Policy" અમલમાં મૂકાઈ છે. જેમાં 20,000 ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ એરિયા ધરાવતી સાઈટ્સ પર ડસ્ટ સેન્સર, એર ક્વોલિટી ડિસ્પ્લે અને CCTV ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મિસ્ટ મશીનનો ઉપયોગ કરવો તથા ખોદકામ દરમિયાન નીકળતી માટીને અથવા રેતી સંપૂર્ણ રીતે ઢાંકવી, સાઈટની આજુબાજુ બેરીકેટ અને ગ્રીટનેટની વ્યવસ્થા કરવી, સાઈટની અંદર આવવા જતા માર્ગોને યોગ્ય રીતે પેવ કરવા અને એન્ટ્રી એક્ઝિટ પર ટાયર વોશર સિસ્ટમ લગાવવાની રહેશે.

આ પોલિસી અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 140 કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર ડસ્ટ સેન્સર લગાવવામાં આવ્યા છે અને નિયમિત મોનિટરિંગ કરીને આવવામાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું કરવામાં આવે છે. એટલું જ નહીં વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર ગ્રીન નેટ લગાવવાનું પ્રમાણ પણ વધ્યું છે જેથી પેનલ્ટી કલેક્શન લઘુતમ થયું છે. આ પોલીસી અંતર્ગત 2024-25 દરમિયાન વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી રૂ. 1.71 કરોડ અને 2025-26માં આજદિન સુધી રૂ. 1.16 કરોડની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે.

C&D વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે 25 C&D કલેક્શન સેન્ટરો વિકસાવવામાં આવ્યા છે અને ગ્યાસપુર ખાતે 1000 TPD ક્ષમતાવાળો પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે. ડિસેમ્બર 2026 સુધીમાં વધુ 1000 TPD ક્ષમતાવાળો બીજો પ્લાન્ટ કાર્યરત થશે. આથી બાંધકામ કચરાના વૈજ્ઞાનિક નિકાલથી હવામાં ઉડતા ધૂળકણોમાં વધુ ઘટાડો થશે. નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) અને 15મા નાણાપંચ હેઠળ મળેલી ગ્રાન્ટના સદુપયોગથી શહેરમાં 16 ટ્રક-માઉન્ટેડ મીસ્ટ મશીનો કાર્યરત છે. તેમાંથી 6 મીસ્ટ મશીનો પિરાણા ડમ્પસાઈટ અને આસપાસના વિસ્તારોમાં સતત કાર્યરત છે, જ્યારે 10 મીસ્ટ મશીનો પ્રદૂષિત માર્ગોના રૂટ નિશ્ચિત કરી નિયમિત રીતે મિસ્ટિંગ કામગીરી કરે છે. આ ઉપરાંત પીએમ મીટિંગેશન માટે કુલ 62 મિકેનિકલ રોડ સ્વીપર મશીનો કાર્યરત છે.

અમદાવાદમાં જાહેર પરિવહન ક્ષેત્રે શહેરે ગ્રીન મોડલ અપનાવ્યો છે. AMTS અને BRTS મળી કુલ 1250 બસો ક્લીન ફ્યુઅલ પર કાર્યરત છે. જેમાં 1052 CNG અને 207 ઈલેક્ટ્રિક બસોનો સમાવેશ થાય છે. શહેરમાં 128 ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનો કાર્યરત છે અને સોલાર પાવર્ડ ચાર્જિંગ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ પહેલો વાહન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

પર્યાવરણ સંતુલન માટે શહેરમાં 303 ગાર્ડન્સ અને 118 અર્બન ફોરેસ્ટ વિકસાવવામાં આવ્યા છે. શહેરનું ગ્રીન કવર આશરે 12.5 ટકા સુધી પહોંચ્યું છે. "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ 2024-25માં 40 લાખથી વધુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. NCAP હેઠળ મળેલી રૂ. 652.22 કરોડની ગ્રાન્ટમાંથી 95.69 ટકા એટલે કે રૂ. 624.14 કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે,જે દર્શાવે છે કે આયોજન અને અમલ વચ્ચે સુમેળ છે અને પ્રદૂષણ નિયંત્રણ માટેના પ્રયાસો જમીન પર અસરકારક રીતે સાબિત થઈ રહ્યા છે.

વર્ષ 2030માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને પણ અમદાવાદ શહેરે સ્વચ્છ હવા અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટે વ્યાપક તૈયારીઓ પણ શરૂ કરી છે. અમદાવાદમાં આગામી સમયમાં મિસ્ટિંગ ક્ષમતા વધારવા, ગ્રીન ટ્રાન્સપોર્ટનો વિસ્તાર, C&D પ્રોસેસિંગ સુવિધાઓમાં વધારો અને ગ્રીન કવર વધારવાના પગલાંઓ દ્વારા શહેર "સ્વચ્છ હવા, સ્વસ્થ નાગરિક અને સસ્ટેનેબલ શહેરીકરણ"ના લક્ષ્ય તરફ આગળ વધશે.

# ચાર મહાનગરોમાં હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે

## સુરતમાં સૌથી વધુ 225 AQI નોંધાયો, સવાર અને સાંજના સમયે પ્રદૂષણનું પ્રમાણ વધ્યું



**ગાંધીનગર, તા.03**

રાજ્યના ચાર મોટા શહેરોમાં હવાની ગુણવત્તા ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. તાજેતરમાં નોંધાયેલા એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)ના આંકડાઓ અનુસાર રાજ્યના મુખ્ય મહાનગરોમાં હવા સ્વચ્છતા માપદંડથી ઘણી નીચે પહોંચી ગઈ છે, અને સવાર અને સાંજના સમયે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. જે સામાન્ય જનતા માટે ચિંતાજનક સ્થિતિ સર્જે છે.

અમદાવાદમાં AQI 186 નોંધાયો છે, જે 'મધ્યમથી ખરાબ' શ્રેણીમાં આવે છે. આ સ્તરની હવા લાંબા સમય સુધી શ્વાસમાં લેતાં શ્વાસનળી સંબંધિત તકલીફો, આંખોમાં બળતરા અને એલર્જી જેવી સમસ્યાઓ ઊભી કરી શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને શ્વાસના રોગોથી પીડાતા લોકો માટે આ પરિસ્થિતિ જોખમરૂપ બની શકે છે.

સુરત શહેરમાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી છે, જ્યાં AQI 225 નોંધાયો છે. આ આંકડો સ્પષ્ટ રીતે 'ખરાબ' શ્રેણીમાં આવે છે. નિષ્ણાતો મુજબ, આ સ્તરની હવા સ્વસ્થ વ્યક્તિઓ માટે પણ અસ્વસ્થતા પેદા કરી શકે છે, જ્યારે અસ્થમા અને હૃદયરોગના દર્દીઓ માટે ગંભીર અસર થવાની શક્યતા રહે છે. ઉદ્યોગો, વાહન વ્યવહાર અને બાંધકામ પ્રવૃત્તિઓને હવાના પ્રદૂષણનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં AQI 156 નોંધાયો છે. જો કે આ આંકડો અન્ય શહેરોની સરખામણીમાં થોડો ઓછો છે, તેમ છતાં તે પણ 'મધ્યમ' શ્રેણીમાં આવે છે. સતત વધી રહેલા વાહનોની સંખ્યા અને ધૂળકણના કારણે રાજકોટમાં પણ હવાની ગુણવત્તા પર અસર પડી રહી છે.

વડોદરા શહેરમાં AQI 181 નોંધાયો છે, જે ફરી એકવાર હવાના પ્રદૂષણ તરફ ઈશારો કરે છે. નિષ્ણાતો જણાવે છે કે શહેરમાં ટ્રાફિક, ઉદ્યોગો અને ઋતુગત પરિબળો હવાની ગુણવત્તા બગાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પર્યાવરણ નિષ્ણાતો અને આરોગ્ય વિભાગે લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે બહાર ફરવાનું ટાળવું, માસ્કનો ઉપયોગ કરવો અને શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવું એવી સલાહ આપવામાં આવી છે. સાથે જ સરકાર અને સ્થાનિક તંત્રને પ્રદૂષણ નિયંત્રણ માટે કડક પગલાં લેવાની જરૂર હોવાનું પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે. એકંદરે જોવામાં આવે તો રાજ્યના ચાર મોટા શહેરોમાં હવાની ગુણવત્તા હાલ ચિંતાજનક સ્તરે છે.

# ઉમરેઠના ધુળેટામાં આધેડની હત્યા કરનારા 6 આરોપીઓ જેલભેગા....

**આણંદ, તા.03**



ઉમરેઠમાં પરિણીતાને ન્હાતી જોવાના વ્હેમમાં બે મહિલા સહિત છ શખસોએ ભેગા મળીને આધેડને જમીન પર અને દીવાલમાં વારંવાર પછાડીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જેમાં ઉમરેઠ પોલીસે ગણતરીના કલાકમાં જ હત્યા સામેલ છ જણાંની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં કોર્ટે તમામને જેલમાં મોકલવાનો આદેશ કર્યો હતો. આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરેઠના ધુળેટા ગામ સ્થિત ઈન્દિરાનગરીમાં ચતુરભાઈ રોહિતના પત્ની ઉષાબેન બાથરૂમમાં ન્હાતા હતા. ત્યારે ચતુરભાઈએ આક્ષેપ કર્યો હતો કે તારાબેન રાજેશભાઈ રોહિતનો દીકરો આર્યન તેમની પત્ની ન્હાતા હતા ત્યારે ધાબા પરથી તેને જોતો હતો. જોકે, આ બાબત અંગે બંને પરિવાર વચ્ચે માથાકુટ થઈ હતી.

શરૂમાં સામાન્ય બોલાચાલી ઝઘડામાં પરિણમી હતી જેમાં ચતુર રોહિતનું ઉપરાણું લઈને તેમના પરિવારજનો જગદીશ ગણપત રોહિત, જિતેન્દ્ર જગદીશ રોહિત, રાકેશ જગદીશ રોહિત, ઉષા ચતુર રોહિત અને રતન જગદીશ રોહિત આવી ચઢ્યા હતા અને તમામ ભેગા મળીને રાજેશભાઈને પકડીને પહેલા જોરથી દિવાલ સાથે અથડાવ્યા હતા. તેમ છતાં તેમનો રોષ શાંત ન થતા, ચારેય જણાએ રાજેશભાઈને ઊંચકી-ઊંચકીને વારંવાર જમીન પર પછાડ્યા હતા. જેને કારણે રાજેશભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ઉમરેઠ પોલીસે બે મહિલા સહિત તમામ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તમામને જેલમાં મોકલવાનો આદેશ કર્યો હતો.

# પરીએજ વેટલેન્ડ ખાતે ચોથો 'સારસ ક્રેન ફેસ્ટિવલ' ઉજવાયો

## સારસ પક્ષીની સંખ્યા એક દાયકામાં 500થી વધી 1477 પર પહોંચી, પરીએજને રામસર સાઈટનો દરજ્જો અપાવવા હિલચાલ તેજ

**નડિયાદ, તા.03**



વિશ્વ વેટલેન્ડ્સ ડે નિમિત્તે ખેડા જિલ્લાના પરીએજ વેટલેન્ડ ખાતે ચોથા સારસ ક્રેન ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે પરીએજ વેટલેન્ડને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી રામસર સાઈટ તરીકે જાહેર કરવાના પ્રયાસો તેજ કરાયા હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

પરીએજને રામસર સાઈટનો દરજ્જો મળવાથી તેને આંતરરાષ્ટ્રીય સ્તરેથી વિશેષ ભંડોળ, સંભાળ અને આધુનિક સુવિધાઓ મળશે. આનાથી સારસ ક્રેન સહિતના યાયાવર પક્ષીઓના સંરક્ષણમાં મદદ મળશે.

વન વિભાગ અને UPL ના સંયુક્ત પ્રયાસોથી ગુજરાતમાં સારસ ક્રેનની સંખ્યામાં વધારો થયો છે. વર્ષ 2015-16માં રાજ્યમાં સારસની સંખ્યા 500 હતી, જે લોકભાગીદારી અને સંરક્ષણ કાર્યોને કારણે 2024-25માં વધીને 1477 થઈ છે.

IUCN ની રેડ લિસ્ટમાં સમાવિષ્ટ આ પક્ષીઓ મુખ્યત્વે ખેતરો અને જળાશયોમાં પ્રજનન કરે છે. તેમના કુદરતી આવાસને બચાવવા માટે સ્થાનિક સમુદાય અને ખેડૂતોના પરંપરાગત જ્ઞાનને પણ આ મહોત્સવમાં મહત્વ અપાયું હતું.

પર્યાવરણ જાળવણીનો સંદેશ ફેલાવવા માટે 15 શાળાઓ અને 3 કોલેજોના વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સારસના જીવનચક્ર પર આધારિત વિવિધ પર્ફોર્મન્સ અને ફોટો એક્ઝિબિશન રજૂ કર્યા હતા.

સારસ સંરક્ષણ કાર્યક્રમ હેઠળ હાલમાં 40 ગામોમાં 90 ગ્રામીણ સ્વયંસેવકોનું નેટવર્ક કાર્યરત છે. આ સ્વયંસેવકો ખેતરોમાં સારસના માળા, ઈંડા અને બચ્ચાને શિકારીઓ કે અન્ય જોખમોથી બચાવવાનું કામ કરી રહ્યા છે.

આ પ્રસંગે શ્રેષ્ઠ કામગીરી કરનારા ગ્રામજનો અને સ્વયંસેવકોનું સન્માન કરાયું હતું. જે ગ્રામજનોએ સૌથી વધુ સારસ અને તેમના માળાની વિગતો નોંધી હતી, તેમને 'ફ્રેન્ડ્સ ઓફ નેચર' ટ્રોફી અપાઈ હતી. ખેડાના પ્રાંત અધિકારી સૂરજ બારોટે જણાવ્યું કે, બાયોડાયવર્સિટી અને પર્યાવરણની સ્થિરતા માટે વેટલેન્ડ્સ અનિવાર્ય છે. તેમણે UPL અને સ્થાનિક સમુદાય દ્વારા કરાતા સંરક્ષણ કાર્યોની પ્રશંસા કરી હતી.

IUCN ના રિજનલ કાઉન્સિલર ડૉ. લીમાએ જણાવ્યું કે, સારસ ક્રેન ફેસ્ટિવલ પ્રજાતિઓના સંરક્ષણ માટેની કટિબદ્ધતા દર્શાવે છે. આ વર્ષે યુવા પેઢી અને સ્થાનિકોને ક્લાઈમેટ એક્શનમાં જોડીને અભિયાનને વધુ વ્યાપક બનાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રામસર સાઈટ એ યુનેસ્કો દ્વારા 1971 થી અમલમાં આવેલો એક વિશેષ દરજ્જો છે. પરીએજને આ યાદીમાં સ્થાન મળવાથી અહીં પક્ષી પર્યટન અને વૈશ્વિક સ્તરની સંરક્ષણ સુવિધાઓનો વિકાસ થશે, જેનાથી વિશ્વભરના પર્યાવરણ પ્રેમીઓની નજર આ વિસ્તાર પર રહેશે.

# કેન્સરનો દર્દી શરીરે કેમિકલ છાંટી અસારવા ચકલા પાસે પહોંચીને પોતાને આગ ચાંપી

**અમદાવાદ, તા.03**



અમદાવાદના અસારવા વિસ્તારમાં 2 ફેબ્રુઆરીના રાતના 9થી 10 વાગ્યાની આસપાસ જાહેરમાં આધેડ વયના કેન્સરના દર્દીએ પોતાના પર જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ ચાંપી હતી. આધેડને સળગાતો જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તરત જ તેમના ઉપર પાણી છાંટી આગને બુઝાવી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા આધેડને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં મોડીરાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે શાહીબાગ પોલીસને જાણ થતાં તેઓ દ્વારા અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન. ડી. નકુમે જણાવ્યું હતું કે આધેડ કેન્સરના દર્દી હતા અને બીમારીથી કંટાળીને તેણે જાહેરમાં આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, 2 ફેબ્રુઆરીના રોજ રાતના સમયે શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આવેલા આધેડ અસારવા ચકલા ખાતે જાહેરમાં આવીને અચાનક જ પોતાની પાસે રહેલી બીડી સળગાવી હતી. બાદમાં પોતાને પણ આગ ચાંપી દીધી હતી. આગ લાગેલી હાલતમાં જોતાં તાત્કાલિક સ્થાનિક લોકો દોડી ગયા હતા અને તેમનો જીવ બચાવવા માટે તેમના ઉપર પાણી છાંટી દીધું હતું. પાણી નાખીને આગ બુઝાવી દીધી હતી, પરંતુ આધેડ ગંભીર રીતે દાઝી ગયા હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મોડીરાતે સિવિમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

સ્થાનિક સૂત્રો મુજબ, જે આધેડ દ્વારા આપઘાત કરવામાં આવ્યો છે તે અગાઉ અસારવા વિસ્તારમાં રહેતા હતા અને તેનાં પરિવારજનો પણ આ જ વિસ્તારમાં રહેતાં હોવાનું જાણવા મળ્યું છે, જોકે આ વ્યક્તિને કેન્સરની બીમારી હોવાનું સામે આવ્યું છે. તેણે પોતાનું ઘણું બધું ગુમાવી દીધું હતું, ત્યારે અચાનક જ તેણે કોઈ જગ્યાએથી જ્વલનશીલ પ્રવાહી છાંટી અને બીમારીથી કંટાળી અસારવા ચકલામાં જાહેરમાં આપઘાત કર્યો હતો. હાલમાં આ મામલે શાહીબાગ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# માતરના પરીએજ ખાતે એક દાયકામાં સારસ પક્ષીની સંખ્યા 500થી વધી 1477 પર પહોંચી

**નડિયાદ, તા.03**

ખેડા જિલ્લાના માતર તાલુકાના પરીએજ ખાતે ચોથો સારસ ક્રેન ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં એક સમયગાળા દરમિયાન નિવાસ્થાન નાશ અને વેટલેન્ડના કારણે સંકટમાં આવેલ સારસની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. જેમ સ્થાનિક ખેડૂતો સાથે નજીકથી કાર્ય કરી ભ્રમ દૂર કરવામાં આવતા અને જમીન સ્તર પર ટકાઉ સંરક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતા એક દાયકામાં સારસ પક્ષીની સંખ્યા 500 થી વધીને 1477 સુધી પહોંચી છે. પરીએજ ખાતે યુપીએલ સારસ કંઝર્વેશન પ્રોજેક્ટ અને સામાજિક વનીકરણ વિભાગના સહયોગથી



પરીએ જ ના ઈકો ટુરીઝમ વાતાવરણમાં સારસ ક્રેન ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં વિશ્વ વેટલેન્ડ દિવસ નિમિત્તે આ મહોત્સવનું આયોજન કૃષિ ઉકેલો માટે વૈશ્વિક આગેવાન યુપીએલ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષે વિશ્વ વેટલેન્ડ દિવસ ની થીમ પરથી વેટલેન્ડ અને પરંપરાગત જ્ઞાન સાંસ્કૃતિક વારસાની ઉજવણી થીમ હેઠળ પરીએજ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. એક સમયગાળા દરમિયાન નિવાસ્થાનના નાસ અને વેટલેન્ડના કારણે સારસ પક્ષી સંકટમાં દેખાયા હતા. ત્યારે સુધારો વધારો કરીને આજે ખેડા અને આણંદ જિલ્લાના સારસ પક્ષીઓમાં નોંધપાત્ર પુણ્ય રૂપાંતર તરફ આગળ વધી રહ્યો છે.

આ સફળતા યુપીએલ દ્વારા 2015 માં શરૂ કરાયેલ સારા સંરક્ષણ પ્રોજેક્ટના કારણે શક્ય બની છે. જેમાં સ્થાનિક ખેડૂતો સાથે નજીકથી કાર્ય કરી ભ્રમ દૂર કરવામાં આવતા અને જમીન સ્તર પર ટકાઉ સંરક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતા સારસ્કેનની સંખ્યામાં 2015 -16 માં આશરે 500 થી વધીને 2024- 25માં 1477 પહોંચી છે.

# 27 હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડના પહેલા પેપર સુધી રોજ પ્રેક્ટિસ કરશે

**આણંદ, તા.03**



આણંદ જિલ્લામાં આગામી માર્ચ 2026 માં યોજાનાર ધો-10 અને ધો-12 ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પેપર લખવામાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદી દ્વારા જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે પ્રેક્ટિસ પેપરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધો 10 અને 12ના 27 હજારથી વધુ વિદ્યાર્થી બોર્ડના પેપરના પહેલા દિવસ સુધી પરીક્ષા આપશે. જેનું મોનિટરિંગ જિલ્લા શિક્ષણ અધિકારી, શિક્ષણ નિરીક્ષક, આચાર્ય , મદદનીશ શિક્ષણ નિરીક્ષકો દ્વારા કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદી એ જણાવ્યું કે શાળાકીય દ્વિતીય અને પ્રિલિમ પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડના વિદ્યાર્થીઓને રજા ન આપતા શાળામાં જ પ્રેક્ટિસ પેપરનું આયોજન કરીને વિદ્યાર્થીઓ પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે તેમને પરીક્ષા ખંડનો ભય દૂર થાય, કઈ કઈ વસ્તુઓ પરીક્ષા ખંડમાં ન લઈ જઈ શકાય, તેમ જ પેપર લખવાનો મહાવરો થવાથી બોર્ડની પરીક્ષા વખતે ખૂબ જ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકશે.

# માતાને અડપલાં કરતા મસિયાઈ ભાઈને પુત્રએ ચપ્પાથી રહેંસી નાંખ્યો

**આણંદ, તા.03**



પેટલાદ તાલુકાના ખડાણા ગામે હત્યાની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં માસીના ઘરે રહેતો દિવ્યાંગ યુવક તેની વિધવા માસી સાથે બિભત્સ હરકત-અડપલાં કરતો હોઈ ઉશ્કેરાયેલા યુવકે મસિયાઈ ભાઈની ગળાના ભાગે ચપ્પાના ઘા મારી તથા ગુપ્તાંગ કાપી નાંખી હત્યા કરી નાંખી હતી. આ બનાવને લઈને સમગ્ર પંથકમાં આ ઘટના ચર્ચાનો વિષય બની હતી. મોડી સાંજે પેટલાદ ગ્રામ્ય પોલીસે યુવકની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી.

સમગ્ર બનાવની હકીકત એવી છે કે, મૂળ ખંભાતના કાણીસા ગામનો દિવ્યાંગ બાબુ આશા પરમારના માતા-પિતા નાનપણમાં જ મરી ગયા હોય તે છેલ્લાં કેટલાંય વર્ષોથી ખડાણા ગામ સ્થિત રામદેવપીરવાળા ફળીયામાં રહેતા તેની માસીના ઘરે રહેતો હતો. તે રખડતું જીવન જીવતો હતો. ક્યારેક જ તે તેના માસીના ઘરે અવર-જવર કરતો હતો. ગામના બસ સ્ટેન્ડ તેમજ સ્મશાન જેવી જગ્યાઓએ તે રહેતો અને મજૂરીકામ કરી જીવન જીવતો હતો.

છેલ્લાં કેટલાંય સમયથી તે તેની માસી સાથે બિભત્સ હરકત-અડપલાં કરતો હતો જે પુત્ર રામાભાઈ મયજીભાઈ પરમારના ધ્યાને આવ્યું હતું. જે બાબતે રામાભાઈએ બાબુ પરમારને ટોક્યો પણ હતો. પરંતુ તે માનતો નહોતો. દરમિયાન, રવિવારે રાત્રિના સમયે રામા પરમારની માતા રયબેન પરમાર ખાટલામાં સુઈ રહ્યા હતા ત્યારે બાબુ પરમારે બિભત્સ હરકત કરવાનું શરૂ કર્યું હતું. જે રામા પરમાર જોઈ ગયો હતો. તે ગુસ્સામાં આવી ગયો હતો અને ઘરમાં પડેલું ચપ્પુ લઈ આવ્યો હતો અને બાબુ પરમારના ગળા પર જ ઘા મારી દીધા હતા. જેને પગલે તે ઘર પાસે જ ઢળી પડ્યો હતો. રામાએ તેનું ગુપ્તાંગ પણ કાપી નાંખ્યું હતું. હાલમાં પોલીસે આરોપી રામા મયજી પરમારની અટકાયત કરી તેની સઘન પૂછપરછ હાથ ધરી છે.

બનાવની ફરિયાદ સરપંચ ભરતકુમાર પરમારે પેટલાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જોકે, ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગામમાં રહેતા રામા મયજી પરમાર સવારે સવા છ વાગ્યાની આસપાસ તેમના ઘરે ગયા હતા. જ્યાં તેમણે ભરતકુમારને તેમના મસિયાઈ ભાઈ બાબુ પરમારની કોઈએ હત્યા કરી નાંખી હોવાનું અને લાશ તેમના ઘરના દરવાજા પાસે પડી હોવાનું જણાવ્યું હતું. જેથી સરપંચ ભરતકુમાર અને રામાભાઈ બંને જણાં તેમના ઘરે ગયા હતા. જ્યાં સ્થળ પર લોહીલુહાણ હાલતમાં બાબુ પરમાર પડ્યો હતો અને તેની પેન્ટની ચેન ખુલ્લી હાલતમાં હતી. દરવાજાથી થોડે દૂર યુવકનું ગુપ્તાંગ કપાયેલી હાલતમાં પડ્યું હતું. સરપંચે સમગ્ર બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસને યુવકે કહેલી વાત અંગે શંકા ગઈ હતી. જેને પગલે તેમણે રામાભાઈ પરમારની સઘન પૂછપરછ હાથ ધરી હતી, જેમાં તે ભાંગી પડ્યો હતો અને સમગ્ર ગુનાની કબુલાત કરી હતી. ખડાણાના રામદેવપીરવાળા ફળીયામાં રયબેન મયજીભાઈ પરમાર બે પુત્ર સાથે રહે છે. તેમના મોટા પુત્ર અલ્પેશના લગ્ન થયેલા છે અને તેની પત્ની સાથે તેમની સાથે જ રહે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# 'આધાર-ડિજિટલ પેમેન્ટથી ભ્રષ્ટાચાર અટક્યો, પાકિસ્તાન પણ શીખે': વર્લ્ડ બેંકના ચેરમેન અજય બંગા પાકિસ્તાનના PMને કહ્યું- લોન મફતમાં નથી મળતી

**જલંધર, તા.03**

વર્લ્ડ બેંકના ચેરમેન અજય પાલ સિંહ બંગા 4 દિવસના પાકિસ્તાન પ્રવાસે છે. ઈસ્લામાબાદમાં તેમણે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને નાણા મંત્રી મુહમ્મદ ઓરંગઝેબ સાથે મુલાકાત કરી. જેમાં પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર આપવાનો રોડમેપ તૈયાર કર્યો. બંગાએ મંત્રીઓને કહ્યું કે પાકિસ્તાન દેવું તો કરી રહ્યું છે, પરંતુ એવું ન સમજે કે મદદ મફતમાં કરવામાં આવી રહી છે. તમે તમારા દેશમાં ભ્રષ્ટાચાર અને ટેક્સ ચોરી રોકો. જો સુધારા નહીં કરવામાં આવે તો આવનારા વર્ષોમાં કોઈ દેવું નહીં મળે.

આ ઉપરાંત, બંગાએ આધાર અને ડિજિટલ પેમેન્ટનો પણ ઉલ્લેખ કર્યો. જોકે તેમણે ભારતનું નામ લીધું ન હતું. એવું માનવામાં આવી રહ્યું છે કે તેમણે પાકિસ્તાનને ભારત પાસેથી શીખવાની સલાહ આપી.

બંગા આજે પંજાબના ખુશાબ જિલ્લામાં આવેલા તેમના પૈતૃક ગામ જશે. 1947ના ભાગલા પછી બંગા પરિવારનો પ્રથમ સભ્ય પોતાના પૈતૃક ગામ જઈ રહ્યો છે. આ પહેલા તેમણે ગુરુદ્વારા પંજા સાહિબમાં માથું ટેકવ્યું હતું.



**વર્લ્ડ બેંક તૈયાર છે, પરંતુ પૈસા ત્યારે જ મળશે જ્યારે પરિણામો દેખાશે:** વર્લ્ડ બેંક પાકિસ્તાનને મદદ કરવા તૈયાર છે. પરંતુ પૈસા ત્યારે જ આવશે જ્યારે જમીન પર પરિણામો દેખાશે. પાકિસ્તાન ફક્ત દેવાના ભરોસે ચાલી શકે નહીં. તેણે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે FDI માટે પોતાના દેશનું વાતાવરણ સુધારવું પડશે. આર્થિક સુધારા કરવા પડશે.

**પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર મળશે:** નાણા મંત્રી મુહમ્મદ ઓરંગઝેબ સાથેની ચર્ચામાં બંગાએ દેવાના ટેકનિકલ પાસાઓ અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી. બંગાએ કન્ટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્કની પુષ્ટિ કરી, જેના હેઠળ પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર મળશે.

**આખી દુનિયાએ ડિજિટલ પેમેન્ટ અપનાવ્યું:** એક દેશે પોતાના દેશમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને આધારથી ટેક્સ ચોરી રોકી છે. તેના ડિજિટલ પેમેન્ટના ફોર્મ્યુલાને આખી દુનિયા અપનાવી રહી છે. તેમણે પાકિસ્તાનને પોતાનું ટેક્સ નેટવર્ક ડિજિટલ કરવાની પણ સલાહ આપી.

**વીજળી ચોરી રોકો, બિલ વસૂલો:** 3 મુદ્દાઓ પર પાકિસ્તાની મંત્રીઓ સાથે વાત કરી. બંગાએ કહ્યું કે પાકિસ્તાનનો એનર્જી સેક્ટર સંકટમાં છે. વિશ્વ બેંકના પૈસા તે નુકસાન કરતી કંપનીઓને બચાવવા માટે નથી જે વીજળી ચોરી રોકી શકતી નથી. વીજળી બિલની વસૂલાત કરો અને સબસિડી ખતમ કરો. પૈસા આપીશું, પરંતુ પરિણામ દેખાવું જોઈએ: જો પાકિસ્તાને જળવાયુ પરિવર્તન અનુસાર પોતાનું માળખાગત સુવિધા સુધારી નહીં તો ભવિષ્યમાં મળનારી લોનનો રસ્તો મુશ્કેલ બની જશે. વર્લ્ડ બેંક પાકિસ્તાનનો ભાગીદાર છે, ન કે શાહુકાર. ભાગીદારીનો અર્થ છે કે અમે પૈસા આપીશું. પરંતુ તે પૈસાનું પરિણામ દેખાવું જોઈએ.

**સ્વાગતમાં રેડ કાર્પેટ પાથરવામાં આવ્યું:** અજય બંગા પાકિસ્તાન પહોંચ્યા ત્યારે તેમનું રેડ કાર્પેટ પાથરીને સ્વાગત કરવામાં આવ્યું. ગુરુદ્વારા પંજા સાહિબ પહોંચતા તેમને સરોપા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું. બંગાએ ગુરુદ્વારા સાહિબમાં માથું ટેકવ્યું અને લંગર પણ ખાધું. જ્યારે મેનેજમેન્ટે તેમને અંદર બોલવા વિનંતી કરી, ત્યારે તેમણે એમ કહીને ના પાડી દીધી કે મારા પિતાએ શીખવ્યું છે કે ગુરુદ્વારાની અંદર બોલવાનો અધિકાર ફક્ત ગ્રંથી સિંહનો છે.

**પોતાના પર્યટન સ્થળો બતાવ્યા:** અજય બંગાને પાકિસ્તાની મંત્રીઓએ પર્યટન સ્થળો બતાવ્યા. તક્ષશિલાના બૌદ્ધ મઠોની મુલાકાત દરમિયાન પણ બંગાએ પાકિસ્તાની અધિકારીઓ અને મંત્રીઓને સૂચનો આપ્યા. કહ્યું કે પોતાની સંસ્કૃતિને સાચવીને પર્યટન દ્વારા રોજગાર પેદા કરવો જોઈએ.

**આજે પૈતૃક ગામ જશે બંગા:** બંગા આજે પંજાબના ખુશાબમાં જશે. આ બંગાના માતા-પિતાનું ગામ છે. અહીં તેઓ પૈતૃક ઘરે જશે. જિલ્લા પ્રશાસને આ માટે વિશેષ તૈયારીઓ કરી છે. રેલ બજાર અને ગલી સિખોં વાળીમાં આવેલા તેમના જૂના ઘરને શણગારવામાં આવ્યું છે. 1947ના ભાગલા સમયે બંગા પરિવાર જલંધર આવી ગયો હતો. અહીંની મિટ્ઠુ બસ્તીમાં પરિવારે થોડો સમય વિતાવ્યો.

**ડોને લખ્યું- પૈસા આપશે પણ હિસાબ પણ માંગશે:** બંગાનું પંજા સાહિબ જવું અને ત્યાંની મર્યાદાનું સન્માન કરવું એ દર્શાવે છે કે તેઓ તેમના મૂળિયાં સાથે કેટલા જોડાયેલા છે. તેમની મેજ પર રાખેલા આર્થિક આંકડા પાકિસ્તાન માટે ડરામણા છે. તેઓ એક કડક શાહુકારની જેમ આવ્યા છે જે મદદ તો આપશે, પણ હિસાબ પણ માંગશે. હમ ન્યૂઝે કહ્યું- પાકિસ્તાનની છબીને પ્રોત્સાહન: વિશ્વ બેંક પ્રમુખનું તેમની પત્ની રીતુ બંગા સાથે ટેક્સિલા અને પંજા સાહિબમાં સામાન્ય પર્યટકોની જેમ ફરવું પાકિસ્તાનની સોફ્ટ ઈમેજને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપનારું છે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુને પાકિસ્તાની આશાઓને ઝટકો ગણાવ્યો: ભારતીય મૂળના અમેરિકનનું પાકિસ્તાનની ધરતી પર સ્વાગત થવું એ રાજદ્વારી જીત છે. જોકે, બંગાએ સિંધુ જળ સંધિ પર જે વલણ અપનાવ્યું છે, તેણે પાકિસ્તાનની આશાઓને ઝટકો આપ્યો છે.

# પતિ-પત્નીની ઉંમરના અંતર પર છેડાયો વિવાદ: વયમાં મોટા તફાવત વાળા દંપતિઓના લગ્નજીવનમાં ખુશહાલી

## પરસ્પર સંતોષ હોવાથી આ પ્રકારનું દામ્પત્યજીવન લાંબું ચાલે છે

**વૉશિંગ્ટન, તા.03**

રીયાલિટી ટીવી સ્ટાર નિક વાયલ પોતાની પત્ની નતાલી જૉયથી 18 વર્ષ મોટા છે. જૉય કહે છે કે 2024માં લગ્ન બાદ લોકોએ તેમને બાળવધુ અને અનેક પ્રકારના મેણાટોણા માર્યા હતા. બંને હવે નેટફ્લિક્સ પર ડેટિંગ શો 'એજ ઑફ અટ્રેક્શન' લાવી રહ્યા છે. 22 થી 59 વર્ષ સુધીના સિંગલ્સને સાથે લાવીને પારખવામાં આવશે કે સંબંધોના નિર્ણય પર ઉંમરમાં તફાવત શું અસર કરે છે.



પતિ-પત્નીની વયમાં દાયકાનું અંતર સામાજિક ટીકા સહન કરે છે. પરંતુ, આંકડાઓ દર્શાવે છે કે આ તફાવત નુકસાનકારક નથી, જેટલું અનેકવાર લાગે છે. અમેરિકામાં અંદાજે બે તૃતીયાંશ યુગલોમાં પતિ મોટા અને પત્ની નાની હોય છે. સમગ્ર દુનિયામાં આ પરિણામ છે.

પ્યૂ રિસર્ચ અનુસાર, વૈશ્વિક સ્તર પર વિવાહિત યુગલમાં વયનું સરેરાશ અંતર 4.2 વર્ષ છે. અમેરિકામાં પતિ સરેરાશ 2.2, યુરોપમાં 2.7 અને એશિયા-પેસિફિકમાં 4 વર્ષ મોટા હોય છે. ભારતમાં આ તફાવત 4 થી 5 વર્ષ સુધી છે. વયના આ તફાવતની સામાજિક સ્વીકાર્યતા સમયની સાથે બદલાતી રહે છે.

1920 માં અમેરિકામાં પતિ સરેરાશ 4.5 અને ભારતમાં 7-8 વર્ષ મોટા હતા. 10 વર્ષ કે તેથી વધુ ઉંમરના તફાવતવાળા યુગલો અસ્વીકૃતિ વધુ સહન કરે છે. લોકો ઉંમરનો તફાવત એટલા માટે નાપસંદ કરે છે, કારણ કે તેમને લાગે છે કે નાની ઉંમરનો વ્યક્તિ વાલી શોધી રહ્યો છે. જોકે આવા સંબંધો પ્રમાણમાં ખુશહાલ હોય છે અને લાંબા સમય સુધી ટકે છે.

1920માં અમેરિકામાં પતિ સરેરાશ 4.5 અને ભારતમાં 7-8 વર્ષ મોટા હોય છે. 10 વર્ષ અથવા તેનાથી વધુ અંતર વાળા યુગલો અસ્વીકૃતિ વધુ સહન કરે છે. લોકો ઉંમરના તફાવતને એટલે નાપસંદ કરે છે, કારણ કે તેમને લાગે છે કે નાની વયનો વ્યક્તિ વાલી શોધી રહ્યા છે. જો કે, આવું લગ્નજીવન ખુશહાલ લાંબા ચાલે છે. નેધરલેન્ડ્સની માસ્ટ્રિષ્ટ યુનિવર્સિટીના સ્ટડી અનુસાર, વયમાં મોટા અંતર વાળા લગ્ન દંપતી માટે જીવનના સંતોષ સાથે જોડાયેલું હોય છે. વયના અંતરથી કેટલાક જોખમો પણ છે. જ્યારે પુરુષ 16 વર્ષ મોટા અથવા મહિલા 10 વર્ષ મોટી હોય ત્યારે હત્યાની ઘટના પણ ઘટી શકે છે. પરંતુ, આ પ્રકારના કેસ દુર્લભ છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર પૉલ ઈસ્ટવિક અનુસાર તફાવત 10 વર્ષનો હોય અથવા 2નો. સંબંધોની સફળતા ઉંમરથી વધુ પસંદ-નાપસંદથી વધુ નક્કી થાય છે. જેમ કે ટીવી પર શું જોવું છે. શું ભોજન લેવું છે અથવા ક્યાં ફરવા જવું છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC) અનુસાર, ઉંમરના મોટા તફાવતવાળા યુગલો સમવયસ્ક યુગલોની સરખામણીમાં વધુ સમય સાથે રહે છે. લાંબા સમયથી લિવ-ઈનમાં રહેતા લગભગ 5 હજાર યુગલોના નમૂનાના આધારે 'ધ ઈકોનોમિસ્ટ'નો અંદાજ છે.

# નોર્વેની ક્રાઉન પ્રિન્સેસે જાતીય અપરાધીને સ્વીટહાર્ટ કહ્યું: એપસ્ટીન ફાઈલોમાં 1000 વખત નામ આવ્યું


**ઓસ્લો, તા.03**

નોર્વેના ક્રાઉન પ્રિન્સેસ મેટે-મેરિટ યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથેના સંબંધો સામે આવ્યા બાદ વિવાદોમાં ઘેરાઈ ગયા છે. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા 30 જાન્યુઆરીએ જાહેર કરાયેલી એપસ્ટીન ફાઈલોમાં તેમનું નામ 1 હજારથી વધુ વખત આવ્યું છે.

નોર્વેના અખબાર VGના અહેવાલ મુજબ, આ ફાઈલોમાં મેટે-મેરિટ અને યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન વચ્ચે 2011 થી 2014 દરમિયાન થયેલા ઘણા ઈમેઈલ્સ શામેલ છે. બંને વચ્ચે લાંબા સમય સુધી સંપર્ક રહ્યો. નોર્વેના મીડિયાના અહેવાલ મુજબ, ખાનગી ઈમેઈલમાં મેટે-મેરિટે એપસ્ટીનને કહ્યું હતું કે, 'તારી વાતો મને ગલીપચી કરાવે છે.'

કેટલાક ઈમેઈલમાં તેમણે તેમને 'સોફ્ટ હાર્ટેડ' અને 'સ્વીટહાર્ટ' પણ લખ્યું હતું. મિત્રતા સામે આવ્યા બાદ શનિવારે મેટે-મેરિટે એપસ્ટીન સાથેના પોતાના સંબંધોને લઈને માફી માંગી. બીજી તરફ મેટે-મેરિટના પુત્ર પર બળાત્કાર સહિત 38 કેસોમાં મુકદ્દમો ચાલી રહ્યો છે.

એક ઈમેઈલમાં મેટેએ એપસ્ટીનને પૂછ્યું હતું કે શું તેના 15 વર્ષના પુત્રના વોલપેપર માટે બે નગ્ન મહિલાઓનો સર્ફબોર્ડ લઈને ચાલતો ફોટો સૂચવવામાં કંઈ ખોટું છે. અન્ય એકમાં તેણે એપસ્ટીનને આકર્ષક ગણાવ્યા હતા.



એક મેલમાં એપસ્ટીને મેટે-મેરિટને જણાવ્યું કે તે લગ્ન કરવા માંગે છે અને પત્નીની શોધમાં પેરિસ આવ્યા છે. તેમણે કહ્યું કે પેરિસ અફેર કે ગેરકાયદેસર સંબંધો બાંધવા માટે સારું છે, પરંતુ જો પત્ની શોધવી હોય તો સ્કેન્ડિનેવિયન (નોર્વે, સ્વીડન અને ડેનમાર્ક) મહિલાઓ વધુ સારી અને વફાદાર પત્નીઓ હોય છે.

આના પર મેટે-મેરિટ જવાબ આપ્યો, 'મને હજી પણ વિશ્વાસ નથી થતો કે તમે ખરેખર પત્ની શોધી રહ્યા છો.' મેટે-મેરિટનો જન્મ નોર્વેમાં થયો હતો. એટલે કે તેઓ પોતે સ્કેન્ડિનેવિયન મહિલા છે.

ફાઈલોમાં ઘણા ઈમેલ દર્શાવે છે કે બંને ખૂબ નજીક હતા. એક ઈમેલ દ્વારા જાણવા મળ્યું કે જ્યારે મેટે-મેરિટ બીમાર હતી, ત્યારે એપસ્ટીને તેના માટે ફૂલો મોકલ્યા હતા. મેટે-મેરિટે ફૂલો માટે આભાર માન્યો અને 'લવ, MM (મેટે-મેરિટ)' ના નામથી સહી કરી.

ઈમેલમાં ઘણી જગ્યાએ મળવાની યોજનાનો ઉલ્લેખ હતો. દસ્તાવેજો દર્શાવે છે કે મેટ-મેરિટ 2011 થી 2013 દરમિયાન ઓસ્લો, ન્યુ યોર્ક અને કેરેબિયનમાં એપસ્ટીનને ત્રણ વખત મળી હતી અને 2013માં ફ્લોરિડામાં તેના ઘરે ચાર દિવસ રોકાઈ હતી. જોકે, ત્યારે એપસ્ટીન ત્યાં નહોતો.

આ ઘટનાઓ એપસ્ટીનને 2008માં સગીર સાથે વેશ્યાવૃત્તિના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા પછીની છે. 2011ના એક ઈમેલમાં મેટે-મેરિટે એપસ્ટીનને જણાવ્યું કે તેણે એપસ્ટીન પર ચાલી રહેલા કેસને ગૂગલ કર્યો હતો અને કહ્યું હતું કે તે સારું નથી લાગી રહ્યું, પરંતુ તેણે સંપર્ક ચાલુ રાખ્યો.

શનિવારે રાજવી પરિવાર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં મેટે-મેરિટે જણાવ્યું કે 2014માં તેણે સંપર્ક તોડી નાખ્યો હતો કારણ કે એપસ્ટીન તેનો ફાયદો પોતાના સ્વાર્થ માટે ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

તેમણે એપસ્ટીનના પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના અને એકતા વ્યક્ત કરી. મેટે-મારિટએ કહ્યું કે તેઓ આ બધા માટે પોતે જવાબદાર છે કારણ કે તેમણે એપસ્ટીનની પૃષ્ઠભૂમિની બરાબર તપાસ કરી ન હતી અને ઝડપથી સમજી શક્યા ન હતા કે તે કેવો વ્યક્તિ છે.

આ ખુલાસા એવા સમયે થયા છે જ્યારે રોયલ ફેમિલી માટે મુશ્કેલ સમય ચાલી રહ્યો છે. મેટે-મારિટના પુત્ર મારિયસ બોર્ગ હોઈબી પર બળાત્કારનો કેસ જિલ્લા અદાલતમાં મંગળવાર એટલે કે આજથી શરૂ થવાનો છે.

મારિયસ હોઈબી, ક્રાઉન પ્રિન્સેસ મેટે-મેરિટ અને ક્રાઉન પ્રિન્સ હાકોનના લગ્ન પહેલાના સંબંધથી જન્મ્યા હતા. તેથી મારિયસને ક્યારેય રોયલ ટાઈટલ આપવામાં આવ્યું ન હતું. એનો અર્થ એ છે કે તે ઉત્તરાધિકારની લાઈનમાં નથી, એટલે કે તે નોર્વેના સિંહાસન પર ક્યારેય બેસી શકશે નહીં.

# અમેરિકા-ચીન વચ્ચે ફસાયેલું ભારત: હવે ઓછા શક્તિશાળી દેશો સાથે મિત્રતા વધારી રહ્યું છે, ટ્રમ્પના ટેરિફથી ભારતની વિદેશ અને વેપાર નીતિ બદલાઈ.....

**નવી દિલ્હી, તા.03**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગયા મહિને સ્વિટ્ઝલૅન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) ના મંચ પરથી કહ્યું હતું કે દુનિયાની જૂની વ્યવસ્થા 'તૂટી' રહી છે. હવે મધ્યમ શક્તિવાળા દેશોને સાથે આવીને કામ કરવું પડશે.

દાવોસમાં પોતાના ભાષણમાં કાર્નીએ ન તો ટ્રમ્પ પ્રશાસનનું નામ લીધું અને ન તો તે અમેરિકી ટેરિફનો ઉલ્લેખ કર્યો, જેના કારણે જૂની ગ્લોબલ સિસ્ટમ હચમચી ગઈ. પોતાના ભાષણમાં તેમણે ભલે સીધી રીતે ભારતનું નામ ન લીધું હોય, પરંતુ ઈશારો સ્પષ્ટપણે ભારત તરફ હતો. ભારત આ સમયે બે મોટા દબાણો વચ્ચે ઊભું છે. એક તરફ અમેરિકાની બદલાતી નીતિઓ છે તો બીજી તરફ ચીનની વધતી આક્રમકતા. આવા સંજોગોમાં ભારત હવે પરંપરાગત ભાગીદારોથી આગળ વધીને દુનિયાના બીજા ભાગોમાં નવા મિત્રો શોધી રહ્યું છે.

આ ઘટનાના બરાબર એક અઠવાડિયા પછી, ભારતીય પીએમ મોદી નવી દિલ્હીમાં યુરોપિયન (EU)ના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે ઊભા હતા. બંનેએ લગભગ 18 વર્ષથી અટકેલા એક મોટા વેપાર કરારની જાહેરાત કરી, જેને તેમણે 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવ્યો. આ ડીલથી લગભગ 2 અબજ લોકોનું બજાર તૈયાર થશે. આ માત્ર વેપાર નથી, પરંતુ તે નવી આંતરરાષ્ટ્રીય સિસ્ટમનો એક ભાગ છે, જેમાં અમેરિકાની ભૂમિકા નબળી પડ્યા પછી બાકીના દેશો મળીને નવું માળખું ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારત એવા દેશોમાં શામેલ છે જેમના મંતવ્યો અને નિર્ણયો વૈશ્વિક રાજનીતિને પ્રભાવિત કરવા લાગ્યા છે. 140 કરોડની વસ્તી સાથે તે વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. ભારતની અર્થવ્યવસ્થા પણ જાપાન અને જર્મની સાથે વિશ્વના ટોપ-5માં શામેલ થઈ ગઈ છે, જોકે, માથાદીઠ આવક હજુ પણ આ દેશો કરતાં ઘણી ઓછી છે. વડાપ્રધાન મોદીની આત્મનિર્ભર ભારતની વિચારસરણી હવે થોડી નરમ પડતી દેખાઈ રહી છે. ભારતમાં લાંબા સમયથી એવી ધારણા રહી છે કે પોતાને સુરક્ષિત રાખવા માટે અન્ય દેશો સાથે વધુ આર્થિક જોડાણ ન હોવું જોઈએ. પરંતુ યુરોપ, કેનેડા અને અન્ય દેશો દલીલ કરતા રહ્યા છે કે સાથે મળીને વેપાર કરવાથી જ દેશો મજબૂત બને છે. ભારત અને અન્ય મહત્વના દેશો વચ્ચેના



સંબંધોમાં તેજી ગયા વર્ષે બ્રિટન સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી દેખાવાની શરૂ થઈ. આ કરાર લાંબા સમયથી અટકેલો હતો. ત્યારબાદ ડિસેમ્બરમાં ઓમાન અને ન્યુઝીલેન્ડ સાથે પણ આવા જ મહત્વના કરારો કરવામાં આવ્યા. આ દ્વિપક્ષીય કરારો દર્શાવે છે કે ભારતની નીતિમાં બદલાવ આવી રહ્યો છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં જર્મની, જાપાન, યુએઈ અને સાઉદી અરેબિયાના મોટા નેતાઓ નવી દિલ્હી આવ્યા. દરેક મુલાકાતમાં ભારત સાથે સંબંધો આગળ વધારવાની વાત થઈ અને નવા કરારો કરવામાં આવ્યા. ફેબ્રુઆરીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા પણ ભારત આવવાના છે. આ પછી માર્ક કાર્ની પણ ભારત આવશે. એવી અપેક્ષા છે કે તેઓ માર્ચમાં કેનેડાના એક પ્રતિનિધિમંડળ સાથે નવી દિલ્હી આવશે અને વધુ એક વેપાર કરારને આગળ વધારશે.

ગયા વર્ષે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી આવતા મોટાભાગના સામાન પર 50% ટેરિફ લગાવી દીધો હતો. આમાં અડધો વળતો ટેરિફ હતો અને અડધો રશિયા પાસેથી તેલ ખરીદવાની સજા તરીકે લગાવવામાં આવેલો વધારાનો ટેક્સ હતો.

અહીંથી ભારત-અમેરિકાના સંબંધોમાં બદલાવ શરૂ થયો. આ પહેલા 25 વર્ષો સુધી અમેરિકા અને ભારતના સંબંધો મજબૂત કરવાની કોશિશ થતી રહી હતી, ખાસ કરીને ચીનની વધતી તાકાતનો મુકાબલો કરવા માટે. જોકે ભારત, ચીન વિરુદ્ધ ખુલ્લેઆમ અમેરિકા સાથે ઊભા રહેવાથી ખચકાઈ રહ્યું હતું.

વોશિંગ્ટન સ્થિત બ્રુકિંગ્સ ઈન્સ્ટિટ્યુશનના સિનિયર ફેલો તન્વી મદન અનુસાર, ભારત ઈચ્છતું હતું કે તે ચીન સાથે તે જ કરે જે ચીને પશ્ચિમી દેશો સાથે કર્યું. એટલે કે તેમની પ્રતિભા અને ટેકનોલોજી મેળવે અને પછી પોતે એક મજબૂત સ્પર્ધક બને. હવે આમાં ભારતની સૌથી મોટી ખામી એ છે કે દુનિયાની સપ્લાય ચેઈનમાં તેના હાથમાં કોઈ એવો મજબૂત પત્તો નથી, જેનાથી તે બીજાઓ પર દબાણ લાવી શકે. જેમ કે ચીન પાસે રેર-અર્થ ખનિજો છે, અથવા તાઈવાન અને નેધરલેન્ડ્સ પાસે એડવાન્સ ચિપ બનાવવાની ટેકનોલોજી છે, જેના કારણે બાકીના દેશો તેમના પર નિર્ભર રહે છે.

ભારત પાસે હાલમાં આવું કંઈ નથી. આજે પરિસ્થિતિ એવી છે કે ચીનનો સામાન દુનિયાભરના બજારોમાં છવાયેલો છે અને ચીની સૈનિકો હિમાલયના તે ભાગમાં તૈનાત છે, જેના પર ભારત પોતાનો દાવો કરે છે. આવી સ્થિતિમાં ભારતને ચીનની સરખામણીમાં પહેલા કરતા વધુ આંતરરાષ્ટ્રીય સમર્થનની જરૂર છે. જો આ મદદ અમેરિકા પાસેથી ન મળે, તો પછી બીજા દેશોને આગળ આવવું પડશે.

કેનેડા સાથેનો નવો કરાર એક મોટો બદલાવ માનવામાં આવશે. ઓક્ટોબર 2024માં ભારત અને કેનેડાના સંબંધો ત્યારે બગડી ગયા હતા, જ્યારે વાનકુવર નજીક રહેતા એક શીખ અલગતાવાદીની હત્યાને લઈને બંને દેશોએ એકબીજાના ઘણા રાજદ્વારીઓને બહાર કાઢી મૂક્યા હતા. ત્યારબાદ જૂન 2025માં જ્યારે વડાપ્રધાન મોદી, માર્ક કાર્નીના આમંત્રણ પર આલ્બર્ટામાં યોજાયેલા G-7 શિખર સંમેલનમાં સામેલ થયા, ત્યારથી સંબંધોમાં સુધારો દેખાવા લાગ્યો હતો. તેના થોડા સમય પછી અમેરિકાના ટેરિફનો આંચકો લાગ્યો. EY ઈન્ડિયાના મુખ્ય નીતિ સલાહકાર ડી. કે. શ્રીવાસ્તવનું કહેવું છે કે જેટલા વધુ દેશો સાથે ભારતની ભાગીદારી હશે, તેટલો જ તે વૈશ્વિક ઉતાર-ચઢાવથી પોતાને સુરક્ષિત રાખી શકશે. જોકે, તે સ્પષ્ટ નથી કે અમેરિકી ટેરિફથી થયેલા નુકસાનની ભરપાઈ અન્ય દેશો કેટલી કરી શકશે. અમેરિકા ભારતનું સૌથી મોટું બજાર છે અને 50% ટેરિફ લાગ્યા પછી ત્યાં ભારતના નિકાસમાં શરૂઆતના મહિનાઓમાં ભારે ઘટાડો આવ્યો. ગયા વર્ષે ભારતીય ચલણ ડોલરની સરખામણીમાં 7% નબળું પડ્યું.

# ઈરાનમાં વિરોધ કરતી મહિલાઓ પર બળાત્કાર થયો હોવાનો દાવો

## ગર્ભાશય કઢાયા, માથાની ચામડી ઊતારવામાં આવી, પુરાવા છુપાવવા માટે મૃતદેહો સળગાવ્યા

**તેહરાન, તા.03**

ઈરાની-જર્મન પત્રકાર મિશેલ અબ્દોલ્લાહીએ ઈરાની સરકાર પર ચોંકાવનારા આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે ઈરાની સુરક્ષા દળોએ વિરોધ કરતી મહિલાઓ વિરુદ્ધ બળાત્કાર અને મ્યુટિલેશન (વિકલાંગ કરવું)નો હથિયાર તરીકે ઉપયોગ કર્યો જેથી તેઓ લોકોમાં વધુને વધુ ભય પેદા કરી શકે અને સંઘર્ષ અટકી જાય.

ડેઈલી મેલના અહેવાલ મુજબ, અબ્દોલ્લાહીએ સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને દાવો કર્યો કે તેમને પ્રત્યક્ષદર્શીઓ પાસેથી માહિતી મળી છે. તેમના મતે, ધરપકડ કરાયેલી મહિલાઓ પર બળાત્કાર કરવામાં આવે છે, તેમના ગર્ભાશય કાઢી નાખવામાં આવે છે, તેમના વાળ સહિત માથાની ચામડી ઉતારી દેવામાં આવે છે અને શરીર પર સિગારેટના બળવાના નિશાન છોડી દેવામાં આવે છે.

તેમણે કહ્યું કે મહિલાઓના મૃતદેહો બહુ ઓછા અથવા બિલકુલ પરત કરવામાં આવતા નથી કારણ કે શાસન તેમને પહેલા બાળી નાખે છે જેથી યાતનાના નિશાન છુપાઈ જાય. અબ્દોલ્લાહીએ આરોપ લગાવ્યો કે ઈરાનનું ઈસ્લામિક ગણરાજ્ય, ખામેનેઈના નેતૃત્વ હેઠળ, પોતાના લોકો વિરુદ્ધ બળાત્કારને હથિયાર બનાવે છે. એટલું જ નહીં, બાળકો સાથે પણ આવી જ હિંસા કરવામાં આવી રહી છે.

જર્મન અખબાર ડાઈ વેલ્ટે પણ પ્રત્યક્ષદર્શીઓના હવાલાથી આવી જ ઘટનાઓની જાણ કરી છે. એક સાક્ષીએ જણાવ્યું કે અધિકારીઓએ ઘાયલ મહિલાઓને કચરાના ઢગલાની જેમ ગાડીઓમાં લોડ કરી અને કહ્યું, 'અમે તમને અત્યારે નહીં મારીએ. પહેલા બળાત્કાર કરીશું, પછી મારીશું.'

આ ઉપરાંત, ઈરાનમાં અટકાયતમાં લેવાયેલા પ્રદર્શનકારીઓને બળજબરીથી નગ્ન કરવામાં આવ્યા અને અજાણ્યા પદાર્થોના ઈન્જેક્શન આપવામાં આવ્યા. ધ ગાર્ડિયન અખબારે પણ કેરમાનશાહ શહેરમાં 16 વર્ષની એક છોકરી સહિત ઘણા પ્રદર્શનકારીઓ સાથે જાતીય શોષણની ઘટનાની જાણ કરી, જ્યાં સુરક્ષા દળોએ લાકડીઓ વડે તેમના શરીરને ખોટી રીતે સ્પર્શ કર્યો અને તેમને ખરાબ રીતે માર માર્યો. ઈરાનમાં 28 ડિસેમ્બરથી શરૂ થયેલી હિંસા 15 જાન્યુઆરી સુધી ચાલી હતી. આ પ્રદર્શનો અત્યાર સુધીના સૌથી મોટા પ્રદર્શનોમાંથી એક માનવામાં આવે છે. જેમાં 5000થી વધુ પ્રદર્શનકારીઓના મોત થયા હતા.



આ હિંસા મોંઘવારી વિરુદ્ધ ભડકી હતી. ઈરાની ચલણ રિયાલની કિંમત ઈતિહાસમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ હતી. 1 અમેરિકી ડોલરની કિંમત લગભગ 1,455,000 થી 1,457,000 રિયાલ (ઓપન માર્કેટ રેટ) થઈ ગઈ હતી. ચા, બ્રેડ જેવી રોજિંદી વસ્તુઓ પણ ખૂબ મોંઘી થઈ ગઈ હતી. ઘણા લોકો જૂની રાજશાહી (શાહનું શાસન) પાછી લાવવાની માંગ કરી રહ્યા હતા. આ દરમિયાન મહિલાઓએ હિઝાબ ન પહેરવા, મોટરસાઈકલ ચલાવવા, ખામેનેઈની તસવીરો સળગાવીને અને સિગારેટ સળગાવવા જેવી હરકતોથી વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શનોને કચડી નાખવા માટે ઈરાનમાં 8 જાન્યુઆરીથી ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય સંચાર બંધ કરી દેવામાં આવ્યા હતા. મિલિશિયા અને ઈરાકથી 5,000 શિયા લડવૈયાઓને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. સરકાર અને માનવાધિકાર કાર્યકર્તા એજન્સીઓએ મૃત્યુઆંક પણ અલગ-અલગ જણાવ્યો. ઈરાનની સરકારી એજન્સીએ 3,117 મૃત્યુ નોંધાવ્યા, જેમાંથી મોટાભાગના સુરક્ષા દળોના અથવા નિર્દોષ લોકોના હોવાનું જણાવાયું હતું.

રોઈટર્સે એક ઈરાની અધિકારીને ટાંકીને 5,000 મૃત્યુની જાણ કરી. જ્યારે અમેરિકા સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ઈન ઈરાને 3,308 મૃત્યુનો અંદાજ લગાવ્યો. અન્ય અહેવાલોમાં મૃત્યુની સંખ્યા 2,000 થી 6,000 સુધીની જણાવવામાં આવી છે.

જોકે, ઈરાન સંબંધિત મામલાઓને આવરી લેતી વેબસાઈટ ઈરાન ઈન્ટરનેશનલે દાવો કર્યો કે દેશભરમાં ઓછામાં ઓછા 12 હજાર લોકોના મોત થયા છે. મોટાભાગના લોકો ગોળી વાગવાથી માર્યા ગયા છે.

ઈરાનમાં વર્ષ 2022માં મહસા અમીનીના મૃત્યુ પછી ભડકેલા પ્રદર્શનોને દબાવવા માટે પણ સુરક્ષા દળોએ મહિલાઓ સાથે જાતીય હિંસા, બળાત્કાર અને અત્યાચાર કર્યા હતા. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને હ્યુમન રાઈટ્સ વોચના અહેવાલોમાં મહિલાઓ અને પુરુષો બંને સાથે બળાત્કાર, જાતીય સતામણી અને ટોર્ચરની પુષ્ટિ થઈ હતી.

સપ્ટેમ્બર 2022માં 22 વર્ષીય કુર્દ-ઈરાની મહિલા મહસા અમીની પોતાના ભાઈ સાથે તેહરાન ફરવા આવી હતી. 13 સપ્ટેમ્બરે ઈરાનની પોલીસે તેમને પકડી લીધા કારણ કે તેમનો હિજાબ બરાબર પહેરવામાં આવ્યો ન હતો. પોલીસે તેમને એક ડિટેન્શન સેન્ટરમાં લઈ જઈને રાખ્યા, જ્યાં મહિલાઓને હિજાબના નિયમો શીખવવામાં આવે છે. ત્યાં થોડી જ મિનિટો પછી મહસા બેહોશ થઈ ગઈ. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓ કોમામાં જતી રહી અને 16 સપ્ટેમ્બર 2022ના રોજ તેમનું મૃત્યુ થયું.

## તંત્રી લેખ

# બજેટ પર ચૂંટણીલક્ષી લેબલ ના વાગે તેનું ખાસ ધ્યાન રખાયું

ગયા રવિવારે નાણાંપ્રધાન સીતારામને રજૂ કરેલા બજેટમાં અમેરિકી ટેરિફનો ડર ના વર્તાય તેની તકેદારી રાખવાની સાથે બજેટ ચૂંટણીલક્ષી છે એવો સંકેત પણ ના જાય તેવા પ્રયાસો કર્યા હતાં. આ વર્ષે ચાર રાજ્યો વત્તા એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાનો જંગ છે. જ્યાં ચૂંટણી યોજાવાની હોય તે રાજ્યોના મતદારોને ખુશ કરવાનો રિવાજ છે. નવ વાર બજેટ રજૂ કરનારાં નિર્મલા સીતારામન પણ આ રિવાજ અથવા તો પરંપરા પાળવામાંથી બાકાત નથી રહ્યાં. તેમણે બહુ સાવચેતીપૂર્વક ચૂંટણી થવાની છે તે રાજ્યોમાં નવી સ્કીમો મારફતે રાહત પહોંચાડી છે.

અલબત્ત, નાણાંપ્રધાને કોઈ નવી વેલફેર સ્કીમ ચૂંટણીવાળાં રાજ્યો માટે નથી આપી. અમેરિકાની ટેરિફથી જે રાજ્યોને સૌથી વધુ અસર થઈ છે તેવા મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને તમિળનાડુનું બજેટમાં ખાસ ધ્યાન રખાયું છે. જે પાંચ પ્રાંતમાં વિધાનસભાનો જંગ છે તેમાં આસામ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ અને પુડીચેરીનો સમાવેશ થાય છે. એનડીએ આસામ રાજ્યમાં ફરી સરકાર રચાય તેમ ઈચ્છે છે, તો અન્ય રાજ્યોમાં પોતાની પકડને વધુ મજબૂત બનાવવા માંગે છે. અમેરિકી ટેરિફના કારણે તમિળનાડુના ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો ફટકો પડયો છે. તમિળનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલીને કેન્દ્ર સરકારને પત્ર લખીને મોકલ્યો છે કે ટેરિફના કારણે લાખો લોકોની જોબ પર જોખમ ઊભું થયું છે. તાજેતરમાં ભારત અને યુરોપ વચ્ચે થયેલા એફટીએ કરારના પગલે રોજગારી વધશે એમ નિષ્ણાતોનું માનવું છે.

તમિળનાડુમાં આડકતરી રીતે નોકરીઓ ઊભી થાય તે માટે નાણાંપ્રધાને મેગા ટેક્સટાઈલ પાર્ક ઊભા કરવાની જાહેરાત કરી છે. અન્ય જાહેરાતોમાં નેશનલ ફાઈબર સ્કીમ ગેમ ચેન્જર બની શકે છે. તેના કારણ સિલ્ક, વૂલ,અને જ્યૂટ જેવા નેચરલ ફાઈબર બાબતે આત્મનિર્ભર બની શકાશે. માણસે બનાવેલા ફાઈબર અને ટેકનોલોજીના આધારે બનાવેલા ફાઈબરમાં બહુ ફર્ક જોવા નથી મળતો. ટેક્સટાઈલ ગાર્મેન્ટ, લેધર ગાર્મેન્ટ,લેધર કે સિન્થેટીક ફૂટવેર વગેરેની નિકાસ માટેની સ્કીમનો લાભ લેવાનો સમય છ મહિના પરથી ૧૨ મહિનાનો કરાયો છે. જેના કારણે ટેક્સટાઈલ અને લેધર નિકાસકારોને સીધો લાભ થઈ શકે છે. લેધરના માલસામાન માટે પશ્ચિમ બંગાળ બહુ પ્રખ્યાત છે.

જર્મન અને સ્વીડન જેવા દેશો યુરોપિયન યુનિયનના સભ્યો છે, જે ભારતના એસએમઈ સેક્ટરને બહુ ઉપયોગી બની શકે છે. એટલેજ સરકારે ૧૦,૦૦૦ કરોડ એસએમઈ ગ્રોથ ફંડની રચના કરી છે. હાઈસ્પીડ ટ્રેનની સવલતોની જાહેરાતોમાં હૈદ્રાબાદ-ચેન્નાઈ, ચેન્નાઈ -બેંગલુરુ રૂટનો સમાવેશ થાય છે. ઓડિસા, કેરળ,આન્ધ્રપ્રદેશ અને તમિળનાડુમાંથી મળી આવતાં અપ્રાપ્ય ખનીજ તત્ત્વોને ધ્યાનમાં રાખીને નાણાંપ્રધાને રેર અર્થ કોરીડોરની જાહેરાત કરીને કંઈક નવું આપવાનો પ્રયાસ કર્યો છે. તમિળનાડુની પુરાતત્વ સાથે સંકળાયેલી સાઈટ આદિચનલ્લુર, પુલકીત લેક સાથે બર્ડ વોચીંગ સાઈટ વગેરે માટે સરકારી સહાય અને તેના વિકાસ માટે જોઈતી મદદની ખાત્રી આપી હતી. તમિળનાડુ, પ.બંગાળ, આસામ અને કેરળનાં ધાર્મિક સ્થળો ખાતે આધુનિક સવલતો ઊભી કરવા બજેટમાં ૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ટાયર -ટુ અને ટાયર-થ્રી શહેરો તેમજ જે શહેરોમાં મંદિરો છે ત્યાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભાં કરવા બજેટમાં ૭,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. અહીં યાદ રહે કે સૌથી વધુ મંદિરો તમિળનાડુમાં છે કે જ્યાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. રાજ્યના ૧૦૦ જેટલાં જૂનાં ઔદ્યોગિક સ્થળો અને એસ્ટેટોમાં વિશેષ સવલતો આપવાની બજેટમાં દરખાસ્ત છે.

**આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ક્રૂડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓની મદદમાં 80 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ 9.5 અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડાતા આ રકમ માત્ર 3.7 અબજ ડોલર વધી છે : 2023માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે 65 ટકા મદદ બહારથી મળી હતી**

# વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

## સતત વધી રહેલું પ્રદુષણ અને વૈશ્વિક ધોરણે પ્રદુષણ રોકવા કામ કરતી સંસ્થાઓની આર્થિક મદદમાં કરાતો ઘટાડો મોટી જાનહાની નોંતરશે તેવા સંકેત

દુનિયામાં એક તરફ પ્રદુષણ વધી રહ્યું છે, લોકો માટે જીવવું મુશ્કેલ બની રહ્યું છે. હવા, પાણી, જમીન, ભોજન બધે જ પ્રદુષણ સતત વધી રહ્યું છે. હવે સ્થિતિ એવી બની રહી છે કે, વધતા પ્રદુષણને રોકવા માટે વાતો થાય છે, મિટિંગો થાય છે પણ તેના ઉપર કામ થઈ રહ્યું નથી. તેના માટે જે ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે તેમાં વ્યાપક ઘટાડો થઈ ગયો છે. કેટલાક જાણકારોનો આક્ષેપ છે કે, વિવિધ મોટા દેશ અને એજન્સીઓ દ્વારા એવી યોજનાઓમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે અથવા તો ભંડોળ આપવામાં આવી રહ્યું છે જેના દ્વારા પ્રદુષણ વધારે ફેલાય છે. હાલમાં મોટા દેશોનું જે રીતે વલણ બદલાયું છે અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા નીતિગત નિર્ણયો લઈને જે રીતે કામ કરવામાં આવી રહ્યું છે તેના પગલે વિકાસશિલ દેશોને નુકસાન થઈ રહ્યું છે. આ સ્થિતિમાં સુધારો નહીં કરવામાં આવ્યો તો આગામી વર્ષોમાં લાખો લોકોનાં મોત વાયુ પ્રદુષણના કારણે થશે.

થોડા સમય પહેલાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, વાયુ પ્રદુષણને કારણે વિશ્વમાં વર્ષે ૫૭ લાખ લોકોનાં મોત થાય છે. અહેવાલો જણાવે છે કે, ૨૦૨૩-૨૪માં ઘણા દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા એજન્સીઓ દ્વારા ક્રૂડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓ પાછળ રોકાણ અને મદદમાં ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ ૯.૫ અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ એજન્સીઓ દ્વારા સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને ગુણવત્તાસભર વાતાવરણ માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ માત્ર ૩.૭ અબજ ડોલર વધી છે. જાણકારો કહે છે કે, વૈશ્વિક ધોરણે વિવિધ દેશો અને એજન્સીઓ દ્વારા માનવતા માટે જે સહાય કરવામાં આવે છે તેની માત્ર ૧ ટકા રકમ વાયુ ગુણવત્તા માટે આપવામાં આવી છે. તેના કારણે આ કાર્યોના વિકાસમાં મોટાપાયે બ્રેક લાગી છે અને માણસોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે.

પ્રદુષણને અટકાવવા માટેની આર્થિક સહાય ઓછી થઈ રહી છે. ચિંતાજનક વાત એ છે કે, દર વર્ષે યોજાતા શિખર સંમેલનમાં પણ જળવાયુ પરિવર્તન અને પલટાતા હવામાન વિશે વાતો કરવામાં આવે છે, સ્વચ્છ હવા,પાણીની વાત કરવામાં આવે છે પણ તેના ઉપર કામ કરવામાં આવતું નથી. તેના વિશે ભંડોળ આપવાનું આવે ત્યારે સરકારો અને એજન્સીઓ હાથ પાછા ખેંચી લેતી હોય છે.

જાણકારો માને છે કે, વૈશ્વિક સ્વાસ્થ્ય અને વૈશ્વિક કલ્યાણ અંગે કામ કરતી સંસ્થાઓ દ્વારા પ્રદુષણથી થતાં વૈશ્વિક મોત અંગે ફેરવિચાર કરવો જોઈએ. માત્ર આર્થિક અને જિયોપોલિટિક્સના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય કરીને લોકોને મરવા માટે ન છોડી શકાય.

ઘણા દેશોમાં પ્રદુષણનું સ્તર સખત વધી રહ્યું છે અને તેની નકારાત્મક અસરો પણ જોઈ શકાય છે. વિશ્વની સૌથી મોટી વિકાસ એજન્સી યુએસએડ બંધ થવાના કારણ વર્લ્ડ બેન્ક જેવી સંસ્થાઓ ઉપર દબાણ વધ્યું છે. આ સ્થિતિનો ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી સમયમાં કરોડો લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવશે. અહેવાલ પ્રમાણે હાલમાં દર વર્ષે ૫૭ લાખ લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવે છે. ૨૦૪૦ સુધીમાં લોકોનાં મોતનો આ આંકડો ૬૨ લાખને પાર કરી જશે. જાણકારો માને છે કે, આ કોઈ ભયસ્થાન કે ચેતવણી નથી પણ હવે પ્રદુષણ અને તેના કારણે થતાં મોત મહામારીની જેમ વધી રહ્યા છે. વિશ્વના નબળા અને ગરીબ વર્ગો તથા છેવાડાના વર્ગો તેના કારણે ઘણી પીડા ભોગવી રહ્યા છે. આગામી સમયમાં પણ તેમને જ ભોગવવાનું આવશે.



ચિંતાજનક બાબત એવી છે કે, વૈશ્વિક સ્તરે પ્રદુષણ સામે લડવા માટે ફળવાતા ભંડોળમાં પણ ભયાનક સ્તરે અસમાનતા જોવા મળી રહી છે. ૨૦૨૩માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે ૬૫ ટકા મદદ બહારથી મળી હતી. બીજી તરફ સબ સહારન સેક્ટર અને સબ સહારન આફ્રિકાના વિસ્તારોને બહારથી મળતી મદદ આશ્ચર્યજનક રીતે ૯૧ ટકા ઘટી ગઈ હતી. તેના કારણે તેમને માત્ર ૧.૧૮ કરોડ ડોલર જ મળ્યા હતા. વિચારવા જેવી બાબત એ છે કે, જે વિસ્તારમાં સ્થિતિ સુધારવાની વધારે જરૂર છે, જ્યાં સ્વાસ્થ્ય માળખું સૌથી નબળું છે ત્યાં મદદ ઓછી પહોંચી છે. મોટા દેશ અને વૈશ્વિક એજન્સીઓ દ્વારા કેવી રીતે બેદરકારી દાખવવામાં આવે છે તેનું આ ઉદાહરણ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૪૦ સુધીમાં પ્રદુષણના કારણે થતાં માનવ મોતનો આંકડો અડધો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક સંસ્થાઓ અને એજન્સીઓ દ્વારા જે રીતે ફંડ આપવામાં આવે છે અને કામગીરી થઈ રહી છે તે જોતાં મોતનો આંકડો ઘટશે નહીં પણ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

જી-૨૦ દ્વારા પ્રદુષણ ઘટાડવાના મુદ્દાને પોતાના સૌથી મોટા એજન્ડામાં સ્થાન આપવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક રાજકારણને પગલે અને બદલાતી રાજકીય સ્થિતિ અને અમેરિકાની આડોડાઈને કારણે હાલમાં વૈશ્વિક સંસ્થાઓ અટવાઈ ગઈ છે.

બજેટ અને નીતિઓ વચ્ચે વિશાળ અંતર છે અને બધું જ માત્ર કાગળ ઉપર જ રહ્યું છે. તેને વાસ્તવિકતા તરફ નહીં લઈ જવામાં આવે તો કોઈ ફાયદો થવાનો નથી.

જાણકારો માને છે કે, આર્થિક સહાયની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ઉદ્યોગો, ઈંધણ અને પુન:અપ્રાપ્ય સ્રોત માટે ખર્ચવાના બદલે થોડા વધારે પ્રમાણમાં સ્વચ્છ હવા, પ્રદુષણમુક્તિ, સ્વચ્છ પાણી માટે પણ ખર્ચાવા જોઈએ. તે ઉપરાંત વૈશ્વિક સંસ્થાઓના નીતિગત મૂલ્યોમાં પણ પરિવર્તન આવવું જોઈએ. વાયુ પ્રદુષણ કોઈ કુદરતી આપત્તી નથી આ એક માનવ સર્જીત સમસ્યા છે જેનો ઉકેલ માણસોએ જ પોતાની રીતે લાવવો પડશે.

રાજકીય અસમાનતાઓ, રાજકીય નીતિઓ, આર્થિક પ્રાથમિકતાઓનો અભાવ, ઈચ્છાશક્તિનો અભાવ અને વૈશ્વિક અસમાનતાના કારણે માણસોએ જ કરેલા કર્મોનું ફળ મળી રહ્યું છે. વિશ્વ બેન્ક અને વૈશ્વિક સંસ્થાઓ પોતાના વલણમાં ફેરફાર નહીં કરે, વિશ્વ આરોગ્ય સંસ્થા અને જી-૨૦ જેવા સંગઠનો દ્વારા પોતાની કામગીરીની દિશામાં અને નીતિઓમાં સુધારો નહીં કરવામાં આવે તો સમયાંતરે થતી જાહેરાતો માત્ર કાગળ ઉપર જ રહી જશે. હવે ધીમે ધીમે આ લડાઈ માત્ર પ્રદુષણની વિરુદ્ધ નથી રહી. હવે આ લડાઈ ન્યાય, સમાનતા, દરેક વ્યક્તિને સ્વચ્છ હવામાં શ્વાસ લેવાના અધિકાર અને સ્વચ્છ વાતારવણમાં જીવન જીવવાના અધિકાર સુધી પહોંચી ગઈ છે. આપણા કરેલા પાપને કારણે ભાવી પેઢીની જિંદગી જોખમમાં મુકી શકાય નહીં.

પ્રદુષણ અને વૈશ્વિક સમસ્યાઓના નિવારણની કામગીરીની વાત આવે ત્યારે અનેક દેશો અને એજન્સીઓ દ્વારા ભારતને કાયમ અન્યાય કરવામાં આવ્યો છે. એશિયામાં જ અન્ય દેશોને મદદ વધારે મળે છે પણ ભારતની તરફ યોગ્ય સમર્થનનો હાથ લંબાવાતો નથી. દુનિયાના સૌથી વધારે પ્રદુષિત શહેરો પણ ભારતમાં વધી રહ્યા છે. દિલ્હી, પટના, લખનઉ, કાનપુર, ધનબાદ, ગાઝિયાબાદ જેવા શહેરોમાં પ્રદુષણ ભયાનક સ્તરે વધી રહ્યું છે.

શિયાળા દરમિયાન મોટાભાગનું ઉત્તર ભારત ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જાય છે અને લોકોને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી સર્જાય છે છતાં પ્રદુષણને ડામવા માટે યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. અહેવાલો જણાવે છે કે, ભારતને ક્યારેય આ દિશામાં પ્રાથમિકતા આપવામાં આવતી નથી. તેને વાયુ પ્રદુષણ અટકાવવા માટે ભંડોળમાં અન્યાય કરવામાં આવે છે અને બીજી તરફ પ્રદુષણ રોકવા માટે થતા સંશોધનો કરવા માટે પણ ભારતને યોગ્ય સહાય કરવામાં આવતી નથી. ભારતમાં પ્રદુષણનો સ્થાનિક અને દિર્ઘકાલીન ઉકેલ લાવવા માટે યોગ્ય રોકાણ થતું નથી. એક અહેવાલ પ્રમાણે ભારતને વાયુ પ્રદુષણને કારણે ૯૫ અબજ ડોલરનું વાર્ષિક નુકસાન થાય છે. લોકોના કામકાજના દિવસોમાં ઘટાડો થાય છે, બાળકો સ્કુલે જઈ શકતા નથી, લોકોની ઉત્પાદકતા ઘટી જાય છે, હોસ્પિટલના ખર્ચ થઈ શકતા નથી, જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે. આ સમસ્યા ધીમે ધીમે એટલી મોટી થઈ રહી છે કે આગામી પેઢીને તેનું ભયાનક પરિણામ ભોગવવાનું આવશે. ગરીબી, અસમાનતા, જાહેર સ્વાસ્થ્ય જોખમ સાથે જોડાયેલો આ સૌથી મોટો મુદ્દો છે.

ભારતમાં ગરીબ વસતી, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરો, ફૂટપાથ ઉપર અને જાહેર રસ્તાની સાઈડમાં રહેતા લોકો આ બધા જ પ્રદુષણનો સૌથી વધારે ભોગ બની રહ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, જ્યારે નીતિગત નિર્ણયો લેવામાં આવે છે ત્યારે આ તમામ લોકોની ઉપેક્ષા કરવામાં આવે છે.

સાઉથ એશિયામાં માત્ર ભારતને જ અન્યાય કરવામાં આવે છે જે અયોગ્ય છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ એક જ વાયુક્ષેત્ર હેઠળ આવે છે. તેની અસર દરેક દેશ ઉપર સમાન પડવાની છે. તેથી પ્રદુષણ મુદ્દે એક દેશને મદદ અને બીજાને અન્યાય કરવાથી દેખીતો કોઈ લાભ થવાનો નથી.

# આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્ર્યના મુખ્ય ગુણો છે

આજે આપણે ચિંતનાત્મક લેખમાં એક ગરીબ પ્રામાણિક માણસ, લાલચુ વેપારી અને ન્યાયી રાજની વાતથી કંઈક જાણવા પ્રયત્ન કરીએ તો ઘણા સમય પહેલાની વાત છે.એક ગરીબ માણસ પોતાના રાજ્યમાં ફરતો હતો,ત્યારે તેને કાપડનું પોટલું મળ્યું.તેને ખોલતાં જ તેમાંથી ૫૦ સોનાના સિક્કા અને એક પત્ર મળ્યો.પત્રમાં લખ્યું હતું:'જો આ પોટલું કોઈ કારણ સર ખોવાઈ જાય અને જે કોઈ તેને પાછું શોધી કાઢે,તો તેને ૧૦ સોનાનાસિક્કા આપવામાં આવશે પત્રમાં તે વેપારીનું નામ અને સરનામું પણ હતું જેની પાસે આ પોટલું હતું.ગરીબ માણસ પ્રામાણિક હતો.તેણે તરત જ વેપારીને શોધી કાઢ્યો અને તેના ઘરે ગયો.વેપારી જે પહેલાથી જ તેના સિક્કા ખોવાઈ જવાથી પરેશાન હતો,તે પોટલું મળી જતાં ખૂબ ખુશ થયો.પરંતુલોભજાગતાં તેણે ચાલાકીનો આશરો લીધો. પોટલું ગણ્યા પછી,વેપારીએ કહ્યું,'પોટલામાં ૬૦સિક્કા હતા. તમે પહેલાથી જ ૧૦ સિક્કાકાઢી લીધા છે.સારું,હું તમને તે આપવાનો હતો.હવે તમે જઈ શકો છો.'

ગરીબ માણસ ચોંકી ગયો.તેણે વેપારીને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે એક પણ સિક્કો લીધો નથી,પરંતુ વેપારી અડગ રહ્યો. કારણ કે મામલો પણ સામે આવ્યો હતો,મામલો વધુ વકર્યો અને રાજા સુધી પહોંચ્યો.રાજાએ બંનેની વાત સાંભળી.ગરીબ માણસે બધું પ્રામાણિકપણે કહ્યું. વેપારીએ કહ્યું,મહારાજ!પોટલી માંથી ૬૦ સિક્કા હતા,અને આ માણસે૧૦ સિક્કા કાઢી લીધા છે.

રાજા સમજદાર અને ન્યાયી હતા તેમણે તરત જ વેપારીના લોભને સમજી લીધો અને ચુકાદો આપ્યો 'વેપારી દાવો કરે છેકે તેના પોટલી માંથી ૬૦ સિક્કા હતા તેથી આ પોટલી તેની ન હોઈ શકે.આ પોટલી બીજા કોઈની હોવી જોઈએ જેમાં ૫૦ સિક્કા છે.તેથી આ પોટલી તે ગરીબ માણસપાસે રહેશે જ્યાં સુધી તેનો સાચો માલિક ન મળે.'આ સાંભળીને વેપારી સ્તબ્ધ થઈ ગયો તેણે રાજાને પૂછ્યું,'તો મારા સિક્કા ઓનું શું થશે?' રાજાએ હસીને કહ્યું,'જ્યારે કોઈ પ્રામાણિક વ્યક્તિને તમારા ૬૦ સિક્કાનું પોટલું મળશે,ત્યારે તે તમને પાછું આપશે.'આજે જોઈએ તો ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારની વિધિ કરવા આવે છે.સંસ્કારથી મન શુદ્ધ થાય છે. વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે શાસ્ત્રમાં સોળસંસ્કાર બતાવ્યાછે આજકાલ તો બધા સંસ્કાર ભુલાઈ ગયા છે. સંસ્કાર લોપ થતો જાય છે.એટલે દેશ દુઃખી છે અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ,જનોઈ વગેરેસોળ સંસ્કાર છે.જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજ કાલ ધાર્મિકવિધિને મહત્વઆપવામાં આવતું નથી,કેવળ લૌકિકને મહત્ત્વ આપવામાં આવે છે

ગર્ગાચાર્યની પરીક્ષા કરવારોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદા ની ગોદમાં બલરામને રાખ્યા છે.

ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યું :બાબા રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે, તે તો સ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે.તે સર્વના મન ને આકર્ષી લેશે. તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો. તેના જન્માક્ષર બહુ સારા છે. એ મહાજ્ઞાની થશે, મહાયોગી થશે.પાંચ ગ્રહો ઉચ્ચ માં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે,પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે.

નંદબાબા ગભરાય છે.રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે?

ગર્ગાચાર્ય કહે છે:તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.નંદ બાબા કહે છે:મને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણી ઓ થશે.ગર્ગાચાર્ય :બાબા,વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે,નારાયણ સમાન છે. સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે,તેમાં નારાયણ મુખ્ય અનેશ્રીકૃષ્ણગૌણ છે.શ્રીકૃષ્ણ સમાનનારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્યઅને નારાયણ ગૌણ છે.શ્રી કૃષ્ણ અને નારાયણ માં કાંઈ ફેર નથી.આ કેવળ પ્રેમ નો મધુરકલહ છે.શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે,આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે. નારાયણમાં સાઠ ગુણો છે,જ્યારે મુરલી મનોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે. નારા યણ કરતાં ચાર ગુણો વધારે છે ૧.રૂપમાધુરી,૨. લીલામાધુરી, ૩.વેણુમાધુરી,૪. પ્રિયામાધુરીઆ ચાર ગુણો શ્રીકૃષ્ણમાં વધારે છે. નારાયણમાં આ ચાર ગુણો નથી. નારાયણને ચાર હાથ છે તેથી તેઓ થોડા બેડોળ લાગે છે, તેથી આ બે હાથ વાળો કનૈયો શ્રેષ્ઠ છે. વૈકુંઠના નારાયણ તો અક્કડ ઊભા રહે છે.અમારી સાથે બોલતા પણ નથી જ્યારે અમારો કનૈયો અમારી સાથે બોલે છે, અમારી સાથે રમે છે,અમારીસાથે ફરે છે.તેથી અમારો કનૈયો શ્રેષ્ઠછે કૃષ્ણનાં દર્શન માટે જે આતુર બને છે તેની પાછળ કનૈયો આવે છેજ ગોકુળમાં એક નવી વહુ આવી હતી તે કનૈયાનાં દર્શન કરવા માટે આતુર હતી.તેની સાસુ તેને શ્રી કૃષ્ણનાં દર્શન કરવા જવા દેતી ન હતી.આજે તે જળભરવા જાય છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં દેહનું ભાન ભૂલી જાય છે.લાલા ના કેશ વાંકડિયા છે, મસ્કત ઉપર મોરપીંછ છે, હોઠ ઉપર મોરલી ધારણ કરી છે, કાનમાં મકરાકૃતિ કુંડળ અને કેડ ઉપર પિતાંબર ધારણ કર્યું છે. ત્યાં તો છુમછુમ કરતો કનૈયો પાછળથી આવે છે. આવીને સાડીનો છેડો પકડે છે. ગોપી જુએ છે તો કનૈયાએ આવીને સાડી પકડી છે.ત્રણ વર્ષનો કનૈયો છે.ગોપી કનૈયાને ઊઠાવી છાતી સરસો ચાંપે છે. કનૈયો સર્વનો પિતા છે,સર્વનો પતિ છે અને સર્વનો બાળક છે. વૈકુંઠના નારાયણ મર્યાદા પુરુષોત્તમ છે,ત્યારે આ કનૈયો પુષ્ટિ પુરુષોત્તમ છે.કનૈયો કરે છે તેવી લીલા મનુષ્ય તો શું,દેવોપણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દેવોનાપણ દેવ છે.એકસખી દહીં,દૂધ,માખણ વેચવા નીકળે છે.શ્રીકૃષ્ણ પ્રેમમાં એવું દેહભાન ભૂલી છે કે બોલવું જોઈએ દહીં,લો,માખણ લો!પણ માખણ શબ્દ યાદ આવે જ નહીં. તેની બુદ્ધિમાં માધવ હતા,એટલે બોલવા લાગી, કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો.ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી. ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી!ગોપની આ હાલત છે. શ્રી કૃષ્ણ પ્રેમમાં એવી તન્મય થઈ છે કે,એ શું બોલે છે તેનું એને ભાન નથી.લાલાને કાને આ શબ્દપડયા લાલો કહે,આ તો જબરી છે.મને વેચવા નીકળી છે.રસ્તામાં જ શ્રી કૃષ્ણ પ્રગટથયા સખીને કહે,અલી ગોપી!હું ગોકુળનો રાજા છું તુંમને માખણ આપ.વાચક ચાહક મિત્રો

ગરીબ પ્રામાણિક માણસ અને લાલચુ વેપારી પાસેથી એક શીખ મળે છે કે આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ. પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્ર્યના મુખ્ય ગુણો છે. જે લોકો પોતાના વચનો તોડે છે તેઓ સમાજમાં માન ગુમાવે છે. બીજી બાજુ,પ્રામાણિકતા આપણને ફક્ત આત્મસંતોષ જ નહીં આપે પણ બીજાઓની નજરમાં પણ ઉંચા સ્થાન આપે છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# તુલસી અને સત્યનાં લગ્ન તૂટતાં તૂટતાં બચી ગયાં ! એનું શું કારણ હતું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

મકર સંક્રાંતિ પછી હિન્દુઓમાં લગ્નની ઋતુ શરૂ થાય છે, અને એમ અત્યારે લગ્નની ઋતુ ચાલે છે. પણ લગ્ન ગમે ત્યારે થાય ,જન્માક્ષર મેળવ્યાં હોય! સારા એવાં ગુણ મળતાં હોય, ચંદ્ર સારો હોય, નાડી દોષ ન્હોય, અને મંગળનો દોષ ન્હોય, છતાં આપણને જાણવાં મળે કે ખબર મળે કે, પેલા હરિન્દ્ર ભાઈની દીકરીનાં લગ્ન તૂટી ગયાં, અને સાંભળ્યું છે કે, સાસરી વાળા એ છૂટાછેડા માટે કોર્ટમાં કેસ કર્યો છે! સાંભળનાર વ્યક્તિ ઓહ લે! મને તો ખબર જ નહીં! એમ કહેશે. પછી એ બીજાને કહેશે, પણ થોડો મરી મસાલો ભેળવીને, અને આમ આખી જ્ઞાતિ કે સમાજને ખબર પડી જશે! પણ સચ્ચાઈની નહીં! એટલે લગ્નને નિભાવવા માટે બંને પક્ષે સચ્ચાઈ અને વિશ્વાસની જરૂર હોય છે, અને તૂટે ત્યારે પણ આપણે આ સંબંધ નિભાવી શક્યા નથી, એનું સાચું કારણ સમાજ સામે આવવું જોઈએ! એમાં પણ વકીલ પાસે જાવ તો એ પોતાનો પક્ષ મજબૂત થાય એટલે કેવું કેવું બોલાવે! જેમાં રતીભાર સચ્ચાઈ હોય નહીં. તો લગ્ન નામના કમિટમેન્ટ માટે પાયામાં વિશ્વાસ હોવો બહુ જરૂરી છે, અને આપણી આજની બોધકથાનો બોધ પણ એ અંતર્ગત જ છે.

નવીન ભાઈ પાણી પીવા ઉઠ્યાં, તો એણે જોયું કે સામેના બંગલામાં હજી લાઈટો ચાલુ છે.એણે એની પત્ની નલિનીને જગાડીને કહ્યું કે સાધના બેન અને સંદીપ ભાઈનાં ઘરે બે વાગ્યે પણ લાઈટ ચાલુ છે! નલિની બેને કહ્યું કે એમનાં દિકરા સત્યનાં લગ્ન છે, તે હશે કંઈક એટલે ફેમિલી ડિસક્શન ચાલતું હશે. એમણે કહ્યું પણ અવાજનો ટોન જુદો છે, એટલે કે હરખ નથી વર્તાતો, પણ લડાઈ જેમ ચર્ચા ચાલે છે. નલિની બેને કહ્યું હશે જે હોય તે! એ એનાં ઘરનો પ્રશ્ન છે! સૂઈ જાવ તમે.

વાત જાણે એમ હતી કે સત્ય છેલ્લા સાત વર્ષથી અમેરિકામાં જોબ કરતો હતો! અને હવે લગ્ન કરીએ તો વાંધો આવે એમ નથી! એમ નક્કી થતાં એ લગ્ન માટે ઈન્ડિયા આવ્યો હતો, કારણ કે એને માત્ર રુપાળી નહીં,પણ ભણતર અને સંસ્કારમાં પણ અવ્વલ એવી યુવતીની તલાશ હતી, જે એને આ વિદેશી કલ્ચરમાં મળે નહીં. પોતાના પપ્પાનાં મિત્ર વિવેકની બહેન અનસૂયા બેનની દિકરી તુલસી પર એણે લગ્નનો કળશ ઢોળ્યો હતો. તુલસી પોતે ડબલ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતી હતી, અને દેખાવે અત્યંત સુંદર હતી, એમ કહો કે એને અડીએ તો પણ ડાઘ પડી જાય! અને આમ પણ પૂર્ણ સંસ્કારી અને પવિત્ર એવી તુલસી પરિવારનાં બધાને ગમી ગઈ.

લગ્નને બે ત્રણ દિવસ પહેલા કુરિયર એમ કરીને એક સાવ અજાણ્યો માણસ આવીને એક કવર આપી ગયો! જેમાં તુલસી વિશે ગમે તેવી વાત લખી હતી, અને પુરાવા રુપે ફોટા પણ હતાં! જેમાં એ અન્ય યુવક સાથે પ્રેમાતૂર હતી.

એ ફોટામાં ની યુવતીનાં કપડા અને અશ્લીલ હરકતો, જોઈને સત્યનાં મમ્મી પપ્પા અને ભાઈ ભાભીએ આ લગ્ન પર વિરોધ દર્શાવ્યો! પણ સત્યએ કહ્યું કે એક વાર એ તુલસી સાથે વાત કરશે પછી નિર્ણય કરશે! અને એને કહશે કે હું આ પત્ર અને ફોટાની સચ્ચાઈ જાણવા માંગુ છું. પરિવાર જનોને એમ હતું કે સત્ય તુલસીનાં રુપની મોહજાળમાં ફસાઈને ક્યાંક ખોટો નિર્ણય કરી બેસશે! એટલે એ તુલસી સાથે હવે કોઈ વાત નથી કરવી, એમ કહેતાં હતાં પણ સત્ય એ કહ્યું કે લગ્ન કરવા એ અમારા બેયનો નિર્ણય હતો અને હવે લગ્ન નથી કરવાં, એવો નિર્ણય હું એકલો લઈ ન શકું! કમ સે કમ એને લગ્ન નથી કરવાં, એનાં કારણની જાણ હોવી જરૂરી છે.

સત્ય અને તુલસી બંને મળે છે, તુલસી અત્યંત ઉત્કંઠાથી સત્યને કહે છે કે હવે તો બે જ દિવસની વાર છે, પછી આપણે.. સત્ય નીચું જોઈ જાય છે! તુલસી પુછે છે શું થયું? નથી કરવા લગ્ન? કોઈ ગોરી... સત્ય એને બોલતા અટકાવી અને પેલું કવર આગળ કરે છે. તુલસી કવર ખોલે છે, અને એનાં ચહેરાંની એકપણ રેખા તંગ નથી થતી! એ સત્યને કહે છે, કે તે આની પર વિશ્વાસ કરી લીધો! સત્ય એ કહ્યું ના, પણ જણાવવા જેવું કંઈ હોય તો તું મને સચ્ચાઈથી વાકેફ કરી શકે! બિલકૂલ નિર્ભય થઈને એટલે આવ્યો છું.

તુલસીએ કહ્યું કે આ ફોટામાં એક સચ્ચાઈ છે, અને એ છે કે આ યુવકને હું ઓળખું છું, અને એ મારો ક્લાસ મેટ જેસર છે, અને અમે કોલેજ પિકનિકમાં સાથે મુંબઈ ગયાં હતાં, અને ત્યારે મેં આ થોડા મોર્ડન કપડાં પણ પહેર્યા હતાં, બસ બાકી બધું ખોટું છે, અને મારી સચ્ચાઈનો બીજો મારી પાસે પૂરાવો પણ નથી, હવે તારે માનવું હોય તો તું... એનો અવાજ અને આંખો બંને થોડા નમ થયાં, પણ બીજી જ ક્ષણે એણે પોતાની જાતને સંભાળી લીધી, અને ઉભી થતાં બોલી, સત્ય તારું ખાલી નામ જ સત્ય છે, જ્યારે મારું નામ તુલસી છે, અને એ કાયમ પવિત્રતા માટેનું ઉત્તમ ઉદાહરણ છે, એ વાત તું યાદ રાખજે, તારો જે કોઈ નિર્ણય હોય તે, પણ હું આનાથી વધુ કોઈ સાબિતી આપી શકીશ નહીં! અને મારે આપવી પણ ન જોઈએ, કારણ કે એમ તો આપણી આ દસમી મુલાકાત છે! માણસને ઓળખવામાં એક મુલાકાત પણ કાફી છે! તારો નિર્ણય તું પરિવાર સાથે ઘરે આવીને જણાવી જજે, આમ કહી તુલસી ત્વરાથી ઉભી થઈ અને ચાલી ગઈ..

લગ્નની પ્રથમ રાત્રે સત્ય અને તુલસી બંને પોતાનાં બેડ પર બેઠા હતાં, તુલસી એ સત્યને કહ્યું કે થેન્કસ સત્ય મારી પર ટ્રસ્ટ કરવાં માટે! સત્ય એ કહ્યું એમાં થેન્કસ કહેવાની કોઈ જરૂર નથી, મને તારી આંખમાં પૂર્ણ પવિત્રતા દેખાતી હતી. તુલસી ઉભી થઈને પોતાના પર્સ માંથી એક કવર લાવીને સત્યનાં હાથમાં મુક્યું! સત્ય એ કહ્યું કે તુલસી મેં કહ્યું ને કે હું હવે કંઈ જ જોવા નથી માંગતો! તુલસીએ કહ્યું મારી ખાતર લાસ્ટ! ના ના કરતાં કરતાં સત્ય એ કવર ખોલ્યું, કવરમાં સત્ય અને એની ઓફિસ મેટ સર્વિના જાપા સાથેનાં અશ્લીલ ફોટા અને વીડિયો હતાં તેમજ પત્રમાં બંને રિલેશનશીપમાં રહે છે, એવું પણ લખ્યું હતું. સત્ય એ બેબાકળી નજરે તુલસી સામે જોયું તુલસીએ સત્યનો હાથ પકડીને કહ્યું કે રિલેક્સ, મને આ કવર આપણા લગ્નના ચાર દિવસ પહેલાં મળ્યું, પણ મને મારા સત્ય પર પૂરો ભરોસો હતો, એટલે મેં એને વિશે કંઈ જ પૂછ્યું નહીં! ઈન્ફેક્ટ મેં મારા ફેમિલીને પણ કહ્યું નથી! સત્ય એ પોતાના કાન પકડ્યાં અને કહ્યું તારી વાત સાચી છે, મારે પણ આવું જ કરવું જોઈતું હતું! તુલસીએ એનાં મોઢાં પર હાથ મુકીને કહ્યું કે તો શું રાત આમ જ સોરી કહેવામાં કાઢવી છે કે પછી.... અને સત્ય એ તુલસીને પોતાની બાહોમાં સમાવી લીધી..

તો મિત્રો આ એ આઈ જેવી ટેકનોલોજી નો યુગ છે, એમાં શુભચિંતક કરતાં વિરોધી વધારે હોય માટે બહુ સાવધાન રહેવું અને લગ્ન માટે બીજું કંઈ જ મેળવ્યું ન્હોય તો પણ લગ્ન ટકી શકે! પરંતુ જીવનસાથી પ્રત્યે વિશ્વાસ જરૂરી છે. જ્યોતિષ વિદ્યાને આધારે આપણે ત્યાં હસ્ત રેખા અને જન્મ સમયનાં ગ્રહનાં સ્થાન પરથી ગ્રહ મેળવવાની પરંપરા બહુ જૂની છે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે, એટલે અમુક લોકો વૈજ્ઞાનિક રીતે પણ ટેસ્ટ કરાવે છે, પરંતુ સૌથી મહત્વનું તો પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ, અને એજ ઉમા મહેશની જેવાં ઉત્તમ દામ્પત્ય તરફ દોરે છે.

# ભારતમાં પ્રથમવાર રાષ્ટ્રીય મહાકવિ માઘ સમારોહ: સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગે દ્વિ-દિવસીય આયોજન કર્યું



આણંદ, તા.03

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ દ્વારા તા. 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી, 2026ના રોજ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય કક્ષાનો 'મહાકવિ માઘ સમારોહ' યોજાયો હતો. આ કાર્યક્રમ કુલપતિ પ્રોફે. નિરંજન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં ભારતમાં પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે મહાકવિ માઘની કૃતિઓ પર ચર્ચા કરવામાં આવી.

ઉદ્ઘાટન સત્રમાં રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન પ્રોફે. મિથિલાપ્રસાદ ત્રિપાઠીજીએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. તેમણે મહાકવિ માઘનો મહિમા અને તેમની કૃતિ 'શિશુપાલવધ મહાકાવ્ય'ના વિવિધ સાહિત્યિક પાસાંઓ પર પ્રકાશ પાડી માઘની કાવ્યશૈલીની વિસ્તૃત ચર્ચા કરી હતી. બે દિવસ દરમિયાન કુલ પાંચ સત્રો યોજાયા હતા. પ્રથમ સત્રમાં નવ નાલંદા મહાવિહાર, બિહારના પ્રોફે. વિજય કર્ણજીએ 'મહાકવિ માઘ કે કાવ્ય મેં ભારતીય જ્ઞાન પરંપરા' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

દ્વિતીય સત્રમાં બે સારસ્વત વ્યાખ્યાનો યોજાયા હતા. જેમાં જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય, જોધપુરના નિવૃત્ત પ્રોફેસર સત્યપ્રકાશ દુબેજીએ 'મહાકવિ માઘ કા શાસ્ત્રીય સમીક્ષણ' વિષય પર અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય, પાટણના પ્રોફેસર ડૉ. દિલીપ પટેલજીએ 'માઘ કા સાહિત્યિક પક્ષ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું.

બીજા દિવસે તૃતીય સત્રમાં પણ બે વ્યાખ્યાનો યોજાયા. ગુજરાત વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ પ્રોફે. નરેશ વેદજીએ 'શિશુપાલવધ મહાકાવ્યમાં નૈતિક અને દાર્શનિક વિચાર' પર, જ્યારે સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફે. નિરંજન પટેલે 'શિશુપાલવધ મહાકાવ્ય કી લક્ષણિકતા ઔર કૃષ્ણ કા ચરિત્ર' પર રસાળ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. આ સત્રો બાદ વિવિધ કોલેજોના અધ્યાપકો, શોધાર્થીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા કુલ 28 શોધપત્રોનું વાંચન કરવામાં આવ્યું. સમાપન સત્ર સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફે. નિરંજન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. જેમાં રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન પ્રોફે. કેદારનારાયણ જોષીજીએ (નિવૃત્ત પ્રોફેસર, વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન) 'માઘે સન્તિ ત્રયો ગુણા:' વિષય પર વ્યાખ્યાન આપ્યું. આ સમગ્ર કાર્યક્રમ અનુસ્નાતક સંસ્કૃત વિભાગના કાર્યકારી અધ્યક્ષ પ્રોફેસર મહેન્દ્ર નાયીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. 'મહાકવિ માઘ સમારોહ'ના સંયોજક ડૉ. પ્રિયંક રાવલ અને સહ-સંયોજક દેવાંશી ભીંડી તથા શ્રેયાબેન પરમાર હતા. આ સમારોહમાં કુલ 126 જેટલાં રજીસ્ટ્રેશન થયા હતા, જેમાં ગુજરાતની વિવિધ કોલેજોના અધ્યાપકો, શોધાર્થીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહાકવિ માઘની કૃતિ 'શિશુપાલવધ'માં વર્ણિત ઉપદેશાત્મક સૂક્તિઓની પ્રદર્શની આ કાર્યક્રમનું એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-2026 : પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતીપદ્ધતિ નહી પણ જીવનની જડીબુટ્ટી

નડિયાદ, તા.03

પ્રાચીન સમયથી 'ખોરાક એ જ ઔષધ' મનાતુ હતુ પરંતુ આપણે આજે જે ખોરાક લઈ રહ્યા છીએ તે ધીમું ઝેર સાબિત થઈ રહ્યો છે.દેશ સહિત રાજ્યમાં જોવા મળતા કેન્સરના કેસ પાછળ ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો ઉપયોગ એક મુખ્ય કારણ તરીકે સામે આવ્યું છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ માત્ર પર્યાવરણ માટે જ નહીં, પણ માનવજાતને કેન્સર જેવી જીવલેણ બીમારીઓથી બચાવવા માટે એક અનિવાર્ય વિકલ્પ બની રહી છે.

આધુનિક ગણાતી રાસાયણિક ખેતીમાં વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં યુરિયા, ડીએપી અને અનેક પ્રકારના પેસ્ટિસાઈડ્સનો ખુબ જ ઉપયોગ થાય છે. આ ઝેરી રસાયણો પાકના મૂળ દ્વારા ફળ, શાકભાજી અને અનાજમાં પ્રવેશે છે.અને આ રાસાયણિક ખાતરો જમીનમાં ઉતરીને પીવાના પાણીને પણ દૂષિત કરે છે.લાંબા ગાળે આ દૂષિત ખોરાક આપણા શરીરમાં કોષોના બંધારણને નુકસાન પહોંચાડે છે જે કેન્સર જેવી બીમારીઓનું મૂળ બને છે.

## સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ બની રહી છે પ્રાકૃતિક કૃષિ

સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ બની રહી છે પ્રાકૃતિક કૃષિ... પ્રાકૃતિક ખેતી એટલે 'શૂન્ય બજેટ ખેતી', જેમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર આધારિત જીવામૃત અને બીજામૃતનો ઉપયોગ થાય છે.

પ્રાકૃતિક કૃષિનો ઝેરમુક્ત આહાર એ તેની મૂળ ખાસિયત છે. કોઈ પણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક વગર તૈયાર થયેલો ખોરાક શુદ્ધ અને સાત્વિક હોય છે.જેમાં પોષક તત્વોની વિપુલતા જોવા મળે છે.પ્રાકૃતિક રીતે ઉગાડેલા પાકમાં એન્ટી-ઓક્સિડન્ટ્સ, વિટામિન્સ અને મિનરલ્સનું પ્રમાણ વધુ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. સ્વાદ અને સુગંધની વાત કરવામાં આવે તો,રાસાયણિક ખેતી કરતા પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોનો સ્વાદ વધુ સારો અને કુદરતી હોય છે.ઉપરાંત પ્રાકૃતિક કૃષિ થકી પર્યાવરણની જાળવણી થાય છે,જમીન, જળ અને વાયુ પ્રદૂષિત થતા અટકે છે, જે પરોક્ષ રીતે લાંબા ગાળાના સ્વાસ્થ્ય લાભો આપે છે.

દર વર્ષે ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં કેન્સર વિશે જાગૃતિ વધારવાનો અને આ રોગ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસોને વધુ મજબૂત બનાવવાનો છે.

# નડિયાદમાં સહકારી શિક્ષણ પરિષદ યોજાઈ: અગ્રણીઓએ ગ્રામીણ વિકાસ અને કુદરતી ખેતી પર ભાર મૂક્યો.....

નડિયાદ, તા.03

કૃષભ ભારતી કો-ઓપરેટીવ લિમિટેડ અને ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સંયુક્ત ઉપક્રમે નડિયાદ ખાતે 'સહકારી શિક્ષણ પરિષદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લા બેંકના મીટિંગ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને જિલ્લાના પદાધિકારીઓએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કૃભકો અને CWCના ડિરેક્ટર તેમજ ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બીપીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્ઘાટન ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને ગુજકોમાસોલના ડિરેક્ટર તેજસ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

પરિષદમાં અતિથિ વિશેષ તરીકે અમૂલના પૂર્વ ચેરમેન વિપુલ



પટેલ, લુણાવાડા ખરીદ વેચાણ સંઘના ચેરમેન મનોજ પટેલ તથા નડિયાદ તાલુકા સંઘના ચેરમેન દિગવેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કૃભકોના સ્ટેટ માર્કેટિંગ મેનેજર સંદીપ પંડ્યા તેમજ ખેડા જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓએ હાજર રહી સહકારી માળખાને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સહકારી બંધુઓને ગ્રામીણ અને સહકારી ક્ષેત્રના વિકાસ માટેની સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને રાસાયણિક ખાતરોનો મર્યાદિત ઉપયોગ કરી કુદરતી ખેતી તરફ વળવા અને જમીનની ફળદ્રુપતા જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આનાથી સરકારની સબસિડીનો સદુપયોગ થાય અને લોકોના સ્વાસ્થ્યમાં સુધારો આવે તેવા હેતુ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે એક સન્માન સમારોહ પણ યોજાયો હતો. સહકારી અગ્રણી બીપીન પટેલની તાજેતરમાં જ 'કૃભકો' અને 'CWC' ના ડિરેક્ટર પદે બિનહરીફ વરણી કરવામાં આવી છે. તેમની આ સિદ્ધિ અને સહકારી ક્ષેત્રમાં તેમના પ્રદાન બદલ મહાનુભાવો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# વિશ્વ કેન્સર દિવસ-2026 : આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમ: "United by Unique"

## આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં 30 વર્ષથી વધુ ઉમરના 03 કરોડથી વધુ વ્યક્તિઓની મોંઢાના કેન્સર, ₹ 1.6 કરોડથી વધુ મહિલાઓની સ્તન કેન્સર તેમજ ₹ 82 લાખથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સરનું સ્ક્રીનિંગ કરાયું

નડિયાદ, તા.03

દર વર્ષે ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં કેન્સર વિશે જાગૃતિ વધારવાનો અને આ રોગ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસોને વધુ મજબૂત બનાવવાનો છે. કેન્સર આજે વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાં એક છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ મુજબ, દેશમાં વર્ષ-૨૦૨૫માં કેન્સરના અંદાજિત ૧૪ લાખથી વધુ કેસ નોંધાયા હતા.

દરેક વ્યક્તિની કેન્સર સામેની લડત વ્યક્તિગત, અલગ અને અનન્ય હોય છે. આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમ "United by Unique" છે. જે વ્યક્તિ કેન્દ્રિત કેન્સર સંભાળના મહત્વ પર ભાર મૂકે છે, જે દર્શાવે છે કે, કેન્સરથી પીડિત દરેક વ્યક્તિને સંવેદનશીલ, સમાન અને કરુણાસભર સારવાર મળવી આવશ્યક છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કેન્સરની બિમારી એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે. જીવનશૈલી, પર્યાવરણીય અને આનુવંશિક પરિબળોના કારણે મોંઢાના કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦ વર્ષથી વધુ ઉમરના ૦૩ કરોડથી વધુ વ્યક્તિઓની મોંઢાના કેન્સર, ૧.૬ કરોડથી વધુ મહિલાઓની સ્તન કેન્સર તેમજ ૮૨ લાખથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સરની સ્ક્રીનિંગ કરાયું છે.

કેન્સરના રોગની સમયસર તપાસ, નિયમિત સ્ક્રીનિંગ અને આરોગ્યદાયક જીવનશૈલી અપનાવવાથી કેન્સર રોગના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે, જેના પરિણામે અનેક જીવ બચાવી શકાય છે. વૈશ્વિક સ્તરે દર વર્ષે લગભગ એક કરોડ નાગરિકો કેન્સરથી મૃત્યુ પામે છે, જ્યારે ભારતમાં દર વર્ષે અંદાજિત આશરે ૧૪ લાખ નવા કેસ નોંધાય છે. ICMR-NCDIRના અહેવાલ મુજબ ગુજરાતમાં પુરુષોમાં ૦૯ માંથી ૦૧ અને મહિલાઓમાં ૧૨ માંથી ૦૧ મહિલાને જીવનકાળ દરમિયાન કેન્સર થવાનું જોખમ હોય છે. પુરુષોમાં તમાકુ સંબંધિત કેન્સર અને મહિલાઓમાં સ્તન તથા સર્વાઈકલ કેન્સર વધુ પ્રમાણમાં જોવા મળે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા કેન્સરના નિયંત્રણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે, જે અંતર્ગત તમાકુ મુક્તિ અભિયાન, સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને જરૂરી રસીકરણ તેમજ સમુદાય જાગૃતિ અભિયાન અંગે રાજ્ય સરકાર સક્રિય રીતે કામગીરી કરી રહી છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે GCRI- ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સાથે MoU કરીને "Training of Trainers" કાર્યક્રમ શરૂ કર્યો છે. જેમાં ગાયનેકોલોજિસ્ટ, સર્જન, ડેન્ટિસ્ટ, કમ્યુનિટી મેડિસિન નિષ્ણાતો તથા મેડિકલ ઓફિસરોને માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર કરવામાં આવી રહ્યા છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કેન્સર સ્ક્રીનિંગ સુલભ બનાવવા "Training of Trainers" કાર્યક્રમ હેઠળ અંદાજિત ૪૦૦થી વધુ નિષ્ણાંતો દ્વારા રાજ્યભરના ૩૭,૦૦૦થી વધુ ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

આરોગ્ય વિભાગ દ્વારા પેટા આરોગ્ય કેન્દ્ર થી લઈને મેડીકલ કોલેજ તેમજ અન્ય સરકારી સંસ્થાઓમાં મોંઢાના, સ્તન અને સર્વાઈકલ કેન્સરની વહેલી ઓળખ માટે સ્ક્રીનિંગ કાર્યક્રમો રાજ્યમાં અમલી બનાવવામાં આવ્યા છે. જિલ્લાકક્ષાના હોસ્પિટલોમાં ડે-કેર કીમોથેરાપી સેન્ટરો દ્વારા દર્દીઓને પોતાના જ જિલ્લામાં સારવાર ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત GCRI અને તેના સેટેલાઈટ સેન્ટરો દ્વારા OPD, તપાસ, સર્જરી, રેડિયોથેરાપી તથા કીમોથેરાપીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# કલેક્ટર કચેરી નડિયાદ ખાતે જિલ્લા બાળ કલ્યાણ અને સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ



નડિયાદ, તા.03

કલેક્ટર કચેરી નડિયાદ ખાતે મિશન વાત્સલ્ય યોજના અંતર્ગત જિલ્લા બાળ કલ્યાણ અને સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ. બેઠકમાં ખેડા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કરવામાં આવેલ ત્રિમાસિક કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

જેમાં, પાલક માતા-પિતા યોજના, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, પી.એમ.કેર ફોર ચિલ્ડ્રન, ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ની કામગીરી, એડોપ્શન, બાળ સંભાળ સંસ્થાઓની કામગીરી અને નિરીક્ષણ, બાળકોનું પુન:સ્થાપન, યોજનાકીય અરજીઓ માટે કરવામાં આવતી ઘર તપાસ, પોક્સો હેઠળ કાર્યવાહી, બાળકો માટેના કાયદાઓ અને બાળ વિવાહ અટકાવ માટે સમજ આપતા જન જાગૃતિના કાર્યક્રમો સહિતની બાબતો પર કરવામાં આવેલ કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફુલ ટાઈમ સેક્રેટરી ડી.બી. જોષી, નડિયાદ પ્રાંત અધિકારી નિર્ભય ગોંડલીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કાસોરમાં એક જ રાતમાં બે ઘરના તાળા તોડીને ₹3.44 લાખની મતાની ચોરી

આણંદ, તા.03

આણંદ પાસેના કાસોરમાં બે દિવસ અગાઉ રાત્રિના સમયે તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવી તેમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂપિયા 3.44 લાખની મતાની ચોરી કરી હતી. નોંધનીય છે કે, ભાલેજમાં દરગાહમાં થયેલી ચોરીના આરોપીઓ સુધી પોલીસ પહોંચી શકી નથી ત્યાં વળી વધુ એક ચોરી થતાં જ ભાલેજ પોલીસની કામગીરી પર સવાલ ઉભા થયા છે.

આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કાસોર ગામે શ્રીકાંતકુમાર ઉર્ફે સીકો હર્ષદભાઈ પટેલ રહે છે. તે તેમજ તેમના પરિવારજનો, મિત્રો અને પડોશમાં રહેતા કલ્પનાબેન ઉર્ફે મીના દિપકભાઈ પટેલ સહિતના લોકો ગત 29મી જાન્યુઆરીના રોજ અંબાજી દર્શન માટે નીકળ્યા હતા. દરમિયાન, ગત 31મીના રોજ સવારે તેમના મિત્ર મનોજભાઈ ઉર્ફે શંભુભાઈએ તેમને ફોન કરીને તેમના ઘરમાં ચોરી થયાની જાણ કરી હતી. જેને પગલે તેઓ એ દિવસે જ અંબાજીથી કાસોર ઘરે આવવા માટે નીકળી ગયા હતા. તેઓએ ઘરે આવી તપાસ કરતા તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી નાંખી ઘરમાં પ્રવેશી ઘરમાંનો તમામ માલ-સામાન અસ્તવ્યસ્ત કરી નાંખી ચોરી કરી હતી.

જોકે, તસ્કરોએ શ્રીકાંતકુમાર ઉપરાંત પડોશમાં રહેતા કલ્પનાબેન દિપકભાઈ પટેલના મકાનને પણ નિશાન બનાવ્યું હતું. બંને મકાનમાં મળી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 3.44 લાખની મતાની ચોરી કરી હતી. નોંધનીય છે કે, ભાલેજ દરગાહમાં



થયેલી ચોરીમાં પણ આ જ ગેંગની સંડોવણીની શક્યતાઓ જોવાઈ રહી છે. હાલમાં વારંવાર બનતી ચોરીની ઘટનાઓને પગલે ભાલેજ પંથકમાં લોકો પોતાની માલ-મતાને લઈને ચિંતાતુર બન્યા છે.

સમગ્ર ઘટનામાં પોલીસે સ્થળ પર જઈને તપાસ શરૂ કરી હતી. મહત્વની વાત એ છે કે, સમગ્ર ઘટનામાં પોલીસ દ્વારા ગામમાં લગાવેલા કેમેરાના સીસીટીવી ફૂટેજ એકઠાં કરવાની કવાયત હાથ ધરી હતી. જેમાં જે સ્થળે ચોરી થઈ તેની સામે જ કેમેરો લગાવ્યો હોવાનું ખૂલ્યું હતું. પરંતુ જ્યાં કેમેરો લગાવ્યો હતો તે થાંભલો પડી ગયો હતો. થાંભલો પડી જતાં નવો થાંભલો પુન: બેસાડવામાં આવ્યો હતો, જે વાતને પણ દોઢેક મહિનાનો સમય થઈ ગયો હતો. પરંતુ પંચાયતે થાંભલા પરના બંધ કેમેરાને ચાલુ કરવાની તસ્દી ન લીધી. જેને કારણે તસ્કરોને ચોરી માટે બિન્દાસપણે મોકળું મેદાન મળી ગયું હતું. આમ, આ ઘટના બાદ કેમેરા લગાવવા પાછળ કરાયેલો લાખોનો ખર્ચો એળે ગયો હોય એવી ચર્ચાએ ગામમાં જોર પકડ્યું છે.

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેડૂતો એ સાવધાની રાખવી....

નડિયાદ, તા.03

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા. ૦૩-૦૨-૨૦૨૬ ના રોજ અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા અને ભરૂચ જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવો વરસાદ/ ગાજવીજ સાથે વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે. કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલા ની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વાંસમાંથી વિકસ્યું ભવિષ્ય: ભરૂચના વજીરભાઈએ વાંસની બનાવટો અને કળામાં આદિવાસી અસ્મિતાના રંગ પૂર્યા

## હાથાકુંડીથી હાટ સુધી: વજીરભાઈની વાંસકળાએ લખી આત્મનિર્ભરતાની કહાની, પરંપરાથી પ્રગતિ સુધી: વાંસની કળામાં ઝળહળ્યું કોટવાળીયા સમાજનું ગૌરવ











ભરૂચ, તા.03

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના અંતરિયાળ હાથાકુંડી ગામમાં એક નાનકડું ઘર છે, જ્યાં દિવસભર વાંસ છોલાવાનો મધુર અવાજ સંભળાય છે. આ અવાજ માત્ર કારીગરીનો નથી, પણ એ એક સમાજના સ્વાભિમાન, સંઘર્ષ અને નવી આશાઓનો રણકાર છે. આ ઘરમાં રહેતા કોટવાળીયા આદિમ જાતિના વજીરભાઈએ પોતાની પેઢીઓથી મળેલી વાંસકળાને જીવનનું ધ્યેય બનાવી દીધી છે.

એક સમય એવો હતો જ્યારે આદિવાસી પરિવારો રોજગારી માટે છૂટક મજૂરી પર નિર્ભર હતા. પરંપરાગત કળાઓ ધીમે ધીમે વિસરાતી જઈ રહી હતી. પરંતુ વજીરભાઈએ વાંસમાં માત્ર સામાન નહીં, પણ પોતાની પેઢીનું ભવિષ્ય જોયું. તેમણે માત્ર રૂ. 10,000 ના રોકાણથી શરૂઆત કરી અને પરંપરાગત વાંસકળાને આધુનિક બજાર સાથે જોડવાનું સાહસ કર્યું.

તેમની આંગળીઓના ટેરવે વાંસની પટ્ટીઓ જીવંત બની ઊઠે છે. ટોપલા, ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓથી લઈને આકર્ષક બાંબુ ફર્નિચર અને કલાત્મક પોર્ટ્રેટ્સ સુધી વજીરભાઈએ વાંસને નવી ઓળખ આપી છે. તેમની બનાવટોમાં માત્ર કારીગરી નહીં, પરંતુ આદિવાસી સંસ્કૃતિનો આત્મા ઝળકે છે.

વજીરભાઈની સફરમાં મહત્વનો વળાંક ત્યારે આવ્યો જ્યારે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI)નો સહયોગ મળ્યો. TRI દ્વારા આયોજિત પ્રદર્શન અને વેચાણ મેળાઓએ તેમની કળાને રાજ્યસ્તરનું મંચ આપ્યું. અમદાવાદના વસ્ત્રાપુર હાટ જેવા પ્રતિષ્ઠિત સ્થળોએ ભાગ લેતા તેમની બનાવટોને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો. એક જ મેળામાં લાખો રૂપિયાનું વેચાણ થતા તેમની મહેનતને યોગ્ય બજાર મળ્યું.

આ સહયોગનો સૌથી મોટો ફાયદો એ થયો કે વચેટિયાઓની ભૂમિકા ઘટી અને મહેનતનું પૂરું વળતર સીધું કારીગરોના હાથમાં આવવા લાગ્યું. વજીરભાઈની સફળતા જોઈ હાથાકુંડી અને આસપાસના ગામોના અનેક યુવાનો ફરી પોતાના પરંપરાગત વારસાની તરફ વળ્યા છે. જે યુવાનો પહેલાં મજૂરી માટે બહાર જતા, તેઓ હવે વાંસકળામાં રોજગાર અને ગૌરવ બંને શોધી રહ્યા છે.

વજીરભાઈની કહાની એ સાબિત કરે છે કે પરંપરા અને પ્રગતિ એકબીજાના વિરોધી નથી. યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને સરકારી પીઠબળ મળે તો પરંપરાગત કળાઓ પણ આધુનિક બજારમાં પોતાની ઓળખ બનાવી શકે છે. વાંસ જેવી સામાન્ય લાગતી વનસંપત્તિ આજે હાથાકુંડીમાં આત્મનિર્ભરતા, ગૌરવ અને નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યનું પ્રતીક બની છે. વજીરભાઈ માટે વાંસ માત્ર કાચો માલ નથી એ તેમના કોટવાળીયા સમાજની ઓળખ, સંસ્કૃતિ અને આત્મસન્માનનું જીવંત પ્રતિક છે.

# શું T20 વર્લ્ડ કપ 2026માં એક પણ મેચ રમ્યા વગર પાકિસ્તાન બોયકોટ કરી શકે?

**નવી દિલ્હી, તા.03**

પાકિસ્તાન સરકારે આગામી 15મી ફેબ્રુઆરીએ યોજાનારી ભારત સામેની હાઈ-વોલ્ટેજ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરીને ખળભળાટ મચાવી દીધો છે. બાંગ્લાદેશના સમર્થનમાં લેવાયેલો આ નિર્ણય પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ની મુશ્કેલી વધારી શકે છે. જો પાકિસ્તાન આ નિર્ણય પર અડગ રહેશે, તો ICCના નિયમો મુજબ તેને રમતગમતની સાથે આર્થિક રીતે પણ પાયમાલ કરી દે તેવી જોગવાઈઓ છે.




ICCએ બાંગ્લાદેશને હાંકી કાઢ્યું ત્યારથી, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) આખી ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવાનું વિચારી રહ્યું હતું. જોકે, દેશની સરકારે આખરે ફક્ત એક જ મેચ છોડી દેવાનો નિર્ણય લીધો, ભારત સામેની. પરંતુ શું ICC આ બહિષ્કારને મંજૂરી આપે છે?ત્યારે ICC દ્વારા નક્કી કરાયેલા નિયમો પર એક નજર કરીએ.

ICCના 'પ્લેઈંગ કન્ડિશન્સ' મુજબ, જો કોઈ ટીમ મેદાન પર ઉતરવાની ના પાડે તો વિરોધી ટીમને સીધો વિજય (Walkover) આપવામાં આવે છે. ભારતને પોઈન્ટ્સ મેળવવા માટે મેદાન પર હાજર રહેવું પડશે. જો ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ ટોસ માટે આવે અને પાકિસ્તાની કેપ્ટન ગેરહાજર રહે, તો મેચ ઓફિશિયલી ભારતને ફાળવવામાં આવશે.

કલમ 16.10.7 મુજબ, બહિષ્કાર કરનાર ટીમ (પાકિસ્તાન) 20 ઓવર રમી હોય અને 0 રન કર્યા હોય તેમ માનવામાં આવશે. આનાથી પાકિસ્તાનનો નેટ રન રેટ એટલો ઘટી જશે કે અન્ય મેચો જીતવા છતાં સુપર-8માં પહોંચવું લગભગ અશક્ય બની જશે.

PCB માટે વાસ્તવિક મુશ્કેલી શરૂ થાય છે. ભારત-પાકિસ્તાન મેચ ફક્ત ટુર્નામેન્ટ માટે જ નહીં પરંતુ સમગ્ર ક્રિકેટ ઈકોસિસ્ટમ માટે વળતર મેળવે છે. બ્રોડકાસ્ટર્સને જાહેરાત આવકમાં અંદાજે 25 મિલિયન ડોલરથી 30 મિલિયન ડોલર ગુમાવી શકે છે. બ્રોડકાસ્ટર આ પ્રક્રિયામાં ICC પાસેથી માફી માંગશે. ICCને આ કાનૂની દાવાઓ અને નાણાકીય નુકસાન સીધા PCB પર લાદવાનો અધિકાર છે.

PCBના કુલ બજેટનો 70-80% હિસ્સો ICCના ફંડ પર નિર્ભર છે. જો આ ફંડ અટકાવી દેવાય, તો પાકિસ્તાની ક્રિકેટનું અસ્તિત્વ જોખમમાં આવી શકે છે.

ICC બંધારણની કલમ 2.4 (D) સ્પષ્ટપણે જણાવે છે કે ક્રિકેટ બોર્ડ સરકારી દખલગીરીથી મુક્ત હોવું જોઈએ. માત્ર એક ટીમ સામે ન રમવાનો નિર્ણય ગ્લોબલ ઈવેન્ટની અખંડિતતાનું ઉલ્લંઘન છે. અગાઉ શ્રીલંકા અને ઝિમ્બાબ્વેને સરકારી હસ્તક્ષેપ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન પર પણ આવું જ જોખમ તોળાઈ રહ્યું છે.

# T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ-5 બોલર

**નવી દિલ્હી, તા.03**

T20 વર્લ્ડ કપ 2026ની જાહેરાત થયા બાદ હવે થોડા દિવસો બાકી છે. આમ, 7 ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટુર્નામેન્ટમાં કુલ 20 ટીમ રમશે. જેમાં બેટર અને બોલર વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે. આ પહેલા T20 વર્લ્ડ કપ નજર નાખીએ તો સૌથી વધુ વિકેટ લેનાર બોલરની લિસ્ટમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશના ખેલાડી સામેલ છે. પરંતુ ટોપ-5માં એક પણ ઈન્ડિયન બોલરનું નામ નથી.




ICC T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ બાંગ્લાદેશના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસનના નામે છે. શાકિબે 2007થી 2024 સુધી 43 મેચમાં 6.86ની ઈકોનોમી રેટથી 50 વિકેટ લીધી છે. જેમાં તેનું બેસ્ટ પ્રદર્શન 4 વિકેટ પર 9 રનનો રહ્યો છે. જોકે, તે T20 વર્લ્ડ કપમાં 50 વિકેટ લેનાર પહેલો અને એકમાત્ર બોલર છે.

પાકિસ્તાનના બોલર શાહિદ અફરીદી આ લિસ્ટમાં બીજા સ્થાને છે. અફરીદીએ 2007થી 2016 વચ્ચે 34 મેચમાં 6.71ની શાનદાર ઈકોનોમીમાં 39 વિકેટ લીધી છે. આ દરમિયાન તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 11 રનમાં 4 વિકેટનું રહ્યું છે.

શ્રીલંકાના બોલર લસિત મલિંગાએ 2007થી 2014 વચ્ચે 31 T20 વર્લ્ડ કપ મેચ રમી છે અને 38 વિકેટ લીધી છે. જેમાં તેનું સૌથી બેસ્ટ પ્રદર્શન 31 રનમાં 5 વિકેટ છે.

આ લિસ્ટમાં ચોથા સ્થાને શ્રીલંકાના ઓલરાઉન્ડર વનિંદુ હસરંગા છે. હસરંગાએ 2021થી 2024 વચ્ચે માત્ર 19 મેચમાં 37 વિકેટ મેળવી છે. આ દરમિયાન તેનું શ્રેષ્ઠ પ્રદર્શન 8 રન આપીને 3 વિકેટ રહ્યું છે.

આ લિસ્ટમાં અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાન પાંચમા નંબરે છે. તેણે 2016 થી 2024 દરમિયાન 23 મેચમાં 37 વિકેટ લીધી હતી. વર્લ્ડ કપમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન 9 રન આપીને 4 વિકેટનું હતું. આ વખતે અફઘાનિસ્તાન રાશિદની કેપ્ટનશીપ હેઠળ વર્લ્ડ કપમાં ઉતરશે.

# અભિષેક શર્મા બનશે T20 વર્લ્ડ કપનો અસલી 'કિંગ'? રિકી પોન્ટિંગે કરી મોટી ભવિષ્યવાણી!

**નવી દિલ્હી, તા.03**

ભારતીય ટીમના યુવા બેટર અભિષેક શર્મા તેની તૂફાની બેટિંગના કારણે બધાની નજરમાં છવાયો છે. અભિષેક બોલરો માટે ભયનું નામ બની ગયો છે. આમ, ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડી રિકી પોન્ટિંગ પણ અભિષેકના વખાણ કર્યા હતા. પોન્ટિંગે કહ્યું કે, 'અભિષેક T20 વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ થઈ શકે છે.'



ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાતો T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન રમાશે. ટીમ ઈન્ડિયા આ વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે અને ટાઈટલ જીતવાની કોશિશ કરશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમને તેના ટાઈટલને બચાવવા માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે અને જેનું એક મોટું કારણ અભિષેક શર્માનો તૂફાની અંદાજ પણ છે.

પોન્ટિંગે કહ્યું કે, 'ICCની ગ્લોબલ ટુર્નામેન્ટમાં અભિષેકનો આ પહેલો અનુભવ થશે, પરંતુ તેનાથી તેને ફાયદો થશે.' ICC રિવ્યૂમાં પોન્ટિંગે કહ્યું કે, 'અભિષેક એક સ્ટાર બેટર છે. મને લાગે છે કે, તેનું બિનઅનુભવી ભારત માટે પોઝિટિવ વાત છે. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર બેટર અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ થઈ શકે છે.'

અભિષેક હાલમાં T20 ક્રિકેટમાં નંબર-વન બેટ્સમેન છે. તેણે ગયા વર્ષે ઝિમ્બાબ્વેમાં હરારેના ખેલાડી સામે ડેબ્યૂ કર્યું હતું અને બીજી જ મેચમાં સદી ફટકારી હતી. આ તેની પહેલી ICC ટુર્નામેન્ટ હશે. જો તે આગળ વધશે તો તેની પાસે રનનો પ્રવાહ ચોક્કસ આવશે. ભારત પાસે સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ અને રિંકુ સિંહ પણ છે, જેઓ સારુ એવુ પ્રદર્શન કરશે.

# ટીમ ઈન્ડિયાના તોફાની બોલરની વાપસી, T20 વર્લ્ડ કપ પહેલા મેદાનમાં મચાવ્યો તરખાટ

**નવી દિલ્હી, તા.03**

ટીમ ઈન્ડિયાના યુવા તોફાની બોલર મયંક યાદવે લાંબા સમય પછી વાપસી કરી છે. મયંક યાદવ ઈન્ડિયા-એ માટે અમેરિકા સામે T20 વર્લ્ડ કપ 2026 વોર્મ-અપ મેચ રમશે. IPL 2024માં સતત 150KMPHની સ્પીડમાં બોલિંગ કર્યા બાદ ટીમ ઈન્ડિયા માટે ડેબ્યુ કરનાર મયંક છેલ્લા 9 મહિનાથી એક્શનથી દૂર હતો. જોકે, હવે 23 વર્ષના બોલરે IPL 2026 માટે હુંકાર લગાવી મેદાનમાં વાપસી કરી છે. મયંક IPL 2026માં લખનઉં સુપર જાયન્ટ્સ માટે રમતો જોવા મળશે.




મયંક યાદવે અમેરિકા સામે ધમાકેદાર ગતિએ બોલિંગ કરી, પરંતુ અસરકારક સાબિત ન થઈ. મયંક ટીમનો ચોથો સૌથી મોંઘો બોલર હતો. મયંકે 12.30ની ઈકોનોમી રેટથી રન આપ્યા. મયંકે ત્રણ ઓવરમાં 37 રન આપ્યા. નોંધપાત્ર વાત એ છે કે, તે યુએસએના કોઈપણ બેટ્સમેનને આઉટ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. જેમાં ઈન્ડિયા-એ કેપ્ટન આયુષ બડોની આ મેચમાં સૌથી મોંઘો રહ્યો, તેણે એક જ ઓવરમાં 23 રન આપ્યા હતા. મયંક યાદવ આગામી 6 ફેબ્રુઆરીએ ઈન્ડિયા-એ જર્સીમાં જોવા મળશે, જ્યારે ટીમ નામિબિયા સામે વોર્મ-અપ મેચમાં રમશે.

IPL 2025માં મયંક યાદવે પંજાબ કિંગ્સ અને લખનઉં સુપર જાયન્ટ્સમાં બોલિંગક કરી હતી. તેને ચાર ઓવરમાં 15ની ખરાબ ઈકોનોમીથી 60 રન આપ્યા હતા. ત્યારબાદ, ઈજાને કારણે તે બહાર થયો હતો. મયંક યાદવે ટીમ ઈન્ડિયા માટે ત્રણ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાં તેણે ચાર વિકેટ લીધી છે.

ઈજાના કારણે મયંક યાદવના કરિયર પર તેની અસર પડી છે. તેણે 2022માં IPLમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે લખનઉં સુપર જાયન્ટ્સે તેને 20 લાખના બેઝ પ્રાઈસ પર ખરીદ્યો હતો. બે સિઝન પછી 2024માં મયંકને ડેબ્યૂ મળ્યું. મયંકે 156.7 કિમી પ્રતિ કલાકની ઝડપે સિઝનનો સૌથી ઝડપી બોલ ફેંકીને બધાને ચોંકાવી દીધા હતા. જેનાથી તે લીગના ઈતિહાસમાં સૌથી ઝડપી બોલરોમાંનો એક બન્યો હતો. મયંક હવે આગામી IPL સિઝનમાં મજબૂત વાપસી પર નજર છે. તે લખનઉં સુપર જાયન્ટ્સ માટે રમશે. અત્યાર સુધી મયંકે 6 IPL મેચમાં 9 વિકેટ લીધી છે.

# 'ગોલમાલ 5'માં બોલિવૂડના દિગ્ગજ એક્ટરની એન્ટ્રી, વિલનની ભૂમિકા નિભાવશે, કરિના કપૂરની પણ વાપસી

**મુંબઈ, તા.03**

ડાયરેક્ટર રોહિત શેટ્ટી તેની આગામી કોમેડી ફિલ્મ 'ગોલમાલ'ને આગળ વધારી રહ્યો છે. આમ, જલ્દી 'ગોલમાન 5' શૂટિંગ શરૂ કરવાની એંધાણ છે. 'ગોલમાલ 5'માં બોલિવૂડ સ્ટાર અજય દેવગન ફરી એકવાર ફિલ્મમાં જોવા મળશે. તાજેતરમાં જાણવા મળ્યું છે કે, અક્ષય કુમાર પણ આ ફિલ્મમાં દેખાશે. અક્ષય પછી ફિલ્મમાં વધુ એક કાસ્ટિંગ થઈ છે. જેમાં કરિના કપૂર પણ આ ફિલ્મમાં જોવા મળશે.



ઘણાં સમયથી ચર્ચા થઈ રહી હતી કે, કરિના 'ગોલમાલ 5'માં જોવા નહીં મળે. પરંતુ હવે તે આ ફિલ્મનો ભાગ છે. કરિનાનું કાસ્ટિંગ કરવામાં મોડું કેમ થયું, તેનું કારણ પણ સામે આવ્યું છે. બોલિવૂડ હંગામાની એક રિપોર્ટમાં સૂત્રના આધિન કહેવામાં આવ્યું છે કે, ડેટ્સ અને અન્ય કારણોસર કરિનાનું કાસ્ટિંગ કરવામાં વિલંબ થયો.

રોહિત શેટ્ટી ફિલ્મમાં કરિનાને લેવા માટે ઉત્સાહિત હતા. કરિનાએ પણ ફ્રેન્ચાઈઝમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. રોહિતે તેની ટીમ સાથે મળીને કરિના માટે ખાસ અને મનોરંજક રોલ લખ્યો છે. કરિના 2010માં રિલીઝ થયેલી 'ગોલમાલ 3'માં અજય દેવગણ સાથે જોવા મળી હતી. તેણે ડબ્બુનું પાત્ર ભજવ્યું હતું. જોકે, તે ચોથા પાર્ટનો ભાગ નહોતી, પરંતુ હવે તે ફ્રેન્ચાઈઝમાં પાછા ફરવા માટે તૈયાર છે.

કરિના કપૂરના રોલને લઈને વધુ જાણકારી સામે આવી નથી. પરંતુ અક્ષય કુમારના રોલ અંગે માહિતી મળી છે. એક રિપોર્ટમાં જણાવ્યું છે કે, અક્ષય આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. આ સાથે ફિલ્માં તુષાર કપૂર, અરશદ વારસી, શ્રેયસ તલપડે, કુણાલ ખેમૂ, સંજય મિશ્રા પણ 'ગોલમાલ 5'માં ભૂમિકા નીભાવશે.

# ડિરેક્ટર સિંગીતમ શ્રીનિવાસ રાવની 94 વર્ષની વયે નવી ફિલ્મ બનાવશે

**મુંબઈ, તા.03**

સાઉથના પીઢ ફિલ્મ દિગ્દર્શક સિંગીતમ શ્રીનિવાસ રાવે ૯૪ વર્ષની વયે નવી ફિલ્મનું દિગ્દર્શન કરવાની જાહેરાત કરતાં તેમના ચાહકો આશ્ચર્ય સાથે આનંદમાં ગરકાવ થઈ ગયા છે. તેમણે છેલ્લાં ૧૦ વર્ષથી ડાયરેક્ટર તરીકે કોઈ ફિલ્મ હાથ પર લીધી ન હતી. અચાનક તેમણે આ વયે પુનરાગમનની જાહેરાત કરી છે.



તેમણે 'એસએસઆર ૨૬૧' એવું કામચલાઉ ટાઈટલ ધરાવતી નવી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મને નાગ અશ્વિનનાવૈજયંતી મૂવીઝના બેનર હેઠળ પ્રોડ્યુસ કરવામાં આવશે. ફિલ્મની કાસ્ટ અને વાર્તાની માહિતી આપવામાં આવી નથી.

નિર્માતા દ્વારા શેર કરાયેલા વિડીયોમાં તેઓ પોતાની ટીમને સૂચનાઓ આપી રહ્યા હોય તેવું જણાય છે. નાગ અશ્વિનની જ 'કલ્કિ ૨૮૯૮ એડી'માં સિંગિતમ શ્રીનિવાસ રાવે પોતાના ક્રિએટિવ ઈન્પૂટ્સ પણ આપ્યા હતા. જોકે, છેલ્લાં દસ વર્ષથી તેમણે કોઈ ફિલ્મનું ફૂલ ફલેજ્ડ દિગ્દર્શન કર્યું નથી.

સિંગીતમ શ્રીનિવાસ રાવ સાઉથમાં સંખ્યાબંધ સુપરહિટ તથા સાથે સાથે પ્રયોગશીલ અને એનિમેશન ફિલ્મો માટે પણ જાણીતા છે. જેના પરથી હિન્દી ફિલ્મ 'નાચે મયુરી' બની તે મૂળ 'મયુરી' ફિલ્મ તેમણે બનાવી હતી.

# મારા પર્સમાંથી દુઆએ બે દિવસ પહેલાં ખાધેલું થેપલું મળ્યું : દીપિકા પાદુકોણ

■ **દીપિકા પાદુકોણે ગર્વથી કબુલ્યું કે તેને દુઆનું ઘેલું લાગ્યું છે**

**મુંબઈ, તા.03**

દીપિકા પાદુકોણ પોતાની અભિનય ક્ષમતાથી દુનિયા પર રાજ કરવામાં જ ધ્યાન આપતી હોય કે પછી એક દિવા અને આઈકોન તરીકે જાણીતી છે. પરંતુ મનથી તે સંપુર્ણ ભારતીય માતા છે, જેનું બધું જ ધ્યાન હાલ તેની દિકરી દુઆ પર છે અને તેને મોટી થતી નીહાળવામાં તે સમય વિતાવવા માગે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કબુલ્યું છે કે તેને પોતાની દિકરી દુઆનું એવું ઘેલું લાગ્યું છે કે તે વારંવાર તેને 'આઈ લવ યુ આઈ લવ યુ' કહેતી સંભળાય છે.

દીપિકા માતા બન્યા પછી બ્રેક લીધા પછી ફરી લાઈમલાઈટમાં પાછી ફરી રહી છે. સપ્ટેમ્બર 2024માં તેણે દુઆ પાદુકોણ સિંઘને જન્મ આપ્યો હતો. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે હાલમાં તે કઈ બાબતથી ઓબસેસ્ડ છે, તો દીપિકાએ તરત કહ્યું હતું કે, "હાલમાં નહીં, હાલમાં શબ્દ જ હું કાઢી નાખવા માગું છું. મારી દિકરી મારું ઓબ્સેશન છે."

દિકરીના કારણે માતાના બેગની સામગ્રી બદલાઈ જતી હોય છે, તો તેના બેગની સૌથી વિચિત્ર વસ્તુ અંગે પૂછાતા દીપિકાએ એક કિસ્સો યાદ કર્યો હતો. એક વખત દુઆ થેપલાનો ટુકડો હાથમાં લઈને ખાઈ રહી હતી અને તેને બે દિવસ પછી એની બેગમાંથી એનો ટુકડો મળ્યો હતો. માતા બન્યા પછી સંગીત દીપિકાનો સહારો બન્યું છે, જોકે, તેનું પ્લેલિસ્ટ બદલાઈ ગયું છે. પહેલાંથી અલગ હવે દીપિકા પણ નર્સરી રાઈમ્સની મજા લે છે અને તે પણ હેડ શોલ્ડર નીઝ એન્ડ ટોઝ ગીત સાથે સાથે ગાઈને તેની મજા લે છે. આ ઈન્ટરવુમાં દીપિકા જો એક્ટર ન હોત તો શું હોત, તે મુદ્દે પણ ચર્ચા થઈ હતી. એક્ટિંગમાં પ્રવેશી તે પહેલાં દીપિકા બેડમિન્ટન રમતી હતી. તો ઘણા લોકો એવું વિચારે છે કે દિપિકા એક્ટર ન હોત તો બેડમિન્ટનમાં એવોર્ડ જીતતી હોત. પરંતુ દીપિકા આ મુદ્દે કહે છે કે તે કદાચ ઈન્ટેરિઅર ડિઝાઈનર બની શકી હોત. જોકે, આ ઈટરવ્યુમાં તેણે જણાવ્યું કે તેનો પતિ રણવીર સિંહ માને છે કે દીપિકા માટે વકીલ બનવાનો વિકલ્પ સારો રહ્યો હોત. જ્યારે તે કેવા વાક્ય વધારે બોલતી હોય છે, તે અંગે દીપિકાએ કહ્યું તે વારંવાર પોતાની દિકરીને "આઈ લવ યુ" કહેતી સાંભળવા મળે છે. જો દીપિકાની આવનારી ફિલ્મોની વાત કરવામાં વે તો તે સિદ્ધાર્થ આનંદની શાહરુખ સાથેની ફિલ્મ કિંગ સાથે મોટા પડદે કમબેક કરી રહી છે. જેમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન, રાની મુખર્જી પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના દિવસે રિલીઝ થઈ રહી છે.



# રોહિત શેટ્ટીની ગોલમાલ ફાઈવના શૂટિંગ અંગે અનિશ્ચિતતા

## ફિલ્મના સેટ પર એકદમ કડક સિક્યોરિટી પ્રોટોકોલ જાળવવા પડશે



**મુંબઈ, તા.03**

રોહિત શેટ્ટીની 'ગોલમાલ ફાઈવ'નું શૂટિંગ આગામી ૧૫મી ફેબ્રુઆરીથી શરુ થવાનું હતું. જોકે, તેનાં જુહૂ ખાતેનાં નિવાસસ્થાન પર થયેલા ગોળીબાર બાદ હવે પોલીસ તેને આટલા જલ્દી શૂટિંગ શરુ કરવાની પરવાનગી આપે છે કે કેમ તેની રાહ જોવાઈ રહી છે. પોલીસ ક્લિયરન્સ ન મળે તો શૂટિંગ પાછળ ઠેલાઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ પરવાનગી આપે તો પણ ફિલ્મના સેટ પર સજ્જડ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવો પડશે. ક્રૂની એન્ટ્રી સહિત અનેક બાબતો પર સુરક્ષા નિયંત્રણો લાદવાં પડશે.

સેટ પર આવનાર દરેક વ્યક્તિને વિશેષ ઓળખ પત્રના પહેલાથી જ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. સેટ પર આવનારા દૈનિક મજૂરો, જુનિયર કલાકારો, વિક્રેતા તેમજ અન્યોનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરાશે. વાહનોની અવર-જવર પર પણ નિયંત્રણ મુકવામાં આવશે. શૂટિંગે લગતા ઉપકરણો માટેની ટ્રક અને વેનનો પહેલાથી જ રેકોર્ડ રાખવમાં આવશે અને તેની પણ પ્રવેશ દ્વાર પર તપાસ કરવામાં આવશે.એટલું જ નહીં શૂટિંગના સમય અને સ્થાન વિશેની જાણકારી પણ આવશ્તયાને અનુસાર જ આપવામાં આવશે. કોલ-શીટનું વિતરણ સીમીત રાકવામાં આવશે અન તમામ લોકેશન્સ પહેલેથી પ્રગટ કરી દેવાને બદલે વારાફરતી માહિતી અપાશે.

# સેન્સેક્સમાં 2,073 પોઈન્ટની તેજી, કારણ-ટ્રમ્પે ટેરિફ ઘટાડ્યા: 83,739 પર બંધ, નિફ્ટીમાં પણ 639 પોઈન્ટનો ઉછાળો....



**મુંબઈ, તા.03**

3 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 2073 પોઈન્ટ (2.54%) વધીને 83,739 પર બંધ થયો. નિફ્ટી પણ 639 પોઈન્ટ (2.55%) વધીને 25,728 પર બંધ થયો. ટ્રમ્પે ભારત પરના ટેરિફ 50% થી ઘટાડીને 18% કર્યા, જેના કારણે બજારમાં તેજી રહી.

રિયલ્ટી, મેટલ અને ફાર્માસ્યુટિકલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4.79% વધ્યો. સેન્સેક્સના 30 શેરમાંથી 28 શેરમાં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 46 શેરો વધીને બંધ થયા.

બજેટમાં સ્પેશિયલ ટેક્સ (STT) ટેક્સમાં વધારાની જાહેરાત થયા પછી 1 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 1,546 પોઈન્ટ ઘટીને બંધ થયો હતો. ગઈકાલે, 2 ફેબ્રુઆરીએ, સેન્સેક્સ 943 પોઈન્ટ વધીને 81,666 પર બંધ થયો હતો. અમેરિકાએ ભારત પર લગાવવામાં આવેલી 25% રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફને 7% ઘટાડીને 18% કરી દીધો છે, જેથી આજે બજાર તેજીમાં છે.

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ બાદ અદાણી ગ્રુપના શેરમાં 11%નો ઉછાળો આવ્યો છે. અમેરિકામાં અનેક સેક્ટર્સમાં અદાણી ગ્રુપની નોંધપાત્ર કારોબાર છે, જેના કારણે તેના શેરમાં તેજી છે.

US પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે 2 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે તેઓ ભારત સાથેની ડીલ પર સહમત છે, જેમાં ટેરિફ 25%થી ઘટીને 18% થઈ જશે. ભારત રશિયા પાસેથી ઓઈલની ખરીદી બંધ કરશે અને US પાસેથી વધુ એનર્જી, ટેકનોલોજી અને એગ્રિકલ્ચર પ્રોડક્ટ્સ ખરીદશે.

PM નરેન્દ્ર મોદીના ફોન કોલ પછી ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી. ટ્રમ્પે 25 એપ્રિલે ભારત પર 25% રેસિપ્રોકલ ટેરિફ અને પછી રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ઓગસ્ટમાં 25% પેનલ્ટીની જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું હતું કે ભારત પર માત્ર 18% ટેરિફ જ લાગશે. અમેરિકા રશિયન તેલ ખરીદવાને કારણે લાગેલો 25% ટેરિફ હટાવી દેશે.

અમેરિકામાં ભારતીય સામાન સસ્તો થશે: અમેરિકાએ ભારતીય સામાન પર લાગતા ટેક્સને 25%થી ઘટાડીને 18% કરી દીધો છે. આનો અર્થ એ છે કે 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ હવે અમેરિકામાં પહેલાં કરતાં સસ્તા વેચાશે, જેનાથી એની માગ વધશે.

કાપડ અને ગાર્મેન્ટ સેક્ટરમાં વૃદ્ધિ: ટેક્સટાઈલ ઉદ્યોગને સૌથી વધુ ફાયદો થશે, કારણ કે ભારતના કુલ કાપડ નિકાસનો 28% હિસ્સો એકલા અમેરિકા જાય છે. ટેક્સ ઓછો થવાથી ભારતીય કપડાં બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા હરીફોની સરખામણીમાં વધુ સ્પર્ધાત્મક બનશે.

એન્જિનિયરિંગ અને ઓટો પાર્ટ્સને નવા ઓર્ડર: ભારતમાંથી અમેરિકા જતા સામાનમાં સૌથી મોટો હિસ્સો મશીનરી અને ઓટો પાર્ટ્સનો છે. ટેક્સ ઘટવાથી આ કંપનીઓનો નફો વધશે અને તેમને અમેરિકાથી નવા અને મોટા ઓર્ડર મેળવવામાં સરળતા રહેશે.

સીફૂડ અને જ્વેલરી વેપારીઓને રાહત:સી ફૂડ (ખાસ કરીને ઝીંગા) અને હીરા-ઝવેરાતના નિકાસ પર ખર્ચ ઓછો થશે. આનાથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપનીઓ અને જ્વેલર્સને સીધો ફાયદો થશે.

શેરબજાર અને રૂપિયો મજબૂત થશે: આ ડીલથી સેન્ટિમેન્ટ બદલાશે, જેનાથી શેરબજારમાં તેજી આવશે, સાથે જ ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત થશે.

જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 3.92% વધીને 54,720 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 6.84% વધીને 5,288 પર પહોંચ્યો.

હોંગકોંગનો હેંગ સેંગ 0.22% વધીને 26,834 પર બંધ થયો, અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 1.29% વધીને 4,067 પર બંધ થયો.

2 ફેબ્રુઆરીના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.05% વધીને 49,407 પર બંધ થયો. નેસ્ડેક 0.94% વધ્યો, અને S&P 500 0.54% વધીને બંધ થયો.

બજેટના એક દિવસ પછી આજે એટલે કે 2 ફેબ્રુઆરી (સોમવાર)ના રોજ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 943 પોઈન્ટ ચઢીને 81,666ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 262 પોઈન્ટની તેજી રહી. એ 25,088ના સ્તરે બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 24માં તેજી અને 6માં ઘટાડો રહ્યો. નિફ્ટીના ઓટો, FMCG, મેટલ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં 2% સુધીની તેજી જોવા મળી, જ્યારે IT શેરોમાં વેચવાલી જોવા મળી.

# 3 વર્ષમાં રૂપિયાની સૌથી મોટી છલાંગ: અમેરિકા સાથે ટ્રેડ ડીલ બાદ ડોલર સામે 1.2% મજબૂત થઈને 90.20 પર આવ્યો



**મુંબઈ, તા.03**

ભારતીય રૂપિયો મંગળવારે (3 ફેબ્રુઆરી) અમેરિકન ડોલર સામે 3 વર્ષની સૌથી મોટી તેજી સાથે 90.20ના સ્તરે પહોંચી ગયો. આ તેજી અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની જાહેરાતને કારણે આવી છે, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય માલસામાન પરના ટેરિફને 50% થી ઘટાડીને 18% કરી દીધો છે. આ પહેલા 2025માં રૂપિયો લગભગ 5% સુધી તૂટીને એશિયાની સૌથી નબળી કરન્સી બની ગયો હતો. જાન્યુઆરી 2026માં જ તેમાં 2%નો ઘટાડો નોંધાયો હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FIIs)ની સતત ઉપાડને કારણે રૂપિયા પર દબાણ હતું. જોકે, મંગળવારે રૂપિયાએ વાપસી કરતા 91.49 ના અગાઉના ક્લોઝની સરખામણીમાં 130 પૈસાની મજબૂતી નોંધાવી છે.

રૂપિયામાં આવેલી આ તેજી પાછળ ભારત અને અમેરિકા વચ્ચે થયેલો 'ગિવ એન્ડ ટેક' કરાર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ભારત હવે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરશે અને તેના બદલે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી ઓઈલ ખરીદશે.

આ ઉપરાંત, ભારતે આગામી કેટલાક વર્ષોમાં અમેરિકા પાસેથી 500 અબજ ડોલર (લગભગ 45 લાખ કરોડ રૂપિયા) ની ઊર્જા, ટેકનોલોજી અને કૃષિ ઉત્પાદનો ખરીદવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ જાહેરાતે તે અનિશ્ચિતતાનો અંત લાવી દીધો છે જે ગયા વર્ષે ઓગસ્ટમાં અમેરિકાના ટેરિફ પછીથી પ્રવર્તી રહી હતી.

નિષ્ણાતોનું માનવું છે કે રૂપિયામાં આ તેજી હજુ પણ ચાલુ રહી શકે છે. માર્કેટ એક્સપર્ટ અનુજ ગુપ્તાના મતે, નિકાસ વધવાની અપેક્ષાથી રૂપિયાની માંગમાં વધુ વધારો થશે. ટૂંકા ગાળામાં રૂપિયો 89.50 થી 89.00ના સ્તરે જઈ શકે છે.

કોટક સિક્યોરિટીઝના કરન્સી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીનું કહેવું છે કે ટેરિફમાં ઘટાડાથી રૂપિયા માટે મજબૂતીના રસ્તા ખુલી ગયા છે, પરંતુ તે ભારતીય રિઝર્વ બેંક (RBI) કયા સ્તરે હસ્તક્ષેપ કરે છે તેના પર પણ નિર્ભર રહેશે.

ડોલરની સરખામણીમાં અન્ય કોઈ પણ કરન્સીની વેલ્યુ ઘટે તો તેને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં તેને કરન્સી ડેપ્રિસિયેશન કહે છે.

દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટશે તો રૂપિયો નબળો પડશે, વધશે તો રૂપિયો મજબૂત થશે.

# રિલાયન્સે ખરીદી ઓસ્કર જીતનારી કંપનીમાં હિસ્સેદારી: સિખિયા એન્ટરટેઈનમેન્ટ સાથે 50.1% હિસ્સેદારી માટે ₹150 કરોડમાં ડીલ



**મુંબઈ, તા.03**

રિલાયન્સના જિયો સ્ટુડિયોઝે એવોર્ડ વિનિંગ પ્રોડક્શન હાઉસ 'સિખિયા એન્ટરટેઈનમેન્ટ'માં 50.1% હિસ્સેદારી ખરીદી લીધી છે. આ સોદો 150 કરોડમાં થયો છે. આ પાર્ટનરશિપ દ્વારા રિલાયન્સનો લક્ષ્ય ગ્લોબલ ઓડિયન્સ માટે ફિલ્મો અને વેબ સિરીઝ તૈયાર કરવાનો છે.

સિખિયા એન્ટરટેઈનમેન્ટને 'પિરિયડ એન્ડ ઓફ સેન્ટેન્સ' (બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ) અને 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ' (બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ) માટે ઓસ્કર એવોર્ડ મળી ચૂક્યા છે.

સિખિયાએ ઘણા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ પણ જીત્યા છે. છેલ્લા એક દાયકામાં ધ લંચબોક્સ, મસાન, પગલેટ, કઠલ અને કિલ જેવી ફિલ્મો દ્વારા પોતાની એક અલગ ઓળખ બનાવી છે.

જિયો સ્ટુડિયોઝે ધુરંધર, લાપતા લેડીઝ અને સ્ત્રી જેવી સુપરહિટ ફિલ્મો આપી છે. રિલાયન્સનું કહેવું છે કે સિખિયા સાથે આવવાથી જિયોની ડિસ્ટ્રિબ્યુશન પહોંચ અને સિખિયાની સ્ટોરી કહેવાની કળા મળીને ભારતીય કન્ટેન્ટને દુનિયાના ખૂણે-ખૂણે સુધી પહોંચાડશે.

સિખિયા એન્ટરટેઈનમેન્ટના ફાઉન્ડર્સ ગુનીત મોંગા કપૂર અને અચિન જૈને કહ્યું- અમે હંમેશા માન્યું છે કે સ્ટોરીમાં સંસ્કૃતિઓ અને ભાષાઓને જોડવાની શક્તિ હોય છે.

જિયો સ્ટુડિયોઝ સાથેની ભાગીદારી અમને આ સ્ટોરીઓને મોટા સ્તરે લઈ જવામાં અને દેશભરના નવા ટેલેન્ટને તક આપવામાં મદદ કરશે.

જિયો સ્ટુડિયોના પ્રેસિડેન્ટ જ્યોતિ દેશપાંડેએ કહ્યું- શિખિયા એન્ટરટેઈનમેન્ટે સતત એવી સ્ટોરીઓ આપી છે જે ઊંડાણપૂર્વક ભારતીય હોવા ઉપરાંત વૈશ્વિક સ્તરે પણ પોતાની ઓળખ બનાવે છે. અમે ભારતીય કહાનીઓને દુનિયાભરમાં પહોંચાડવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ.

# ચાંદી ફરી ચમકી, ત્રણ દી ભાવ ઘટ્યા પછી વધ્યા: કિલોએ 17,000નો વધારા સાથે 2.53 લાખ થયા, 4 લાખે પહોંચ્યા પછી જોરદાર કડાકો બોલ્યો હતો...



**નવી દિલ્હી, તા.03**

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં સતત ત્રણ દિવસના ઘટાડા પછી આજે 3 ફેબ્રુઆરીએ તેજી જોવા મળી રહી છે. વાયદાબજાર (MCX)માં ચાંદીના ભાવમાં આશરે 17 હજાર રૂપિયા (7%)નો વધારો થયો છે. 1 કિલો ચાંદીનો ભાવ 2.53 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે.

આ પહેલાં ત્રણ દિવસમાં ચાંદીની કિંમત 1.60 લાખ રૂપિયા ઘટી ગઈ છે. સોનામાં પણ આશરે 5 હજાર રૂપિયા (3%)ની તેજી છે. 10 ગ્રામ સોનું 1.45 લાખ રૂપિયા પર આવી ગયું છે. છેલ્લા 3 કારોબારી દિવસમાં એની કિંમત 26 હજાર ઘટી હતી.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, આજે વાયદાબજારમાં ચાંદી 2,55,372 રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહી છે, જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,50,708 રૂપિયા છે. છેલ્લા 3 દિવસમાં નફા વસૂલીના કારણે સોના-ચાંદીની કિંમતમાં ઘટાડો થયો હતો.

MCX : મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે, જ્યાં સોના-ચાંદીનું ટ્રેડિંગ થાય છે. શેરબજારની જેમ દર સેકન્ડે બોલીઓ લાગે છે, જેના કારણે ભાવ સતત ઉપર-નીચે થતા રહે છે.

સોના-ચાંદીનું બજાર: આ એ જગ્યા છે જ્યાં તમે ભૌતિક સોના-ચાંદી ખરીદો છો. ભૌતિક સોનાને લાવવા, લઈ જવા અને સ્ટોર કરવાનો ખર્ચ આમાં જોડાયેલો હોય છે. પ્રોફિટ બુકિંગ: સોના-ચાંદીની કિંમત તાજેતરના દિવસોમાં રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, ત્યાર બાદ રોકાણકારોએ મોટે પાયે પ્રોફિટ બુક કર્યો. ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો: ઓલટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી.

સેબી રજિસ્ટર્ડ કોમોડિટી એક્સપર્ટ અનુજ ગુપ્તાએ જણાવ્યું હતું કે શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જ (CME)એ કોપર પછી હવે સોના અને ચાંદી પર પણ માર્જિન મની વધારી દીધી છે.

સોના પર માર્જિન 6%થી વધારીને 8% કરી દીધું છે. જ્યારે ચાંદી પર એને 11%થી વધારીને 15% કરી દેવામાં આવ્યું છે. માર્જિન વધવાથી કિંમતો પર દબાણ યથાવત્ રહેવાની અપેક્ષા છે.

કોમોડિટી માર્કેટમાં જ્યારે કોઈ મોટો સોદો કરે છે ત્યારે એને પૂરા પૈસા તરત આપવાના હોતા નથી. તેને કુલ કિંમતનો એક નાનો ભાગ સિક્યોરિટી તરીકે જમા કરાવવો પડે છે, જેને 'માર્જિન' કહે છે. માર્જિન વધવાનો અર્થ છે કે હવે ટ્રેડર્સને વધુ પૈસા લગાવવા પડશે.

ઘણા વેપારીઓ એવા હોય છે, જેમણે પહેલેથી જ ખરીદી કરી હોય છે. માર્જિન વધતાં જ એક્સચેન્જ તેમની પાસેથી વધારાના પૈસા માગે છે. જો તેમની પાસે તરત પૈસા ન હોય તો તેમને પોતાનું સોનું કે ચાંદી વેચવું પડે છે. જ્યારે ઘણા બધા લોકો એકસાથે વેચે છે, ત્યારે ભાવ ઘટવા લાગે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક, એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન પડે તો અસલી છે.

# અદાણી એન્ટરપ્રાઈઝિસનો નફો 97 ગણો વધ્યો: ₹ 5,627 કરોડ પહોંચ્યો, ફોર્ચ્યુન તેલ કંપની વેચવાથી ₹5,632 કરોડ મળ્યા, શેર 10% વધ્યો....

**મુંબઈ, તા.03**

અદાણી ગ્રુપની કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડને નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં 5,627 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે આ 97 ગણો એટલે કે 9601% વધ્યો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને 58 કરોડ રૂપિયાનો નફો થયો હતો. પરિણામો પછી કંપનીનો શેર 10%થી વધુ વધીને 2207 રૂપિયા પર પહોંચી ગયો છે.

ત્રીજા ક્વાર્ટરમાં કંપનીને થયેલા નફાનું મુખ્ય કારણ અદાણી વિલ્મર (AWL)ને વેચવાથી મળેલા પૈસા છે. તેને ત્રણ તબક્કામાં વેચવામાં આવ્યું હતું. ડિસેમ્બર ક્વાર્ટરમાં ત્રીજા તબક્કા દરમિયાન કંપનીને પોતાની 20% હિસ્સેદારી વેચવાથી 5,632.09 કરોડનો નફો થયો.

પ્રથમ તબક્કો (માર્ચ 2025 સુધી): 'ઓફર ફોર સેલ' દ્વારા 13.51% શેર વેચ્યા. આનાથી ગ્રુપને 3,945.73 કરોડનો વધારાનો નફો થયો.

બીજો તબક્કો (સપ્ટેમ્બર 2025 ક્વાર્ટર): કંપનીએ ફરીથી 10.42% શેર વેચ્યા. આનાથી 2,968.72 કરોડનો નફો થયો. હવે ગ્રુપની હિસ્સેદારી ઘટીને માત્ર 20% રહી ગઈ.

ત્રીજો તબક્કો (ડિસેમ્બર 2025



ક્વાર્ટર): કંપનીએ 13% હિસ્સેદારી 'લેની પીટીઈ લિમિટેડ'ને વેચી અને બાકીની 7% હિસ્સેદારી ખુલ્લા બજારમાં વેચી દીધી. આનાથી 5,632.09 કરોડનો નફો થયો.

ત્રિમાસિક પરિણામો પછી અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર આજે 10%થી વધુના ઉછાળા સાથે 2,207 રૂપિયા પર બંધ થયો. કંપનીનો શેર એક મહિનામાં 3% અને છ મહિનામાં 4% ઘટ્યો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં તેના શેરમાં કોઈ ફેરફાર થયો નથી. અદાણી એન્ટરપ્રાઈઝિસનું માર્કેટ કેપ 2.75 લાખ કરોડ રૂપિયા છે.

કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે- સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે કન્સોલિડેટેડ અથવા એકીકૃત નાણાકીય રિપોર્ટમાં આખી કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે.

અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ અદાણી ગ્રુપની કંપનીઓનો એક ભાગ છે. 1988માં ગૌતમ અદાણીએ એન્ટરપ્રાઈઝિસની સ્થાપના કરી હતી. કંપનીના ચેરમેન ગૌતમ અદાણી, મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અદાણી અને CEO વિનય પ્રકાશ છે.

કંપની એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર કામ કરે છે. અદાણી એન્ટરપ્રાઈઝિસ દેશનું સૌથી મોટું બિઝનેસ ઈન્ક્યુબેટર છે. આ કંપની એનર્જી એન્ડ યુટિલિટી, ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક્સ, કન્ઝ્યુમર ગુડ્સ અને પ્રાઈમરી ઈન્ડસ્ટ્રીના ક્ષેત્રમાં કામ કરે છે.

# અદાણી પોર્ટ્સનો નફો ત્રીજા ક્વાર્ટરમાં 21% વધ્યો: ઓક્ટોબર-ડિસેમ્બરમાં ₹3,054 કરોડ રહ્યો, કમાણી ₹9,938 કરોડ રહી...

**મુંબઈ, તા.03**

અદાણી ગ્રુપની કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) ને નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 3,054 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે આ 21% વધ્યો છે. ગયા વર્ષના આ જ ક્વાર્ટરમાં કંપનીને 2,520 કરોડનો નફો થયો હતો. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ સંચાલનથી 9,705 કરોડ રૂપિયાની આવક (રેવન્યુ) મેળવી. વાર્ષિક ધોરણે આ પણ 22% વધ્યો છે. ઓક્ટોબર-ડિસેમ્બર 2024માં કંપનીની ઓપરેશનલ આવક 7,964 કરોડ રૂપિયા હતી. પરિણામો પછી આજે એટલે કે 3



ફેબ્રુઆરીએ કંપનીનો શેર 8% થી વધુ ચઢ્યો છે.

પરિણામો પછી અદાણી પોર્ટ્સનો શેર 8% વધ્યો બીજા ક્વાર્ટરના પરિણામો પછી અદાણી પોર્ટના શેરમાં તેજી છે, આ બપોરે 1:35 વાગ્યે 8% ઉપર 1,516 પર ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા એક મહિનામાં કંપનીના શેરે 1.57%, 6 મહિનામાં 9.18% અને એક વર્ષમાં 39.78%નું વળતર આપ્યું છે. કંપનીનું માર્કેટ કેપ 3.28 લાખ કરોડ રૂપિયા છે.

દેશનો સૌથી મોટો પોર્ટ્સ ઓપરેટર છે અદાણી પોર્ટ્સ & SEZ અદાણી પોર્ટ્સ ભારતનો સૌથી મોટો પ્રાઈવેટ પોર્ટ્સ ઓપરેટર અને એન્ડ-ટુ-એન્ડ લોજિસ્ટિક્સ પ્રોવાઈડર છે. તેના 15 પોર્ટ્સ અને ટર્મિનલ દેશની પોર્ટ્સ કેપેસિટીના લગભગ 25%નું પ્રતિનિધિત્વ કરે છે. તેની કેપેસિટી 627 MMTPA થી વધુ છે. ગૌતમ અદાણીએ 1998માં કંપનીની સ્થાપના કરી હતી અદાણી પોર્ટ્સના ફાઉન્ડર અને ચેરમેન ગૌતમ અદાણી છે.

# બિટકોઈન ગબડી 75000 ડોલરની અંદર: ઈટીએફમાં મોટાપાયે આઉટફલો

**મુંબઈ, તા.03**

વૈશ્વિક સોનાચાંદી બજારોમાં બગડેલા મૂડની અસર ક્રિપ્ટોકરન્સીઝ બજાર પર પણ જોવા મળી છે અને સપ્તાહના પ્રથમ દિવસે મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનનો ભાવ પાંચ ટકાથી વધુ તૂટી ૭૫૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો. એક જ સપ્તાહમાં બિટકોઈન ૧૫ ટકા જેટલો ઘટી ગયો છે જેને પરિણામે ક્રિપ્ટો કરન્સીઝની માર્કેટ કેપમાં ભારે ધોવાણ જોવા મળ્યું છે.

છેલ્લા ચોવીસ કલાકમાં આવેલી ભારે વેચવાલીને પરિણામે બિટકોઈનની અંદજે બે અબજ ડોલરની ઊભી લેણ પોઝિશન ફરજિયાત લિક્વિડેટ કરવામાં આવી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. સમાપ્ત થયેલા જાન્યુઆરીમાં અમેરિકામાં સ્પોટ બિટકોઈન ઈટીએફસમાંથી ૧.૬૦ અબજ ડોલરનો નેટ આઉટફલોસ જોવા મળ્યો હતો, જે સંસ્થાકીય રોકાણકારો દ્વારા જોખમ ઘટાડાઈ રહ્યાના સંકેત આપે છે.

છેલ્લા ચોવીસ કલાકમાં ઉપરમાં ૭૯૧૬૮.૭૪ ડોલર અને નીચામાં ૭૪૬૭૪.૫૮ ડોલર થઈ મોડી સાંજે બિટકોઈન ૭૭૭૫૨ ડોલર કવોટ થતો હતો. અન્ય ક્રિપ્ટો એથરમનો ભાવ ઉપરમાં ૨૪૩૭ ડોલર અને નીચામાં ૨૧૬૮ ડોલર થઈ મોડી સાંજે ૨૩૦૩ ડોલર કવોટ થતો હતો. ક્રિપ્ટોસની માર્કેટ કેપ પણ ભારે વોલેટાઈલ રહ્યા કરે છે અને ૨.૭૦ ટ્રિલિયન ડોલર રહી હતી. બૃહદ આર્થિક તથા ભૌગોલિકરાજકીય પરિબળોએ ક્રિપ્ટોસમાં ખાનાખરાબી સર્જી હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

# જાન્યુઆરીમા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં રિકવરી: પીએમઆઈ વધી 55ને પાર.....

**મુંબઈ, તા.03**

સમાપ્ત થયેલા જાન્યુઆરી મહિનામાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં રિકવરી જોવા મળી હતી. ડિસેમ્બરમાં ઘટી બે વર્ષની સપાટીએ પહોંચ્યા બાદ ઉત્પાદન ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) જાન્યુઆરીમાં સાધારણ વધી ૫૫.૪૦ રહ્યો હતો.

નવા ઓર્ડરો, ઉત્પાદન તથા કર્મચારીઓની ભરતીમાં ગયા મહિને વધારો જોવા મળ્યો હોવાનું એસએન્ડપી ગ્લોબલ દ્વારા એકત્રિત કરાયેલા ડેટામાં જણાવાયું હતું. જો કે પીએમઆઈ હજુપણ ૫૦ની ઉપર છે જે ઉત્પાદન ક્ષેત્રનું વિસ્તરણ થયાનું સૂચવે છે.

ઉત્પાદન પ્રવૃત્તિમાં વધારો થતા



માલસામાનના ઉત્પાદકોએ નવી ભરતી કરવાની ફરજ પડી હતી. રોજગાર નિર્માણની માત્રા ત્રણ મહિનાની ટોચે રહી હતી એમ એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલા એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરિંગ પીએમઆઈના સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.

કાચા માલના ભાવમાં સાધારણ વધારો થયો હતો જ્યારે પ્રોડકટસની કિંમતમાં વૃદ્ધિની ગતિ ધીમી પડી હતી જેને કારણે ઉત્પાદકો માટે માર્જિન દબાણ સાધારણ વધ્યું હતું એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

ઉત્પાદન ક્ષેત્રમાં ઉપભોગના માલસામાન સેગમેન્ટ મજબૂત સેગમેન્ટ તરીકે જોવા મળ્યું હતું, જ્યારે કેપિટલ ગુડસમાં કામકાજની સ્થિતિમાં સુધાર અત્યારસુધીનો ધીમો રહ્યો હતો એમ સર્વે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

નવા નિકાસ વેપારની વૃદ્ધિની ગતિ ૧૫ મહિનાની નીચી સપાટીએ રહી હતી. નવા ઓર્ડરમાં ઝડપી વધારો થવા છતા, બિઝનેસ કોન્ફિડેન્સ સ્થિર રહ્યો હતો અને ભાવિ આઉટપુટ માટેની અપેક્ષા ઘટી જુલાઈ, ૨૦૨૨ બાદની નીચી સપાટીએ પહોંચી હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# કસ્ટમ ડયુટીના સુધારાથી જેમ્સ જવેલરીની નિકાસને વેગ મળશે

**અમદાવાદ, તા.03**

બજેટમાં કસ્ટમ ડયુટીના સુધારાથી જેમ્સ જવેલરીની નિકાસને વેગ મળશે. તેમજ આ સુધારા મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવશે તેમ જેમ્સ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલે જણાવ્યું હતું.

આ પગલાથી ઉદ્યોગના મુખ્ય અવરોધોને દૂર કરે છે અને રત્નો અને ઝવેરાત ક્ષેત્રને નવી ગતિ પ્રદાન કરશે. તેનાથી પ્રવાહિતાની સ્થિતિ સુધારશે, ઉત્પાદનને ટેકો મળશે અને મૂલ્ય શૃંખલામાં નિકાસને મજબૂત બનશે. તેમજ ડિજિટલ મૂલ્યાંકન અને સરળ ક્લિયરન્સ પ્રક્રિયાઓ વિલંબ અને ખર્ચ ઘટાડશે.

આનાથી ફેક્ટરીઓ નિષ્ક્રિય ક્ષમતાનો ઉપયોગ કરી શકશે, નોકરીઓનું રક્ષણ કરી શકશે અને યુએસ ટેરિફ અને વૈશ્વિક માંગની અનિશ્ચિતતાઓ વચ્ચે વેપારને મજબૂત બનાવી શકશે. કુરિયર નિકાસ પર રૂા. ૧૦ લાખની મર્યાદા દૂર કરવાથી ઈ-કોમર્સ માટે મોટો પ્રોત્સાહન મળશે.

ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રત્નો અને ઝવેરાત ઉદ્યોગ પ્રત્યે સ્થિર અને સંવેદનશીલ અભિગમ દર્શાવે છે. કસ્ટમ ડયુટી અથવા જીએસટામાં કોઈ વધારો ન થવો, સતત નીતિગત નિશ્ચિતતા, મજબૂત એમએસએમઈ અને ક્લસ્ટર સપોર્ટ, વ્યવસાય કરવામાં સરળતા અને મુકદ્દમા ઘટાડતા આવકવેરા સુધારાઓએ વ્યવસાયને વિશ્વાસ પૂરો પાડયો છે.

# લોન અપાવવાના બહાને US નાગરિકો સાથે છેતરપિંડી, અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કેસમાં 3ની ધરપકડ

**અમદાવાદ, તા.03**

અમદાવાદ શહેરમાં ખાડિયા પોલીસે એક આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી રેકેટનો પર્દાફાશ કર્યો છે. જે અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ગિફ્ટ વાઉચર્સ ખરીદવા જાળ ફેલાવતા હતા, ક્રિપ્ટોકરન્સી દ્વારા પૈસાની ઉચાપત કરીને ભારતીય ચલણમાં નાણાં રૂપાંતરિત કરતાં હતા. ચોક્કસ માહિતીને આધારે કરેલી કાર્યવાહીમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ખાડિયા પોલીસને બાતમી મળી હતી કે હોટલ સંગમમાં છેલ્લા ત્રણ દિવસથી રોકાયેલા કેટલાક યુવકો શંકાસ્પદ એક્ટિવિટી કરી રહ્યા હતા. આ બાદ પોલીસે હોટેલના રૂમમાં રેડ પાડી, ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રૂમમાં લેપટોપ અને મોબાઈલ ફોન દ્વારા અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડીનું આખું નેટવર્ક ચાલી રહ્યું હતું. પોલીસે સ્થળ પરથી મુંબઈના ક્લેટન રોડ્રિક્સ તેમજ અમદાવાદના રહેવાસી કપિલ પઢિયાર અને ધવલ દરજીને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ ડાર્ક વેબ અથવા અન્ય ગેરકાયદેસર સ્ત્રોતો દ્વારા



અમેરિકન નાગરિકોનો પર્સનલ ડેટા મેળવતા હતા. ઈન્ટરનેટ કોલિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેઓ અમેરિકામાં કોલ કરતા અને લોકોને 'તમારી લોન મંજૂર થઈ ગઈ છે' કહીને વિશ્વાસમાં લેતા હતા. લોન આપવાના બહાને પ્રોસેસિંગ ફી કે અન્ય ચાર્જિસ પેટે દરેક ભોગ બનનાર પાસેથી 150થી 200 ડોલર પડાવવામાં આવતા હતા. છેતરપિંડીની આ રકમ સીધી બેંકમાં લેવાને બદલે તેઓ USDTમાં મેળવતા હતા અને ત્યારબાદ તેને ભારતીય ચલણમાં કન્વર્ટ કરતા હતા, જેથી પોલીસ પકડથી બચી શકાય.

પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, 'આરોપીઓએ અમેરિકન નાગરિકોનો વ્યક્તિગત ડેટા મેળવ્યો હતો અને ખોટી ઓળખ હેઠળ તેમનો સંપર્ક કરવા માટે ગુગલ વોઈસનો ઉપયોગ કર્યો હતો, તાત્કાલિક લોન મંજૂરીની ઓફર કરી હતી. સંભવિત પીડિતોને ઢગલાબંધ સંદેશાઓ અને કોલ કરવામાં આવ્યા હતા, જે બાદ ખાતરી આપીને વિશ્વાસમાં લેવામાં આવતા હતા કે તેમની લોન મંજૂર થઈ ગઈ છે.

પીડિત અમેરિકન નાગરિકોને પ્રોસેસિંગ ફી અને ચુકવણી સુરક્ષા વીમાના બહાને વોલમાર્ટ, વોલમાર્ટ ગ્રીન, એપલ પે અને ટાર્ગેટ કાર્ડ્સ સહિત ગિફ્ટ વાઉચર્સ ખરીદવા માટે કહેવામાં આવ્યું હતું, જે સામાન્ય રીતે $100 થી $500ની વચ્ચે મૂલ્યના હતા. એકવાર વાઉચર કોડ શેર કરવામાં આવ્યા પછી તેની આવક હેન્ડલરને મોકલવામાં આવી હતી જેણે USDT (ક્રિપ્ટોકરન્સી) નો ઉપયોગ કરીને રકમને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી, જે બાદ હવાલા અને આંગડિયાના માધ્યમ થકી ભંડોળની હેરાફેરી થતી હતી. વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી કરવાના ગુનાહિત કાવતરાના ભાગ રૂપે ત્રણેય આરોપીઓએ સાથે મળીને કામ કર્યું હતું. છેતરપિંડીમાં આરોપીઓની ભૂમિકાઓ અલગ અલગ હતી, ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મુંબઈના બોરીવલી પશ્ચિમના રહેવાસી ક્લેટોન સેબેસ્ટિયન રોડ્રિગ્સ (30), જે કથિત રીતે કોલિંગ ઓપરેશન્સ અને ક્લોઝરનું સંચાલન કરતો હતો. અમદાવાદના મિર્ઝાપુરના રહેવાસી કપિલ હસમુખભાઈ પઢિયાર (39), જે કથિત રીતે લીડ ડેટા અને ઓપરેશનલ મટિરિયલનું સંચાલન કરતો હતો અમદાવાદના અખબારનગરના રહેવાસી ધવલ રાજેન્દ્રકુમાર દરજી (34), જે કથિત રીતે લીડ ડેટાના પેમેન્ટ પ્રોસેસર અને રીસીવર તરીકે કામ કરતો હતો. ગુનામાં ઉપયોગ થયેલા ચાર મોબાઈલ ફોન અને એક લેપટોપ પોલીસે જપ્ત કર્યા છે. અને આરોપીઓ પર ભારતીય ન્યાય સંહિતા અને માહિતી ટેકનોલોજી અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. નેટવર્કમાં અન્ય કોણ કોણ છંડોવાયેલું છે, નાણાંનું ટ્રેસ શોધવા અને છેતરપિંડી નેટવર્કના મૂળ સુધી પહોંચવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# AMCએ ખોદેલા ખાડામાં પડતાં બે ગાયનાં મોત, 3 અધમૂઈ: બેરિકેડિંગ કર્યાનો અધિકારીનો બચાવ, પણ દૃશ્યો કંઈક અલગ

**અમદાવાદ, તા.03**

અમદાવાદના લાંભા વોર્ડમાં સૈજપુર-ગોપાલપુર ગામમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં બે ગાયોના પડી જવાથી મૃત્યુ થયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગ અને કોન્ટ્રાક્ટરની સંપૂર્ણ બેદરકારી સામે આવી છે. ખોદેલા ખાડામાં કોઈપણ પ્રકારનું બેરી કેડિંગ કરવામાં આવ્યું નહોતું જેના કારણે થઈ અને બે ગાયો પડી ગઈ અને મૃત્યુ પામી છે. રાજ્યમાં મહાનગરપાલિકાઓમાં તંત્રની બેદરકારીના કારણે નાગરિકો મોતને ભેટે છે અથવા તો ઈજાગ્રસ્ત થાય છે, ત્યારે હવે નાગરિકોની સાથે પશુઓ પણ મૃત્યુ પામી રહ્યા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બેથી ત્રણ વાછરડીઓ અને બે ગાયો એમ કુલ પાંચ પશુ અંદર પડ્યા હતા, જેમાંથી ત્રણને બહાર કાઢી લેવામાં આવ્યાં હતાં, જે અધમુઇ જેવી બની ગઈ .છે જ્યારે બે ગાયોના ખાડામાં જ મૃત્યુ થઈ ગયા છે. વહેલી સવારે આ બનાવ બન્યો છે. કોર્પોરેશન દ્વારા ગામમાં જ ગટરની ચેમ્બર બનાવવા માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. પાસના વિસ્તારમાં લોકો રહે છે. ગોપાલક સમાજનું ગામ છે, ત્યારે



પશુઓ પણ ત્યાં વધારે પ્રમાણમાં હોય છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ અને ગટરની ચેમ્બર બનાવતા કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીના કારણે પશુઓ ખાડામાં પડ્યા અને બે પશુના મૃત્યુ થયા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, બે ગાયો ખાડામાં પડી હતી. ગોયો ઝઘડી હતી, જેના કારણે ખાડામાં પડી ગઈ હતી અને મરી ગઈ હોવાની જાણ થઈ છે. હાલમાં આ બાબતે અમે તપાસ કરી રહ્યા છીએ. ખાડાની આસપાસ બેરીકેડિંગ કર્યું હતું. નોંધનીય છે કે, ખાડાની આજુબાજુ ક્યાંય બેરિકેડિંગ દેખાતું નથી, આમ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ પણ બેરિકેડિંગ કર્યું હોવાનો બચાવ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, આજે અમદાવાદ શહેરના લાંભા વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાંભા ગામ ખાતે તળાવ ગાર્ડનનું મેયર અને ધારાસભ્યની હાજરીમાં લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. લાંભામાં પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને સ્ટ્રીટ લાઈટના પોલના ખાતમુહૂર્તમાં ભાજપના નેતાઓ આવ્યા છે, ત્યારે લાંભા વિસ્તારમાં ઘટના બની છે. આ વિસ્તારમાં ગંભીર બેદરકારી જોવા મળી છે, ત્યારે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી થશે કે કેમ તેને લઈને સવાલ છે.

# છઠ્ઠા ધોરણના સ્ટુડન્ટના કરતૂતે સૌને વિચારતા કરી દીધા: બાજુમાં બેઠેલા વિદ્યાર્થીની વોટર બોટલમાં ડામરની ગોળીઓ નાખી દીધી

**અમદાવાદ, તા.03**

સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો વચ્ચે સામાન્ય બોલાચાલી પણ હવે ગંભીર બની જાય એવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સ્કૂલમાં ઝઘડામાં મારામારી બાદ હવે અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી દુર્ગા સ્કૂલમાં ધો.6માં અભ્યાસ કરતા અને એક જ બેન્ચ ઉપર સાથે બેસનારા એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીના પાણીની બોટલમાં ડામરની ગોળીઓ નાખી દીધી હતી. આ ઘટના અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી દુર્ગા સ્કૂલની છે. વિદ્યાર્થીએ એ પાણી પીધું હતું અને ત્યાર બાદ તરત જ વિચિત્ર ગંધ આવી હતી અને તેની તબિયત વધારે ખરાબ ન થાય, તેથી બાળકને હોસ્પિટલ લઈ જવાયો હતો. આ સમગ્ર બાબત સ્કૂલના ધ્યાને આવતાં વિદ્યાર્થીનાં માતા-પિતાને બોલાવીને આ બાબતે જાણ કરી હતી. ગોળી નાખનાર વિદ્યાર્થીને અત્યારે સ્કૂલે મોકલવાની ના પાડવામાં આવી છે. સ્કૂલે DEOને જાણ ન કરતાં જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ સ્કૂલને શો - નોટિસ ફટકારી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના મણિનગર વિસ્તારમાં બે વિદ્યાર્થી વચ્ચે થયેલા ઝઘડામાં કેટલું ઉગ્ર સ્વરૂપ અને બાળકના માનસ પર કેટલી અસર પહોંચે છે એનો કિસ્સો સામે આવ્યો છે. દુર્ગા સ્કૂલમાં ધોરણ. 6માં અભ્યાસ કરનારા બે



વિદ્યાર્થી વચ્ચે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી, જેની અદાવત રાખીને એક વિદ્યાર્થીએ 23 જાન્યુઆરીના રોજ રિસેસ દરમિયાન તક મળતાં જ તેણે સાથી મિત્રની પાણીની બોટલમાં ઘરેથી લાવેલી પતંગમાં નાખવાની ડામરની ગોળીઓ નાખી દીધી હતી.

ભોગ બનનાર વિદ્યાર્થીએ જેવું બોટલમાંથી પાણી પીધું કે તરત જ તેને વિચિત્ર ગંધ આવતાં તે અટકી ગયો હતો, પરંતુ ત્યાં સુધીમાં પાણી પેટમાં જવાથી શાળા-સંચાલકોએ તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સ્કૂલસંચાલકોએ આ બાબતે શંકાના આધારે ક્લાસરૂમના CCTV ફૂટેજ ચેક કર્યા હતા, જેમાં એક વિદ્યાર્થી છૂપી રીતે બીજા વિદ્યાર્થીની બેગ પાસે જઈ તેની પાણીની બોટલમાં કેમિકલની ગોળીઓ નાખી રહ્યો હતો. આ દૃશ્યો જોઈને સ્કૂલ મેનેજમેન્ટ અને વાલીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા, જોકે આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીને ઘટના અંગે તાત્કાલિક જાણ કરવાની હોય છે, પરંતુ આવી કોઈ બાબતે જાણ કરવામાં આવી નથી, બે દિવસ પહેલાં જ જાણ કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

જોકે આ સમગ્ર મામલે દુર્ગા સ્કૂલના સંચાલકોએ આ સમગ્ર ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીએ પાણી પીધું હતું છતાં પણ સ્કૂલસંચાલકોએ પાણી નથી પીધું એવું કહેવામાં આવ્યું હતું. વર્ગખંડના સીસીટીવીમાં સ્પષ્ટ વિદ્યાર્થી થોડું પાણી પીવે છે એ જોવા મળે છે તથા સ્કૂલસંચાલકોએ પોતે પાણી ન પીધા હોવાનો બચાવ કર્યો છે. સ્કૂલસંચાલકો દ્વારા 10 દિવસ સુધી જિલ્લા શિક્ષણાધિકારીને સ્કૂલ દ્વારા જાણ કરવામાં આવી નહોતી. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સામેથી સ્કૂલનો સંપર્ક કરી અને આ બાબતે પૂછવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમગ્ર બાબત સામે આવી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતાં દુર્ગા સ્કૂલ સંચાલકો સામે પણ સવાલ ઊભા થયા છે.

દુર્ગા સ્કૂલના પ્રિન્સિપાલ કેતન શાહે જણાવ્યું હતું કે 23 જાન્યુઆરીના રોજ બપોરે 4:00 વાગ્યાની રિસેસ દરમિયાન એક જ બેંચ ઉપર બેસતા બે વિદ્યાર્થી જ્યારે રિસેસ પડી ત્યારે બધા વિદ્યાર્થીઓ બહાર નીકળી ગયા હતા. ત્યારે એક વિદ્યાર્થીએ તેના સાથે બેસતા વિદ્યાર્થીના પાણીની બોટલમાં કોઈ ગોળી નાખી દીધી હતી. બાદમાં રિસેસ પૂરી થઈને વિદ્યાર્થી આવ્યો હતો અને પાણીની બોટલ ખોલી હતી અને તેને વિચિત્ર ગંધ આવી હતી, જેથી તેણે આજુબાજુમાં અને તેની સાથે બેઠેલા મિત્રોને સૂંઘાડ્યું હતું. પ્રિન્સિપાલે વધુમાં કહ્યું, ખરાબ ગંધ આવી રહી હોવાના કારણે વિદ્યાર્થીઓ બોટલ લઈને કાર્યાલયમાં આવ્યા હતા. વિચિત્ર ગંધ હોવાથી આ બાબતે શિક્ષકોએ તરત જ બાળકને કશું થયું છે કે નહીં એની તપાસ માટે પીડિયાટ્રિક ડોક્ટર પાસે તપાસ કરાવી હતી. વિદ્યાર્થીએ પાણી પીધું નહોતું અને કોઈ એવી પાણી પીવાથી ઘટના બની નહોતી.

# ગૌ માંસના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો: શાહઆલમથી વેચવા માટે શાહપુરમાં 350 કિલો ગૌ-માંસ લાવવામાં આવ્યું

**અમદાવાદ, તા.03**

અમદાવાદના શાહપુર વિસ્તારમાંથી પોલીસે 350 કિલો જેટલું ગૌવંશ ઝડપી પાડ્યું છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. શાહઆલમના મિલ્લતનગર ખાતેથી તોફિક નામનો વ્યક્તિ આ ગૌ માંસ આપી ગયો હોવાનું બહાર આવ્યું છે. વેચાણ માટે ગૌ માંસ લાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે ત્યારે પોલીસે હાલ આરોપીની ધરપકડ કરી જથ્થો આપનારની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી






છે. શાહપુર પોલીસને બાતમી મળી હતી કે ફકીરા શેઠના ડેલાની સામે રહેતા અબ્દુલ રજાક કુરેશી નામના વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર પશુ માંસનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેથી પોલીસ દ્વારા આ જગ્યા ઉપર તપાસ કરવામાં આવી હતી ત્યારે મોહમ્મદ તાસીન નામનો વ્યક્તિ ત્યાં હાજર હતો. આ જગ્યા ઉપર એક ઓસરી આવેલી હતી ત્યાં છ ફૂટની પાળી હતી અને પડદો બાંધેલો હતો તેમાં અલગ અલગ કોથળા પડ્યા હતા જે ખોલીને જોતા તેમાં પશુ માંસ હતું. આ માંસનો જથ્થો મળી આવ્યો હતો જેથી તેને એફએસએલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યો હતો અલગ અલગ કોથળાઓ મળીને કુલ 350 કિલો જેટલું પશુ માંસ મળી આવ્યું હતું. પોલીસે મોહમ્મદ તાસીનની પૂછપરછ કરી હતી જેમાં જથ્થો કોણ આપી ગયું હતું ત્યારે તેણે જણાવ્યું હતું કે દાણીલીમડાના શાહઆલમ પાસે મિલ્લતનગરમાં રહેતો તોફીક કુરેશી નામનો વ્યક્તિ સેન્ટ્રો ગાડીમાં આ જથ્થો આપીને ગયો હતો. આ પશુ માંસનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો અને FSLમાં મોકલવામાં આવ્યો હતો. જેમાં ગૌવંશ હોવાનું સામે આવ્યું હતું, જેથી આ મામલે શાહપુર પોલીસે મોહમ્મદ તાસીન અને તોફીક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસે તાસીનની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર


सत्यमेव जयते



રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત ફેબ્રુઆરી – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી–૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


# ભાઈએ મોટાભાઈને છરી મારીને પતાવી દીધો: ઠક્કરનગરમાં બહેનને છરી લઈને મારવા ગયો ને બચાવવા જતાં હુમલો કર્યો

**અમદાવાદ, તા.03**

અમદાવાદ શહેરના ઠક્કર નગર વિસ્તારમાં ભાઈએ ભાઈની હત્યા કરી હોવાની ઘટના બની છે. નાના ભાઈ અને બહેન વચ્ચે ઝઘડો થયો હતો જેમાં નાના ભાઈએ પોતાની બહેનને હાથમાં છરી લઈ અને મારવા જવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે મોટો ભાઈ વચ્ચે પડ્યો હતો અને જેમને છોડાવવા જતા નાના ભાઈએ મોટાભાઈને છરી મારી દીધી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ભાઈનું ત્રીજી વખત સારવાર દરમિયાન મોત હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. આ સમગ્ર મામલે કૃષ્ણનગર પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપી ભાઈની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, ઠક્કરનગરમાં આવેલી આઈસ ફેક્ટરીની પાછળ ચામુંડાની ચાલીમાં રહેતી પ્રિયંકા શહાનીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં તેના દિયર સત્યેન્દ્ર શહાની વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. પ્રિયંકાના લગ્ન વર્ષ 2022માં જીતેન્દ્ર શહાની સાથે સામાજીક રીવાજો મુજબ થયા હતાં. જીતેન્દ્ર શહાની તેના પિતા સસરા, માતા કૌશલ્યાદેવી, ભાઈ સત્યેન્દ્ર સાથે રહેતો હતો અને છુટક મજુરી કરીને ગુજરાન ચલાવતો હતો. પ્રિયંકા અને જીતેન્દ્રને દિકરો અને દિકરી છે. જીતેન્દ્ર બાદ સત્યેદ્રના પણ થોડા સમય પહેલા રીમા નામની યુવતી સાથે લગ્ન થયા હતાં.

બે દિવસ પહેલા પ્રિયંકા, જીતેન્દ્ર, નણંદ શાંતીદેવી તેમજ



દિયર સત્યેન્દ્ર સહિતના લોકો ઘરમાં હાજર હતા ત્યારે ઝઘડો થયો હતો. પ્રિયંકા અને જીતેન્દ્ર બપોરે એક વાગ્યાની આસપાસ છતના પતરાને કલર કરવા માટે ગયા હતા. બન્ને કલર કરીને નીચે જમવા માટે આવ્યા હતા. શાંતીદેવીએ સત્યેન્દ્રને ઠપકો આપ્યો હતો કે તું મોટાભાઈને કલર કરવામાં મદદ કેમ કરતો નથી. બહેનની વાત સાંભળીને સત્યેદ્ર ઉશ્કેરાયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. બંન્ને ભાઈ બહેન વચ્ચે બોલાચાલી થતાં સત્યેદ્ર રસોડામાંથી શાકભાજી કાપવાની છરી લઈને આવ્યો હતો.

શાંતીદેવીને બચાવવા માટે જીતેન્દ્ર વચ્ચે આવ્યો હતો અને સત્યેન્દ્રને રોક્યો હતો. સત્યેન્દ્રએ ધમકી આપતા જીતેન્દ્રને કહ્યું હતું કે, તું વચ્ચેથી સાઈડ થઈ જા નહી તો તને છરી મારી દઈશ. જોકે વચ્ચેથી નહી હટતા સત્યેન્દ્રએ તેના હાથમાં રહેલી છરી હુલાવી દીધી હતી. જીતેન્દ્રને પેટમાં તેમજ હાથમાં છરી વાગતા પ્રિયંકા સહિતના લોકોએ બુમાબુમ કરી હતી. આસપાસના લોકો ભેગા થઈ જતા સત્યેન્દ્ર ત્યાંથી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત જીતેન્દ્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

જીતેન્દ્રએ સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવવાની ના પાડી દેતા તે લોહીલુહાણ હાલતમાં ઘરે આવી ગયો હતો. જીતેન્દ્રને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યા તેની સારવાર કરીને રજા આપી દીધી હતી. ગઈકાલે જીતેન્દ્રને વધુ દુખાવો ઉપડતા તેને ધનવંતરી હોસ્પિટલમાં લઈ ગયા હતાં, જ્યા ટૂંકી સારવાર બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે આવી ગયા હતા જ્યા તેમને સત્યેદ્ર વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે.

ઉલ્લેખનીય છે કે 31 જાન્યુઆરીના રોજ જીતેન્દ્ર ઉપર તેના ભાઈએ સત્યેન્દ્રએ હુમલો કર્યો હતો. જેથી તેને સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતાં. સિવિલ હોસ્પિટલમાં એક્સ-રે અને સોનોગ્રાફી કરાયા બાદ જીતેન્દ્ર ડોક્ટરને કહ્યા વગર પોતાના ઘરે આવી ગયો હતો. આ બાદ અન્ય એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા જ્યા તેને ટુંકી સારવાર બાદ રજા આપી દીધી હતી. ગઈકાલે એકાએક જીતેન્દ્રની તબીયત ખરાબ થઈ હતી અને તેને ત્રીજી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યા તેનું મોત થયુ હતું.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599